

# અધ્યાત્મ

વર્ષ : ૮ જાન્યુ. ફેબ્રુ.–૧૯૮૭ અંક : ૪–૫

## * સદ્‌ભાભરી ભેટ *

પ. પૂ. ગુરુદેવ અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી અધ્યાત્મને સદ્‌ભાવભરી ભેટનો પ્રવાહ ચાલ્યા કરે છે. છેલ્લે મળેલ ભેટોની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂ.

૧૫ શ્રી હરસુખભાઇ ધનજીભાઇ તરફથી જન્મદિન નિમિત્તે.

૧૧ શ્રી વીણાબેન ઠાકોરભાઈ દેસાઇ, સુરત. યાત્રા પ્રવાસ સફળ થવાથી.

૨૫ શ્રી પદ્માવતીબેન ભીખુભાઈ દેસાઇ, દાદરાનગર હવેલી.

૧૦૦ એક સાધક ભાઇ તરફથી.

૧૫ સુરતની એક સાધિકાબેન તરફથી.

૧૧ શ્રી પદ્માબેન પી. ત્રિવેદી, ભાવનગર.

૫૧ શ્રી પ્રતાપભાઇ પી. ત્રિવેદી, પુત્ર દીપકના લગ્ન નિમિત્તે.

૫૦ શ્રી હરિભાઇ ભોજાણી, મોરબી. પૂ. માતાજીની પુણ્ય સ્મૃતિમાં.


૧૦૦ અમદાવાદના એક સાધકભાઈ તરફથી.

૨૧ શ્રી વિશ્વનાથ જે. દવે, મુંબઈ પુત્ર બકુલભાઇને ત્યાં પુત્ર જન્મ થવાથી.

૩૭૫ શ્રી ભગવાનજીભાઇ સીતારામ ભકત, અમેરિકા તરફથી.

૫૧ ચિ. ઉરેશાના જન્મદિન નિમિત્તે લક્ષ્મીબેન ભીખુભાઇ ભકત, (કપૂરા) હાલ અમેરિકા.

સહુનો આભાર. —તંત્રી



પ. પૂ. શ્રી યોગેશ્વરજી

## * સંતાઇને કરે છે શું *

સંતાઈને કરે છે શું
દોડી આવ મારે દ્વારે તું...

પાણીવ્રતથી પ્રસન્ન થા,
પૂર્ણરૂપે તું પ્રકટી જા. સંતાઇને

વાટ જોવામાં વરસ વીત્યું,
જીવનનું છે ધૈર્ય ઘટ્યું. સંતાઇને

અંખેરી દે સઘળી હતાશ,
સદ્ય ધરી દે નવલપ્રકાશ. સંતાઈને

કળી કાળે છે વ્રત આ કઠોર,
લોક કરે છે શોર બકોર. સંતાઇને

વ્રત ઉપવાસે સ્થિર કરી,
દર્શન દેજે દિવ્ય ધરી. સંતાઇને

—મા સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૮ અંક : ૪-૫ છૂટક નકલ ૩-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વરકથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| શીતકાળની એ અપૂર્વ યાત્રા | નારાયણ હ. જાની | ૧૨ |
| પૂ. માશ્રી સર્વેશ્વરીના ઉપવાસો | નારાયણ હ. જાની | ૧૭ |
| હરિનો દેશ | ડૉ. રણજિત પટેલ | ૨૪ |
| મારો પુણ્ય પ્રવાસ | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૨૫ |
| ભજન | ભરતભાઈ વિઠ્ઠલભાઇ ભક્ત | ૩૧ |
| પ્રાર્થનાનું સ્વરૂપ | કોઇ એક | ૩૨ |
| સાધનાના અવરોધો અને સદ્ગુરુ | પૂ. શ્રી રાજર્ષિ મુનિજી | ૩૩ |
| કરૂણા, બાહ્યત્યાગ | શ્રીમદ્ રાજચંદ્ર | ૩૯ |
| ઈશ્વર–માયા–જગત | ઈશ્વરભાઈ એમ. શાહ | ૪૧ |
| અહમ્ તો આડે આવ્યું | ડૉ. અશ્વિન ડી. પટેલ | ૪૬ |
| દીર્ઘ યાત્રા | પ્રાગજી ડોસા | ૫૨ |
| સ્વપ્નું સાકાર બન્યું | પ્રેરણા હરિશ્ચંદ્ર જાની | ૫૫ |
| માંગનો અભાવ–પ્રભુપ્રાપ્તિ | ભાઈલાલભાઈ છાટબાર | ૫૭ |
| પ્રાર્થના | કમલ સુથાર | ૬૦ |
| પ્રભુજીને | મધુરમ્ | ૬૩ |
| સાચા સંત | યોગભિક્ષુ | ૬૪ |
| વસ્તુનો ત્યાગ નિરંતર હોવો જોઇએ | મહેન્દ્રકુમાર દેસાઈ | ૬૫ |
| આપ્ત ઇશારા (૨) | મમતા ભાટીયા | ૬૯ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૭૭ |
| શ્રીકૃષ્ણ જગદ્ગુરુ શા માટે? | યોગેશ્વરજી | ૮૮ |




# શ્રી યોગેશ્વરકથામૃત

–મા સર્વેશ્વરી

[ શ્રી યોગેશ્વરકથામૃતનો આરંભ આ અંકથી કરવામાં આવે છે, તે સહુ વાંચકોને ગમશે. પ. પૂ. માશ્રી સર્વેશ્વરી-એ પૂ. શ્રીના દૈનિક જીવનની તેમજ પ્રશ્નોત્તરીની જે નોંધો રાખી છે, તેનું મૂલ્ય ઘણું મોટું છે ને આધ્યાત્મિક માર્ગ-ના પ્રવાસીને તેમાંથી ઘણી પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે એમ છે. એક મહાપુરુષનું આંતરિક જીવન કેવું હોય છે, તેનું દર્શન પણ એમાં સહજ રીતે થાય છે. -તંત્રી ]

[તા. ૧૧–૮–૧૯૮૦ સોમવાર શ્રાવણસુદ એકમ વિ. સં. ૨૦૩૬ સ્થળ : ૫૫, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા, શ્રી જીતુભાઈ ગાંધીના ઘરમાં.]

નિત્યકર્મ અને સાધનભજનમાંથી પૂ. શ્રી યોગેશ્વરજી નિવૃત્ત થઇ ગયા છે. રોજના નિયમ પ્રમાણે ૮–૩૦ વાગે દ્વાર ખૂલે છે. પૂ. શ્રીનો આ સમય દૂધ પીવાનો છે જેથી એ નિમિત્તે શ્રી જીતુભાઈ તથા તેમના પિતાજી શ્રી મગનભાઈ ગાંધી, કુંદનબેન, મનોજ દર્શન કરવા પધાર્યા છે. પૂ. શ્રી સોફા ઉપર બેઠા છે ત્યાં દૂધ મૂકવામાં આવે છે.

પૂ. શ્રી :–આજે શ્રાવણ માસ શરૂ થયો છે, મોરબી પાસે જડેશ્વર મહાદેવમાં રુદ્રાભિષેક, વિશેષ પૂજા ૧૨ વાગ્યા સુધી થાય છે. પછી જે આવે તેને સરસ મિષ્ટાન્ન ભોજન આપવાનો ક્રમ આખો શ્રાવણમાસ ચાલે છે. સોમનાથ, રફાળેશ્વર, ઘેલા સોમનાથ, કપડવંજ પાસે ઉત્કંઠેશ્વર મહાદેવનાં સ્થાન પણ સારાં છે.

શ્રી કુંદનબેન :–મહાત્માજી, અનુષ્ઠાન કરીએ તો રોજની

નિયમ પ્રમાણેની માળા એમાં ગણી શકાય ?

પૂ. શ્રી :–હા, દરરોજ જે માળા કરો તે અનુષ્ઠાનની સંખ્યામાં ગણી લેવાય તેમાં વાંધો નહીં.

શ્રીજીતુભાઈ :–જપ કરતાં કરતાં મંત્ર ઝડપથી ને અશુદ્ધ બોલાઈ જાય તો દોષ ખરો ?

પૂ. શ્રી :–હા, દોષ તો ખરો જ તો, ઉતાવળ કર્યા વિના ધીમેથી પણ શુદ્ધ રીતે બોલવાની ટેવ પાડવી

મેં પૂ. શ્રીને જણાવ્યું કે અહીં સત્સંગ માટે કોઇ કાર્યક્રમ જરૂરી છે.

પૂ. શ્રી :-વડોદરાના ભાવિક ભાઈબેનોનું જે મંડળ તૈયાર થયું છે તે તેમનો પ્રેમ અખંડ રહે અને તમારે ત્યાં સત્સંગનું વાતાવરણ રહે એ દૃષ્ટિએ અમે ગઇકાલે વિચાર્યું કે અહીં અઠવાડિયે એકવાર કાર્યક્રમ થાય જેમાં પ્રવચનની ટેપ, ભજન, પ્રાર્થના થઇ શકે એ નિમિત્તે બધા ભેગા થાય.

શ્રી જીતુભાઈ :–હા, એ તો મેં વિચાર્યું જ છે કે મહિનામાં એકવાર સૌને અહીં ભેગા કરવા.

પૂ. શ્રી મહિનામાં એકવાર નહીં, દર રવિવારે એ કાર્યક્રમ અહીં થાય. આજે એ વાત કરીશું.

શ્રી જીતુભાઇ :–એ રીતે આપ અમને માર્ગદર્શન આપતા રહો તો સારું. આટલી વાતચીત દરમ્યાન પૂ. શ્રીએ દૂધ લઇ લીધું. સૌએ પ્રણામ કર્યા. સૌ વિદાય થયા. પૂ. શ્રી પોતાના નિયમ મુજબના લેખન કાર્ય માટે તો બહારના ખુલ્લા ભાગમાં ગોઠવેલા પલંગ ઉપર પોતાના લખવાના કાગળો અને પેન લઇને આવીને બેસી ગયા. દશ વાગ્યા સુધી લેખનકાર્ય કર્યું. પછી આરામની ઇચ્છા થાય છે. કદાચ ટેવને લીધે હશે. હવે આરામનો સમય ઓછો કરવો જરૂરી છે. જો કે લેખનકાર્ય કર્યું એટલે સમાજનો રોટલો ખાવાનો આજનો અધિકાર



છે એમ માની શકાય. પૂ. શ્રી ૧૦-૧૫ વાગે આરામ માટે અંદર પલંગ ઉપર આવીને સુતા છે. આજની મારી આ નવી નોંધપોથીની નોંધ પૂ.શ્રીને મેં વંચાવી, માર્ગદર્શન મેળવ્યું. પૂ.શ્રી સુતાં સુતાં હાથમાં માળા ફેરવતા માનસિક જપ કરવા લાગે છે.

૧૧.૦૦ વાગ્યે દરરોજ પૂ.શ્રી ભાવિક ભક્તોને મુલાકાત આપે છે. એટલે બરાબર અગિયાર વાગ્યે બહાર ખુલ્લી જગ્યામાં ૧૨ થી ૧૩ ભક્તો આવી રહ્યા છે. વાર્તાલાપ શરૂ થયો છે. ૧૫ મી ઓગસ્ટના અમદાવાદમાં યોજેલ કાર્યક્રમ અંગેની વાતો શરૂ થાય છે. તે ચર્ચા આગળ વધતાં શંકરાચાર્યોની વાતો ચાલુ થઇ.

પૂ.શ્રી:–શંકરાચાર્યો મુખ્ય ચાર જ છે. શૃંગેરી, બદરીનાથ, દ્વારિકા અને જગન્નાથપુરીના. પણ હાલ જેમ સેમી ગર્વન્મેન્ટ થઈ છે તેમ ઘણા શંકરાચાર્યો વધી ગયા છે.

મા સર્વેશ્વરી:–એ બધા શંકરાચાર્યોની મુખ્ય પ્રવૃત્તિઓ કંઇ હોય છે ?

પૂ.શ્રી:–આદ્યશંકરાચાર્યે ચાર વિભાગો પાડીને ભારતીય સંસ્કૃતિનું રક્ષણ, પ્રચાર અને મતભેદ થાય તો શાસ્ત્રીય આધારે સમાધાન કરવાનું કાર્ય સોપ્યું હતું.

શ્રી હરીશભાઇ–મુખ્ય ચાર શંકરાચાર્યો ભેગા મળે ખરા ?

પૂ. શ્રી :–કુંભમેળામાં ભેગા થાય. બાકી તો પોતે પોતાના વિભાગોમાં કામ કરે, પણ હવે તેઓ પણ ખાસ પોતાના સ્થાનોમાં રહેતા નથી. શૃંગેરીના શંકરાચાર્ય પોતે સ્થાન છોડતા નથી. દ્વારિકાના શંકરાચાર્યે પાઠશાળા કરી છે. સેવાનું કાર્ય કરે છે. દક્ષિણ ભારતમાં શંકરાચાર્યો ધારે તો ઘણું કાર્ય કરી શકે. ત્યાં ગરીબી, પછાતપણુ ને પાદરીધર્મ સામે ઘણું કામ કરવાનું છે. આખા દેશમાં ખ્રિસ્તીઓ પોતાના

ધર્મોનો પ્રચાર કરી રહ્યા છે. ખ્રિસ્તીઓ આપણી જેમ યજ્ઞ-યાગ, દેખાવો નથી કરતા. તેઓતો નાના બાળકોથી શાળા-માંથી પ્રચાર શરૂ કરી દે છે. અમારા મસૂરીમાં કેટલી બધી કોન્વેન્ટ સ્કૂલો છે ! ત્યારબાદ ગુરુનાનક પબ્લીક સ્કૂલની વાતો કરે છે. મસૂરીમાં બે ગુરુદ્વારા છે. એકવાર મને પ્રવચન માટે આમંત્રણ મળ્યું તો હું અને ગુરુજી સિવાય બધાજ પંજાબીઓ હતા. લગભગ ચાર પાંચ હજાર શ્રોતાઓ હતા. પ્રવચનમાં ગુરુ નાનકદેવની વાતો કરી. પછી હાલમાં શીખોમાં રહેલા દૂષણોની વાતો કરી કહ્યું કે "તમારા બાળકો ખ્રિસ્તી શાળામાં જાય છે, તે દશ વરસ પછી તમારાં નહીં રહે. તમે તમારી રીતે શાળા શરૂ કરી શકો." એ રીતે શીખોની યોગ્ય અને અયોગ્ય બંને વાતો કરી વચ્ચે વચ્ચે 'ૐ સત્ શ્રી અકાલ, જો બોલે સો ન્યાલ 'ના નારા સાથે શ્રોતાઓએ વાત વધાવી લીધી ને એ પ્રવચનનો એવો પ્રભાવ પડ્યો કે ગુરુદ્વારાના ગ્રંથીએ (પૂજારી) ફૂલની માળા લઈને મને પહેરાવીને કહ્યું કે "આજ સાચા મહાનપુરુષ છે જે આપણને સાચી વાતો કહી શકે, જો આપણા બાળકોને ખ્રિસ્તીધર્મથી બચાવવા હશે તો શાળા કરવી જ જોઈએ. જો શાળા કરવામાં આવે તો ગુરુગ્રંથ સાહેબની સામે પ્રતિજ્ઞા લઉં છું કે જમીન અંગે જે કાંઈ જરૂરી મદદ જોઇશે તે હું આપીશ." કેટલી સરસ વાતો થઇ ! અને એ રીતે ગુરુનાનક પબ્લીક સ્કૂલ શરૂ કરવાનું વિચાર્યું અને એ શાળા શરૂ થઇ પણ ખરી. હું ત્યાં જઇ પણ આવ્યો. ઈશ્વરે મને કેવા સ્થાનમાં મૂકયો ને કેવા કેવા કામોમાં નિમિત્ત બનાવ્યો એનો ખ્યાલ તમને સૌને અહીં બેઠા બેઠા ન આવે. ત્યારબાદ હરીશભાઈએ પૂ. શ્રીની આજ્ઞાથી મસૂરીના રામા હોટલના પૂ.શ્રીના નિવાસની અને પોતાને મસૂરીમાં મળેલા પૂ.શ્રીના સંત્સગની વાતો



કરી. બેઠક પૂરી થઇ. પ્રસાદ લઈ સૌ ભાઈબેન છૂટાં પડ્યાં.

સાંજનો સમય છે. વર્ષાઋતુ હોવા છતાં આજે વરસાદ નથી. પોતાની હંમેશની ટેવ મુજબ સાંજે ૬ થી ૬-૩૦ પૂ.શ્રી બહાર લોબીમાં આંટા મારી રહ્યા છે. હાથમાં એમની પ્રિય માળા ફરી રહી છે. બે દિવસ પહેલાંજ પૂ.શ્રીએ વિચાર્યું છે કે ઈશ્વરે ભયંકર માંદગી પછી નવજીવન આપ્યું છે તો વધુને વધુ જપ, તપ કરી લઇએ.

માંદગીના બિછાનેથી પૂ.શ્રીએ ધોતીયાને બદલે સાદો સફેદ ખાદીનો મોટો ટુકડો જ પહેરવાનું પસંદ કર્યું છે. ખાદી તો તેઓશ્રી ૧૯૪૨થી પહેરે છે, સફેદ ઉપર ઓઢવાનો ટૂકડો વ્યવસ્થિત ઓઢીને પૂ.શ્રી ખૂબ ઊંડા ચિંતનમાં મગ્ન બની ગંભીરતાથી આંટા મારી રહ્યા છે.

સાડા છ વાગ્યા એટલે પૂ.શ્રી મોટારૂમમાં જ્યાં દરરોજ ભકતોને સત્સંગનો આનંદ આપે છે ત્યાં આવી ગયા. નીચે ખબર આપવાની સૂચના કરી જેથી સૌ ભકતો વારાફરતી આવીને પ્રણામ કરી પોતપોતાની જગ્યા લે છે. આજે વડોદરા ધ્યાન કેન્દ્રના યુવાન શ્રદ્ધાળુ સંચાલક જેઓ હમણાંજ લેકચરર તરીકે જોડાયા છે તે શ્રી રાજુભાઇ હાથમાં થોડા છપાયેલા કાગળો લઈને આવે છે. પૂ.શ્રીને બતાવે છે. એના અનુસંધાનમાં પૂ.શ્રી કહે છે. ૨૦ વરસ ઉપર એક બાળગીતા પણ લખી છે. વળી પોતાના રશ્મિ અને અપ્રસિદ્ધ એવો બાળગીતોનો સંગ્રહ બિન્દુની પણ વાતો થાય છે. ભકતો આવતા જાય છે. ત્યાંજ પૂ.શ્રી કહે છે "હવે શું કરીશું !" અને પોતે જ જવાબ આપે છે "એક ભજન ગાઓ" એટલે અમારા સેવાભાવી યજમાન શ્રી જીતુભાઈ ગાંધીની છોકરી કલ્પુ ભજન ગાય છે. સરસ ગાયું એટલે પૂ.શ્રીએ બીજુ ભજન પણ ગવડાવ્યું.

ભજન પૂરું થતાં જ પૂ.શ્રીને કપૂરાથી આવેલો શ્રી ઈશ્વરભાઈનો પત્ર યાદ આવે છે. તે મંગાવે છે ને શ્રી રાજુભાઈને વાંચવાનું કહે છે. રાજુભાઈ એ પત્ર વાંચી સંભળાવે છે. કપૂરાના નવા ધ્યાન કેન્દ્રની પાંત્રીશ જેટલી હાજરીની અને શ્રી ઈશ્વરભાઈની પ્રશંસનીય વાતો પૂ.શ્રી ભકતોને કહે છે. ત્યારબાદ શ્રી હરીશભાઈ કોન્ટ્રાકટર જેઓ હાલ વડોદરામાં નોકરી કરે છે, તેમની પાસેથી સવારે વાતો સાંભળેલી તે પૂ.શ્રીને યાદ આવે છે. પૂ.શ્રી કહે છે બીજા કોણ મસૂરી ગયા છે? જે ગયા હોય તે ત્યાંની વાતો કરે. એથી શ્રી રાજુભાઈ મસૂરીમાં પૂ.શ્રીને મળવા ગયા ત્યારની વિગતવાર વાતો કરે છે. ત્યારબાદ વડોદરાના સરદાર હોલના બીજા ધ્યાન કેન્દ્રના સંચાલક શ્રી વિનુભાઈ અમીનને ધ્યાન કેન્દ્રની વાતો કરવાની પૂ.શ્રી આજ્ઞા કરે છે. શ્રી વિનુભાઈએ ધ્યાન-કેન્દ્રની વાતો કરી જેમાં ધ્યાનકેન્દ્રમાં સાધકોની સામે સંતનો ફોટો મૂકવામાં આવે છે તે કોઇકને અયોગ્ય લાગ્યો હોય એવી વાતો પણ કરે છે. શ્રી વિનુભાઈનો વાર્તાલાપ પૂરો થતાં પૂ.શ્રી ફોટા અંગેની સ્પષ્ટતા અને અભિપ્રાય આપતી વાતો શરૂ કરે છે.

પૂ.શ્રી : આપણા જ્યાં જ્યાં ધ્યાનકેન્દ્રો ચાલે છે ત્યાં ત્યાં સંચાલકો પોતેજ પોતાની રીતે ગુરુ માનીને જે તે યોગ્ય ફોટાઓ મૂકે છે. એ પસંદગી કે સલાહ કે સૂચના ગુરુની નથી હોતી. એ કેન્દ્રો સંચાલકો ચલાવે છે. ગુરુ ચલાવતા નથી, અને કોઇપણ સાધક કોઈના પણ પવિત્ર પ્રતીકથી આગળ વધી શકે છે. કોઇપણ સંત મહાત્માના ફોટા હોય પણ સૌની સામે પૂજ્યભાવથી સન્માનની દૃષ્ટિએ જોવું જોઇએ. અહીં વડોદરામાં જ યવતેશ્વર કમ્પાઉન્ડમાં મારાં પ્રવચનો ચાલતાં હતાં, ત્યારે મંચ ઉપર કોઇના ફોટાઓની જરૂર ન હતી. છતાં પ્રવચનના આયોજકે પોતાના ગુરુદેવ મહર્ષિ અરવિંદ અને માતાજીના ફોટા મંચ ઉપર મૂકયા હતા. મને ઘણાં ભકતોએ કહ્યું, "યોગેશ્વરજી, પ્રવચન તમારાં ચાલે ને મંચ ઉપર શ્રી અરવિંદ અને માતાજીના ફોટા શા માટે?" મેં કહ્યું, "એ પણ મહાપુરુષો છે. પૂજ્ય પુરુષો છે. ભલે એ ફોટા આયોજકોએ મૂકયા હોય આપણે કટ્ટરતાથી નહીં પણ સન્માનની ભાવનાથી જોવું જોઇએ. આવી ઉદારદૃષ્ટિ કેળવવી જરૂરી છે."



સૌ શાંતિથી પૂ.શ્રીની વાતો સાંભળતા હતા. વાતાવરણમાં ખૂબ શાંતિ હતી. પૂ.શ્રીએ કહ્યુ "કોઈને કંઈ પ્રશ્ન પૂછવા હોય તો પૂછો" સૌ શાંત હતાં. મને થયું કોઈક પ્રશ્ન તો પૂછાવો જ જોઇએ તોજ આ મહાપુરુષના જ્ઞાનના દિવ્ય-ખજાનામાંથી અમૂલ્ય રત્નો મળશે.

મા સર્વેશ્વરી:-એક મહાપુરુષ પાસે એક સાધક પોતાનાથી વ્યસન છૂટતું નથી તો શું કરવું એ પૂછે છે તો તે મહાપુરુષ તે વ્યસનને જાતે સ્વીકારી પૂરેપૂરા વ્યસની બની પછી તરત તે વ્યસન છોડી બતાવે છે. તો મને પ્રશ્ન એ થાય છે કે કોઇને પણ વ્યસન છોડાવવું હોય તો આ રીતે યોગ્ય છે?

પૂ. શ્રી:-એ રીત સારી નથી. આપણે એવું નહિ કરવાનું. એમતો કોઇને ચોરીના કે વ્યભિચારના વ્યસનમાંથી છોડાવવા આપણે ચોરી કે વ્યભિચાર કરવા જેવી વાત છે. અહીં આ રીત મહાપુરુષની છે. અપવાદરૂપ ગણી શકાય.

એક બેનઃ—સતત નામસ્મરણ માટે શું કરવું અને લેખીત જપથી ફાયદો થાય ખરો?

પૂ. શ્રી:—સતત નામસ્મરણની ટેવ પાડો. હાલતાં, ચાલતાં, ખાતાં, ઉઠતાં, બેસતાં દરેક ક્રિયા વખતે નામજપની ટેવ પાડો. લેખિત જપ શરૂઆતમાં મદદરૂપ થાય. જપ કરતાં

કરતાં શાંતિથી બેસવાની ટેવ પાડો.

એક બેનઃ-રાધા અને મીરાં બંનેમાં કૃષ્ણભક્તિ કોની ઉત્તમ ગણાય ?

પૂ. શ્રીઃ- બંનેની ભક્તિમાં તફાવત દેખાય છે. રાધાનો માધુર્યભાવ. સૂફીવાદના કવિઓ ઉમરખયામ, કાન્ત, મણિલાલ નભુભાઇ પ્રભુને પ્રિયતમાના ભાવે જુએ છે. એ પ્રિયતમાના ભાવમાં શરીર સુખની લાલસા નથી હોતી. આત્મસુખ હોય છે. મીરાં કંઈ માધુર્યભાવે ભજતી હોય એવું જણાતું નથી. દાસીભાવ પણ એમાં જણાય છે. એમતો બંનેની પોતપોતાની રીતે ઉત્તમ ભક્તિ. પણ રાધા કૃષ્ણસાથે એકતાન થયેલી જણાઇ છે. કદાચ રાધા જ મીરાં બનીને આવી હોય. મીરાં પાછળ જેમ સાહિત્યનો આધાર છે તેમ રાધા પાછળ કોઈ સાહિત્ય નથી. લોકકથાના આધારે જ રાધા લોકોના હૃદયમાં જીવે છે. એટલે રાધાનો પ્રેમ પ્રબળ હશે. બંનેનો પોતપોતાની રીતે કૃષ્ણપ્રેમ ઉત્કટ છે.

કુંદનબેનઃ-કૃષ્ણ સાથે રાધાનું નામ શા માટે લેવાય છે ?

પૂ. શ્રીઃ-રાધાએ કૃષ્ણને સર્વસમર્પણ કર્યું. કૃષ્ણની સાથે રાધાનું નામ લોકોના મુખે અને શાસ્ત્રના આધાર વિના મંદિરોમાં મૂર્તિમાં પણ ચાલ્યું આવે છે. એટલે એ નામ સૌ સહજ રીતે સ્વીકારતાં આવ્યાં. સીતાનો કે શબરીનો કે અહલ્યાનો રામ ઉપરનો પ્રેમ કેવો ? છતાં રામ સાથે સીતાનું જ નામ લોકો લે છે. સીતારામ નહીં કે શબરીરામ, અહલ્યારામ એ જ રીતે મીરાંનો પ્રેમ ઉત્કટ હોય તો પણ મીરાંકૃષ્ણ ને બદલે રાધાકૃષ્ણ જ બોલાય છે. પ્રેમ અન્યનો ઘણો હોય પણ નામ બદલાયું નહીં.

હવે કૃષ્ણ સાથે રાધાને બદલે મીરાંનું નામ તમારે મૂકવું હોયતો, બોલી શકાય પણ વાર લાગે, હવે તો કદાચ રાધાને



કૃષ્ણ ઉપર અથવા કૃષ્ણને રાધા ઉપર અથવા લોકોને વૈરાગ્ય આવી જાય તો બને. અથવા કોઈક કહે કે 'ભાઈ, મને સ્વપ્નમાં કૃષ્ણ આવીને કહી ગયા કે હવે મારી સાથે જે રાધા છે તે જૂની થઇ ગઈ. મારે તો મધ્યયુગની રણચંડી જેવી કોઇ સ્ત્રી જોઇએ, તો મીરાંને લાવો. પણ એ બધુ ધીમે ધીમે થાય. રાજકારણમાં જેમ ધીરે ધીરે મન પસંદને બેસાડાય એ રીતે.'

આ પ્રત્યુત્તરથી ભકતોમાં હસાહસ થઈ ગઈ. પૂ. શ્રીના આનંદસ્વરૂપનાં દર્શન થયાં. જ્ઞાન સાથે ગમ્મત કરવાની કુશળતા પૂ. શ્રીમાં છૂપાયેલી છે તેથી જ ભકતોને એક વિશેષ પ્રકારનું આકર્ષણ રહે છે. કોઈના પણ ગમે તેવા પ્રશ્નોનો તરત જ સચોટ સમજપૂર્વકનો સામેની વ્યક્તિને હૃદય સોંસરો ઉતરી જાય એવા જવાબ આપવાની અલૌકિક કળાને લીધે જ્ઞાનીઓ વિદ્યાર્થીઓ સૌ કોઇને પૂ. શ્રી પ્રિય બની રહ્યા છે. એવું મને તો લાગે જ છે.

આખો ઓરડો ભરાઈ ગયો છે. પૂ. શ્રીને શ્રમ ન પડે તેથી માઇકની વ્યવસ્થા છે. બાળકો, યુવાનો, વૃદ્ધો સપ્રમાણ છે. સૌને પૂ. શ્રી પાસેથી કંઇક ને કંઇક મળ્યા કરે છે.

આવી જ્ઞાનચર્ચા કરતાં કરતાં આઠ વાગી પણ ગયા. પૂ. શ્રીએ સૂચન કર્યું કે શ્રી રામકૃષ્ણદેવની સ્તુતી કરો એ મુજબ પ્રાર્થના પછી પ્રસાદ લઇને પ્રણામ કરીને સૌ છૂટા પડયાં.

આજે સવારે પૂ. શ્રીને પ્રિય એવું ભોજન ખીચડી લીધી હતી. વળી, સાંજે ફળદૂધ જ લેવાની ઇચ્છા હોવાથી કેળાં ને દૂધ લઇને પૂ. શ્રી પોતાની પથારી પોતે જ સરખી કરવા મંડી ગયા. આપણું કામ આપણાથી જાતે થાય ત્યાં સુધી કરી જ લેવું', એ સિદ્ધાંત અનુસાર પૂ. શ્રી પોતાનું કામ જાતે જ કરી લેવામાં માને છે. (ક્રમશઃ)

# શીતકાળની એ અપૂર્વયાત્રા

નારાયણ હ. જાની

વડોદરામાં પૂ. મા શ્રી સર્વેશ્વરીએ જાહેરાત કરી કે તા. ૨૫ ડિસેમ્બરે જેઓને આવવું હોય તે હરદ્વાર આવી શકે છે, ત્યારે કલ્પના ન હતી કે અમે પૂ. માની એ પુણ્ય યાત્રામાં જોડાઇ શકીશું. વળી તે વખતે ખ્યાલ પણ કયાંથી આવે કે આ દિવસોમાં હિમવર્ષાનું પ્રચંડ મોજુ સમગ્ર ઉત્તર ભારતમાં ફળી વળશે ?

એટલે અમે જ્યારે પૂ. માની આ યાત્રામાં જોડાવાનો નિર્ણય કર્યો ત્યારે છેક ગુજરાત સુધી ઠંડીનું તીવ્ર મોજુ ફરી વળેલું. એથી અમારા પરિચિતો ને સંબંધીઓ કહેતા કે "આવી ઠંડીમાં તે હરદ્વાર જવાય ? કેટકેટલી ઠંડી હશે ત્યાં ! ઠરી જશો ને માંદા પડશો. થોડા દિવસ પછી જવાનું રાખો તો સારૂં."

એમની એ વાત સાચી હતી. પરંતુ અમે અમારી ઇચ્છા ને યોજના પ્રમાણે શ્રી ગંગામાતાના દર્શને ને સ્નાને નહોતાં જવાનાં. અમારું જવાનું પૂ. મા ના એક અતિ કઠોર તપના ભાગરૂપ હતું.

અમારાં પત્નીને મનમાં એક ભાવ થયેલો કે પૂ. મા આટલું બધું કઠોર તપ કરે અને જ્યારે તેની પૂર્ણાહુતિ પવિત્ર ગંગાકિનારે હરદ્વારમાં કરે, ત્યારે આપણે જવું જોઈએ. ઠંડી તો છે, પરંતુ આટલા ઉપવાસોવાળાં પૂ. મા એ સહન કરશે, તો આપણને શું થવાનું છે ?

એમના આવા ભાવને લીધે જ અમે જવાનો સંકલ્પ



દૃઢ કરી શકેલા. અને એ ભાવનું ફળ પણ પ્રભુ કેવું આપે તેની પ્રતીતિ તો અમને ત્યાં ગયાં કેડે થઇ. પૂ. માએ પોતાના વ્રતની પૂર્ણાહુતિ ગંગાકિનારે ગંગામૈયાના ષોડશોપચાર પૂજનથી કરવા વિચાર્યું અને એમાં પૂજનમાં અમને પૂ. માએ બેસાડ્યાં. મારાં પત્નીનો આ ભાવ કેવી અદ્ભુત રીતે ફળ્યો, તે જોઇને અમને આનંદ થયો. ભક્તિમાં ભાવ જ પ્રધાન છે, એની પ્રતીતિ પ્રભુએ અમને કરાવી.

વળી પૂ. માને અમારી ઉપસ્થિતિ ગમતી અને એમને એક પ્રકારની માનસિક શાંતિ રહેતી. એટલે નક્કી કરીને પૂ. માને અમારા જોડાવાની જાણ કરી, તો ખરેખર એમનો ખૂબ ભાવપૂર્ણ પ્રત્યુત્તર પણ પૂ. માએ પાઠવ્યો. સૂચના પણ આપી કે "ઠંડી ઘણી છે, એટલે પૂરતાં ગરમ કપડાં લેજો. અમે પણ લઇશું. ઠંડી કંઈ પક્ષપાત કરતી નથી, અમનેય લાગશે."

અમારું રીઝરવેશન રાજકોટથી હરદ્વારનું હતું. પણ તે તા ૨૦/૧૨ નું હતું. અમારાં પત્ની અને શ્રી ચંપાબેન અમારી સાથે હતાં. ચંપાબેનની હિમાલય યાત્રા જીવનની પ્રથમ યાત્રા હતી. તેઓ ખૂબ ભાવિક છે. એમને મન જીવનનો આ અકલ્પ્ય લ્હાવો હતો.

અમને થતું કે પ્રવાસમાં એકલા છીએ કોઇ સાથે હોત તો સારૂં. પ્રભુકૃપાથી એ સથવારો પણ મળી ગયો. અને તે પણ પૂ. મા પ્રભુના અનન્ય પ્રેમી ભક્ત શ્રી કલોલાભાઇ ને તેમનાં ધર્મપત્ની તથા બીજા દશ ભાવિક ભાઇબહેનોનો. રાજકોટથી તા. ૨૨/૧૨ની મધ્યરાત્રિએ ગાડીમાં બેઠાં ત્યારે ઠંડી ઘણી હતી. અમારો સૌથી મોટો પુત્ર એક સ્નેહીની ગાડી લઇને મૂકવા આવ્યો હતો. આ વખતની અમારી યાત્રાની બધી વ્યવસ્થા એણે કરી હતી.

અમદાવાદથી તા. ૨૩/૧૨ ના રોજ સવારે પ્રસ્થાન કર્યું ત્યારે દિલ્હીથી હરદ્વાર જવાની સવારની દેહરાદૂન એક્સપ્રેસ બંધ છે, એનો ખ્યાલ ન હોતો. એટલે દિલ્હી ઉતર્યા ત્યારે અમારે હરદ્વાર હવે શી રીતે પહોંચવું એ પ્રશ્ન અમારે માટે હતો. ટ્રેઈન તો લોકલ હતી અને બાર કલાકે પહોંચાડતી એટલે અમે બસમાં જવા જ વિચાર્યું.

અમે બધાં બાર ભાઈબહેનો હતાં. પરંતુ અમારામાં કોઇને બસમાં શી રીતે જવાય તેનો પૂર્વ અનુભવ ન હતો. અમે અગાઉ એક વાર આ રીતે આવેલા એટલે આછો ખ્યાલ હતો.

બસમાં જવાના અમારા નિર્ણય પાછળ પૂ. ગુરુદેવની પ્રેરણા જ કામ કરી રહી હતી એનો ખ્યાલ તો અમને પાછળથી આવ્યો.

અમારી રેલ્વેની ટીકીટો પાછી આપી એનું રીફંડ મેળવતાં અમારા બે કલાક વીતી ગયા. એટલે અમે ઝડપથી કાશ્મીરી ગેટના સ્ટેન્ડે પહોંચ્યાં ત્યારે ઘડિયાળમાં પોણા અગિયાર થઈ ગયા હતા. ટાંગાઓમાંથી સામાન ઉતારી અમે થોડાં ભાઈબહેનો સાથે હરદ્વારના સ્ટેન્ડે આવ્યા તો બસ ઉભેલી જ હતી. અચાનક એ બસનો કંડકટર અમારી પાસે આવી પૂછવા લાગ્યો–"હરદ્વાર જવું હોય તો આ બસ ઉપડે છે. બેસી જાઓ."

મેં કહ્યું: અમે બાર જણ છીએ, એટલી જગ્યા હોય તો બેસીએ.

"એટલી જગા છે, તમે પાછળથી ચઢી બેસી જાઓ." એણે અમારે માટે પાંચદસ મિનિટ બસ વધારે રોકી અને અમે બધાં બેસી ગયાં ત્યારે જોયું તો અમારા પૂરતી બાર જગાઓ જ બસમાં ખાલી હતી. બસ તુરત જ ઉપડી. અમે પૂ. મા–પ્રભુની જય બોલાવી, કારણ કે આટલી જલ્દી અમે હરદ્વાર તરફ ઉપડી શકીશું એવી કોઇ કલ્પના ન હતી. પ્રભુ પોતાનું કામ કેવી સમયબદ્ધતાથી કરે છે, તેનો ખ્યાલ તો અમને તે વખતે કયાંથી આવે?



પૂ. મા રાજધાનીમાં આવવાનાં છે, એની અમને ખબર હતી. એટલે અમારી ઇચ્છા એ હતી કે અમે પૂ. માની પહેલાં હરદ્વાર પહોંચીએ તો સારૂં. બસ મળી જવાથી હવે અમે સાંજ પહેલાં પહોંચી શકીશું એની અમને નિરાંત હતી.

બસમાં છેક પાછલી સીટો ઉપર અમે બધાં હતાં એટલે બસની ગતિ વધતાં ને રસ્તાની સપાટીની નાની સરખી વિષમતાના આંચકા પાછળ લાગતા. એનું થોડું દુઃખ મને થયું. બેઠાં પછી થયું પણ ખરૂં કે થોડીવાર રોકાઈ બીજી બસમાં આવ્યા હોત તો સારૂં. પરંતુ છેવટે મનમાં સમાધાન કરી લીધું. પ્રભુએ સહજ રીતે ગોઠવ્યું તેમાં કંઈ મંગલ હશે. અને ખરેખર એ કેવું મંગલકારી હતું એની ખાત્રી પ્રભુએ ત્રણ કલાકની મુસાફરી પછી કરાવી.

પૂ. મા દિલ્હીથી ટેકસીમાં જ આવે એટલે અમારી બધાંની નજર પાછળ આવતી ટેકસીઓ તરફ સહજ રીતે જતી. મનમાં થતું પણ ખરૂં કે પૂ. માનો મેળાપ રસ્તામાં જ થઈ જાય તો કેવું સારૂં.

મુઝફરાબાદથી થોડા વિશ્રામ પછી અમારી બસ ઉપડી ત્યારે મારાં ધર્મપત્નિએ બારી પાસે બેઠક લીધી. તેમનો ભાવ એવો હતો કે કદાચ પૂ. માની ટેકસી નીકળે તો એમનું દર્શન બારીમાંથી સરળતાથી થઈ જાય.

અને ખરેખર બન્યું પણ એમ જ. એમને એ દર્શન પ્રાપ્ત થયું.

અમારા કલોલાભાઈ બસના ચઢવાના પગથિયા આગળ બેઠા હતા. એમની નજીક સીટ ઉપર શ્રી મહાલતાબેન હતાં. એમણે કહ્યું "હવે તો ઠંડી નહિ પણ ગરમી લાગે છે."

શ્રી કલોલાભાઇથી બોલાઇ ગયું "તો તો પૂ. મા અહીં ક્યાંક નજીકમાં જ હશે. તો જ ગરમી લાગે."

અને અમે રૂડકીથી અડધા કલાકના અંતરે હતાં ત્યાં જ પાછળ નજર કરતાં ખરેખર પૂ. માની ટેકસી અમારી બસ-ની પાછળ જ ચાલી રહી હતી. એ જોતાં જ અમને બધાંને ખૂબ આનંદ આનંદ થઇ ગયો. એ આનંદના આવેગમાં અમે જોરથી પૂ. મા-પ્રભુની જય બોલાવી. બસના બીજા ઉતારૂઓને અમારી આ અણધારી ચેષ્ટાથી નવાઇ લાગી. પણ અમારૂં ધ્યાન તો પૂ. માનું દર્શન કરવામાં લાગી ગયું હતું. એટલે આસપાસની પરિસ્થિતિનો ખ્યાલ અમને ન રહે એ સ્વાભાવિક હતું. અમારા મનના આનંદને અમે શી રીતે છૂપાવી શકીએ ?

હવે અમારૂં આજ બસમાં આવવાનું ને છેલ્લી પાછલી બેઠકો ઉપર બેસવાનું અમને સફળ લાગ્યું. એના પરિણામે અમારો થાક અને બસના આંચકા ક્યાંય વિસરાઈ ગયા. પ્રભુનો મનોમન ખૂબ ખૂબ આભાર માન્યો કે અમને આજ બસમાં પાછળ બેસાડ્યાં તો જ અમે પૂ. માનું દર્શન આટલી સરળતાથી પામી શક્યાં.

પૂ. માનાં દર્શન થતાં અમારા સહ પ્રવાસી શ્રી સુખલાલ-ભાઇનો પૂ. માનાં દર્શન કરીને પાણી પીવાનો સંકલ્પ આમ અણધારી રીતે માર્ગમાં જ પ્રભુએ પૂરો કરાવ્યો. એમણે મોરબીથી નીકળ્યા પછી પાણી પણ પીધું નહોતું. એટલે

( અનુસંધાન ૮૩ ઉપર )



એક હજારનો વિક્રમ આંક વટાવતા

# પૂ. માશ્રી સર્વેશ્વરીના ઉપવાસો

નારાયણભાઈ જાની

પૂ. માશ્રી સર્વેશ્વરીના ઉપવાસો તા. ૧૩-૧૨-૮૬ ના રોજ એક હજારનો વિક્રમ આંક વટાવી ગયા છે. આ એક એવું વિરલ શારીરિક તપ છે, જેનો જોટો આજના કળિયુગ-માં ભાગ્યે જ જડે.

જૈન ધર્મમાં શારીરિક તપને-ખાસ કરી ઉપવાસોને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરંતુ કેવળ ઉપવાસો ખાતર ઉપવાસથી શારીરિક શુદ્ધિ થતી હશે એમાં ના નહિ, પરંતુ એનાથી આત્મિક સાધનાના માર્ગે કેટલી પ્રગતિ સાધી શકાય છે, તે કહેવું અઘરું છે, કારણ કે વ્યક્તિ વ્યક્તિએ એમાં ફેર પડવાનો. ઉપવાસ પાછળની માનસિક ભૂમિકા ને તે દ્વારા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય અલગ અલગ હોવાનાં. એટલે ઉપવાસોની બધી જ સાધનાઓને એક જ ત્રાજવે તોલી કે સરખાવી શકાય નહિ. દરેકનું મૂલ્યાંકન અલગ અલગ કરવું જોઇએ. તે સિવાય આપણે ઉપવાસી વ્યક્તિને પૂરો ન્યાય ન કરી શકીએ. વળી આવી સાધના કરનાર વ્યક્તિની સાધનાત્મક અવસ્થા સમજવાની ક્ષમતા બહુ ઓછામાં હોય એ સ્વાભાવિક છે.

પરંતુ પૂ. માના ઉપવાસો ઘણી બધી બાબતોમાં, ધાર્મિક પરંપરાઓમાં થતા ઉપવાસોના ઢાંચા કરતા જુદા પડે છે. એમની પાછળ એમની આત્મિક સાધનાની ઊંચી ભૂમિકા તો છે જ, સાથે સાથે એમનું લક્ષ્ય પણ સુસ્પષ્ટ છે. પૂ. શ્રી

યોગેશ્વરજીનું–કહો કે પ્રભુનું ગુરુસ્વરૂપે પ્રત્યક્ષ દર્શન. સ્પર્શન, વાતચીત, બધું જ પૂ. માને જોઈએ છે. એ એવું ઇચ્છે છે કે પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીને જે રીતે મા જગદંબા કોઈપણ ક્ષણે–યાદ કરતાં જે રીતે પ્રત્યક્ષ થતાં, પ્રગટ થતાં. એવું જ કંઈ પૂ. મા પૂ. ગુરુદેવના પ્રગટીકરણની અભીપ્સા રાખે છે, એ માટે મથે છે, તપે છે, પોકારો પાડે છે, અને જાતનું બલિદાન આપવા, સર્વસમર્પણ કરવા તત્પર થઈ બેઠાં છે.

આધ્યાત્મિક માર્ગના પ્રવાસીઓમાં કોઈ વિરલ જ આટલી કક્ષાએ પહોંચી શકે છે અને મથામણ કરતા સાધકોમાં પ્રભુની કૃપાથી કોઈ વિરલને એની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જેને તે પ્રાપ્ત થાય છે, તેનું જીવન ધન્ય બની જાય છે, કૃતકૃત્ય થઇ જાય છે. સમગ્ર સંસાર તેમના પ્રગટીકરણથી મહેંકી ઉઠે છે. નવજીવન પામે છે.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના લીલાસંવરણ પછી પૂ. માથી સહજ રીતે અન્નનો ત્યાગ થઈ ગયો. એથી પૂ. ગુરુદેવના ઘણા બધા અનુયાયીઓને ભારે દુઃખ ને ચિન્તા થતાં. એ દિવસોમાં અમારી પુત્રી જ્યોત્સ્નાને પૂ. ગુરુદેવે સ્વપ્નમાં કહ્યું, "પૂ માના ઉપવાસો અંગે ચિન્તા ન કરવી. એઓ એક હજાર ઉપવાસ કરશે. સાધનાનો સુંદર ઇતિહાસ સર્જશે."

મારી પુત્રીએ સ્વપ્નમાં સામી દલીલ કરતાં કહ્યું, "આપે તો વધુમાં વધુ એકસો એક દિવસના ઉપવાસો કરેલા, પરંતુ પૂ. માને એક હજાર કેમ?"

પૂ શ્રીએ કેવળ સ્મિત કર્યું ને તેઓ અદૃશ્ય થઇ ગયા. સ્વપ્ન પૂરું થયું.



તે દિવસોમાં અમારા કોઈની કલ્પના પણ નહિ, કે પૂ. માના આ ઉપવાસો એક હજાર દિવસ ઉપર લંબાશે! પૂ. મા આટલા બધા દિવસ ટકી શકશે એ એમની દૂબળી પાતળી કાયા આટલા લાંબા ઉપવાસોની ઝીંક ઝીલી શકશે કે કેમ, એ વિષે શંકા થતી. પરંતુ પ્રભુ જો પંગુને પહાડ ઓળંગાવી શકે તો દૂબળાં પાતળાં પૂ. માને હજાર દિવસના ઉપવાસો કરવાની શક્તિ શું ન આપી શકે? આપી શકે જ.

અને એમણે એ આપી જ. પૂ. માના ઉપવાસોના હજાર દિવસ તો ૧૩–૧૨–૮૬ ના રોજ પૂરા થઇ ગયા. અને એમાંય પૂ. માએ ગંગાકિનારા ઉપર સાડા ત્રણ માસ ઉપર કેવળ પાણી પરના ઉપવાસોનો સંકલ્પ કર્યો–૧૦૮ દિવસના પાણી પરના ઉપવાસોનો–તે તો ખૂબ જ કપરો કાળ ગણાય.

પૂ. મા નાળિયેરનું પાણી લેતાં. એમાં ઘણીવાર એવું બને કે ત્રણચાર નાળિયેર ફોડીએ ત્યારે એકાદનું પાણી ભાવે એવું નીકળે તો વળી એમાં પાણી જ થોડું હોય! પણ શું થાય? સાદું પાણી બીલકુલ ન લેવાનું એટલે જે થોડું નાળિયેરનું પાણી નીકળે તેનાથી, તો વળી કદીક પાણી વગર જ મા ચલાવી લેતાં. પૂ. માએ આ બધા દિવસોની કડીબદ્ધ નોંધ રાખી છે, જે ભવિષ્યના સાધકો માટેનો પ્રેરણાદાયી ઈતિહાસ બનશે.

સવા વર્ષ પહેલાંથી જ પૂ. માએ દૂધ, દહીં વગેરે જે થોડું પૂ. શ્રીની આજ્ઞા પ્રમાણે લેતાં, તેનો પણ ત્યાગ કરી દીધેલો.

આ ઉપવાસો દરમ્યાન પૂ. માનું શરીર દૂબળું પડયું છે, ઘણું બધુ દૂબળુ પડયું છે, પરંતુ એમનું મનોબળ અદ્‌ભુત

છે. ધ્યેયની સિદ્ધિ માટે મરી ફીટવાની પૂ. માની તમન્ના વિરલ છે. અધ્યાત્મ માર્ગના પ્રવાસીમાં જે મનોબળ અને ધીરજ જોઇએ, તે પૂ. મામાં સંપૂર્ણ દેખાય છે. પૂ. શ્રી યોગેશ્વરજીના સાધનાકાળના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય અમને મળ્યું છે, એટલે જોયું છે કે પૂર્ણ સિદ્ધિની પ્રાપ્તિ માટેનો દિન સાધનાની મથામણ સતત કરતા હોવા છતાં પણ, એ દિન માટેની આગાહી સંપૂર્ણ સત્ય ન ઠરતી, ત્યારે તેઓ કદી નિરાશ ન થતા. કહેતા કે પ્રભુ, હજુ વધુ તપ, શુદ્ધિ ને સમર્પણ માગે છે. એટલે બમણા ઉત્સાહથી એમાં લાગતા. એ વાતમાં એમને અચળ વિશ્વાસ હતો કે પ્રભુના દર્શન જેવા સર્વોત્તમ ધ્યેય માટે મથનારને પ્રભુ કદી નિરાશ કરતા નથી. એની ઉપર કૃપા વરસાવ્યા વિના રહેતા નથી. પછી ભલે એ દિન મોડો આવે.

પૂ. ગુરુદેવની ભૌતિક વિદાય પછી પૂ. માએ પ્રત્યક્ષરૂપે સાધનાપંથે દોરનાર કોઇ માનવ દેહધારી અન્ય કોઈ ગુરુનું શરણ લીધું નથી. તેઓને પૂ. શ્રીની પ્રેરણાઓ મળ્યાં કરે છે. જે અદ્ભુત છે. એજ પ્રેરણાઓ એમને આજે પ્રકાશના પંથે દોરી રહી છે. એ પ્રેરણાઓ કેવા સ્વરૂપે પૂ. મા પામે છે, તેનો ઘટસ્ફોટ આપણે પૂ. માના પોતાના સ્વમુખે હજુ જાણવાનો બાકી છે. એ જાણ થતાં અચળ શ્રદ્ધાના ઇતિહાસમાં એક નવા પ્રાણવાન પ્રકરણનો ઉમેરો થશે, એમાં શંકા નથી.

મુબઇમાં ‘ પ્રકાશ પંથકા યાત્રી ’ પુસ્તકના વિમોચન પ્રસંગે સ્વામી શ્રી અધ્યાત્માનંદજીએ પૂ. માના ઉપવાસના તપનો ઉલ્લેખ કરી કહેલું કે ભૌતિક વસ્તુની પ્રાપ્તિમાં ગણતરી હોય, તપમાં ન હોય. તો પછી વિચાર થાય કે એની



ગણના શી રીતે થાય ?

ભગવાન શ્રી મહાવીરના તપ અંગે ઉલ્લેખ આવે છે કે તેઓ સાડા બાર વર્ષ તપ્યા. કોઇક ને કોઇક સ્વરૂપે ગણતરી સિવાય મનુષ્યને ખ્યાલ શી રીતે આવવાનો ? એટલે આપણે એ ગણતરી, દિવસો, મહિના કે વર્ષમાં કરવી પડે, જેથી બીજાઓને એ તપની તીવ્રતાનો ખ્યાલ આવે. એ ગણત્રી આપણે માટે છે—જેઓ જમે છે ને ઉપવાસના તપને અતિ કઠણ ગણે છે. બાકી તપ કરનાર સ્વેચ્છાથી તપ કરતા હોઈ, એને આ ગણત્રીમાં રસ નથી હોતો, જેટલો પોતાના ધ્યેયની સિદ્ધિમાં હોય છે. એનો ભાર કે કષ્ટ પણ એને નથી લાગતાં. કારણ એનો દેહાધ્યાસ છૂટી ગયો છે. શરીર અને આત્માની ભિન્નતા એ અનુભવી ચૂકયાં હોય છે. છતાં શરીર પોતાના ધર્મો બજાવે છે. તેને પાણી વગરના ઉપવાસોમાં પીડા થાય તે સ્વાભાવિક છે. તેને પ્રેમપૂર્વક સહી લે છે એને પરિણામે પોતાનું વ્રત છોડી દેવા એ કદી વિચારતાં નથી. ઈશ્વરની મંગલમયતા અને પોતાના ગુરુમાં એમની જીવંત શ્રદ્ધા-આ બધું સહી લેવાની આત્મિક શકિત હંમેશ પૂરી પાડતાં રહે છે. આ ગુરુચાવી હાથ આવી જતાં, દુનિયાભરનાં કષ્ટો સહી લેવાની એની તૈયારી હોય છે. પૂ. માના ઉપવાસોમાં આ બધું પ્રત્યક્ષ નિહાળ્યું છે.

અમને ઘણા વાંચકો કહે છે કે પૂ. માના ઉપવાસોની નોંધ ગ્રિનીચ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં કરાવોને ! આટલા લાંબા ઉપવાસો કરવા છતાં પૂ. મા જે રીતે પોતાની સાધના કરે છે, પૂ. શ્રીની પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે, ને પરિભ્રમણ કરતાં રહે છે, એ માટેની શકિત એઓ કયાંથી મેળવે છે ? વિજ્ઞાન માટે આ આશ્ચર્યકારક શકિતના સ્રોતને શોધી

કાઢવાનું એક ચેલેન્જરૂપ કાર્ય છે. એટલે ભલે એની નોંધ આવા પુસ્તકમાં થતી.

વળી પૂ. માની આ તપશ્ચર્યાના પ્રત્યક્ષ સાક્ષીઓ અનેક છે, કારણ કે તેઓ જનસમાજની વચ્ચે વસીને પોતાની સાધના કરી રહ્યાં છે પરંતુ પૂ. મા કહે છે અમને પ્રસિદ્ધિની કોઈ આવશ્યકતા નથી. અમે થોડાં આવી નોંધો કરવા માટે તપીએ છીએ! એ તો અમારા પ્યારા પ્રભુના મિલન માટેની મથામણનો એક ભાગ છે. એ અમારું સાધન છે, સાધ્ય નથી.

એમની એ વાત સાચી છે. પૂ. મા આથી જ અખબારોના સંવાદદાતાઓથી દૂર રહે છે. તેઓ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની જેમ સહજતાથી થતા કાર્યમાં માને છે. ને તેને થવા દે છે. અમારું આ લખાણ પણ પૂ. મામાં શ્રદ્ધા ધરાવતાં હજારો સાધક ભાઇબહેનોની ચિંતા નિવારણ માટે કે જીજ્ઞાસાની પૂર્તિ માટે છે. એની પાછળ કોઈ લૌકિક આશય નથી.

પૂ. માની આ સાધના પ્રભુ સંમત છે એમ અમે કહીએ છીએ તેની પાછળ ખાસ કારણ છે. આપણે જોઇએ છીએ કે સામાન્ય રીતે માંદગી કે બીજા કશામાં આપણે લાંબા દિવસો સુધી ઉપવાસો કરીએ અથવા કરવા પાડે તો આપણી ઇન્દ્રિયોની શકિત ક્ષીણ થતી લાગે છે. આંખ, કાન, ને મન ઉપરાંત સ્મરણશકિત પણ કુંઠિત થતી લાગે છે. પરંતુ પૂ. માના આટલા લાંબા ઉપવાસોની વિશેષતા એ રહી છે કે એમની શારીરિક શક્તિ ભલે ઓછી થયેલી લાગે, પરંતુ પૂ. માની સ્મરણશકિત, તેમજ આંખ, કાનની કોઇ શકિતઓ સહેજ પણ નબળી પડી નથી. કેવું અજબ જેવું લાગે!



એટલે જ પ્રભુ આંતરિક રક્ષણ કરતા જણાય છે; એમ માનવું જ રહે.

આજની ક્ષણે અમારી ભાવના કે ચિન્તા જે ગણો તે-પૂ. માની તપશ્ચર્યાની સફળ પરિસમાપ્તિ છે. પ્રભુ એ મંગલ દિન ખૂબ જલ્દી લાવે એ જ પ્રાર્થના. હરિદ્વારના આ ઋષિકુળ સેવિત પવિત્ર ધામમાં બેસીને આ લખતાં લખતાં–અમે કહી રહ્યા છીએ પૂ. ગુરુદેવનો જય હો, પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જય હો; પતિત પાવની ગંગામૈયાનો જય હો!

### * ગ્રાહકોને *

ભારત સરકારે તા. ૧-૧-૮૭ થી રજીસ્ટર્ડ ન્યુઝપેપર ટપાલથી મોકલવાના દરોમાં બસો ટકાનો વધારો એક સાથે કર્યો છે. પરબીડીયાના દરોમાં પણ વધારો કર્યો છે. પરિણામે વર્ષે ચારેક હજાર કરતાં વધુ રૂપિયાનો બોજો અધ્યાત્મ ઉપર પડ્યો છે.

આ સંજોગોમાં, લવાજમના દર વધારવા પડે એવી પરિસ્થિતિ સર્જાઇ છે, પરંતુ હાલ પૂરતું જાહેરખબરના દરો તા. ૧-૧-૮૭ થી વધારવાનું ઠરાવ્યું છે. નવા દરો નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| ટાઇટલ પેજ ૨, ૩ | રૂા. ૪૦૦ |
| ટાઇટલ પેજ ૪ | રૂા. ૫૦૦ |
| અંદરનું આખું પાનું | રૂા. ૩૦૦ |
| ,, અડધું પાનું | રૂા. ૧૫૦ |
| ,, પા પાનું | રૂા. ૭૫ |

આ વધારો કરવા બદલ અમે દિલગીર છીએ. પણ આ સિવાય અમારે માટે બીજો વિકલ્પ નથી. –તંત્રી

## હરિનો દેશ

અમારે જોવો હરિનો દેશ,
દેશ દીઠા પછી જીવતરમાંના,
ભાવ અવર લવલેશ...અમારે...

સદ્ગુરુ અમને કયાં મળવાના ?
ભક્તિનો ભગવો વેશ,
મન-મણિધર કયારે મરવાના ?
કોણ બતાવે સ્વ-દેશ...અમારે....

વેશ ધરું કે કેશ વધારું ?
મમતા મારું અશેષ,
શાં શાં સાધન સજું, મનવાજી ?
પામવા બ્રહ્મવિશેષ...અમારે...

ડૉ. રણજીત પટેલ (અનામી)



# મારો પુણ્ય પ્રવાસ

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીજીના ૪૪ મા પ્રાગટ્યદિન નિમિત્તે વડોદરાના તા. ૧૩-૧૧-૮૬ તથા તા. ૧૪-૧૧-૮૬ ચાણોદ -કરનારી નર્મદા સ્નાન માટેના શ્રીયોગેશ્વર સત્સંગ મંડળ, વડોદરા તરફથી યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પરમ-કૃપાળુ પરમાત્માની ઇચ્છાથી બન્યું.

આ કાર્યક્રમનો લ્હાવો લૂંટવા તા. ૧૧-૧૧-૮૬ ના રોજ ભાવનગરથી સુપરફાસ્ટ ટ્રેઈન "ગિરનાર એકસપ્રેસ"માં રવાના થયો. અમદાવાદથી ગુજરાત એકસપ્રેસ દ્વારા આશરે ૯-૩૦ વાગે તા. ૧૨-૧૧-૮૬ નાં રોજ વડોદરા પહોંચ્યો. રેલ્વે સ્ટેશનેથી સીધો એસ. ટી. બસ સ્ટેશન પહોંચી ગયો.

કોઈ પણ કાર્ય પરમાત્માની ઇચ્છા વિના બનતું નથી. મારી ૩૧ વર્ષની રેલ્વે-સરવીસ દરમ્યાન ઘણા પાસ નકામા ગયા હશે. પરંતુ ઘણી જ ઇચ્છા હોવા છતાં પાવાગઢ જવાતું નહિ. મારી તે અભિપ્સા મા જગદંબાએ આ કાર્યક્રમ નિમિત્ત બનાવી પૂર્ણ કરી. આ જ રીતે ઘણાં વર્ષોની સંઘરી રાખેલી કામના પ્રથમવાર, ગયા વર્ષની નવરાત્રિ દરમ્યાન, મા ચામુંડાની કૃપાથી ચોટીલા જઈ પૂર્ણ કરેલ. ગયા વર્ષે મા ચામુંડાનો સાદ પડ્યો અને આ વર્ષ મા (કાલી) શ્યામાનો. તે રીતે એસ. ટી. દ્વારા પાવાગઢ પહોંચ્યો અને તળેટીથી બીજી બસ દ્વારા માંચી સુધી પ્રયાણ કર્યું. ચઢાણનાં વાંકા-ચુંકા રસ્તેથી પસાર થતી બસમાંથી દૃષ્ટિગોચર થતું પ્રાકૃતિક વાતાવરણ ઘણું જ આલ્હાદક હતું. માંચી પહોંચી સૂક્ષ્મા-

હાર કરી પર્વત ઉપર ચઢવાની શરૂઆત કરી. પાવાગઢ ઉપર ગિરનાર તથા શેત્રુંજીનાં ડુંગર જેવાં વ્યવસ્થિત પગથિયાં ન હોવાથી તે બન્નેની સરખામણીમાં ચઢાણ જરા અઘરું છે.

આશરે દોઢેક કલાકે મંદિરે પહોંચાયું. મા શ્યામાનાં (કાલી) દર્શન કરી કૃતાર્થ થયો. વળતાં ઉતરતી વખતે બપોરના અઢી જેવો સમય થએલ તેથી રોપ-વે ચાલુ થએલ. (૧૨ાા થી ૨ાા રોપ-વેનું પ્રયાણ બંધ રાખે છે.) તદ્દન નજીક રોપ-વે દ્વારા માથેથી પસાર થતી ડોલીમાં નાનાં ભૂલકાઓને બેઠેલાં જોઈ આનંદ થયો. અનાયાસે જ હાથ-ઉંચો થઈ ગયો. આવજો-આવજોની સંજ્ઞા કરી. ભૂલકાંઓએ પણ તેનો પ્રતિકાર કરી પોતાનો હર્ષ વ્યકત કર્યો.

માંચી પહોંચ્યો ત્યારે એક ખીચોખીસ બસ તળેટી જવા રવાના થઈ. તેથી બીજી બસ આવતા વાર લાગશે તથા આવી જ અસહ્ય ગર્દીથી બચવા ચાલીને તળેટી પહોંચી જવા પગ ઉપાડ્યા. રસ્તે બે યુવાનોને એક કેડી ઉપરથી જતા જોયા. મેં માની લીધું કે અહિંના જ જાણીતા હશે. પરંતુ ખૂબ જ લાંબા બસ રસ્તે તે જ સ્થળની નીચેથી પસાર થતાં મને જણાયું કે આટલો લાંબો બસ રસ્તો ચાલવો ન પડે તેથી તેઓએ ટૂંકી કેડીએ પ્રયાણ કરેલ. પછી તો મેં પણ તે રીતે બીજાનું અનુકરણ કરવાનું શરૂ કર્યું. મેં અનુભવ્યું કે આ રીતે ટૂંકી કેડીએ ઘણું અંતર કપાઈ જતું.

આ જ રીતે અન્ય કોઈ આગળ ન હોવા છતાં મેં એ પકડી. કેડીની આસપાસ ગીચ વનરાઈ ઝાડીમાં ઘણું ચાલવા છતાં કયાંય રસ્તાની પાકી સડક દૃષ્ટિગોચર ન થઈ ત્યારે મને સમજાઇ ગયું કે આ કેડી પકડવામાં મેં થાપ ખાધી છે. છતાં હું તે નિર્જન વનરાઇ વચ્ચે આગળ વધ્યો. લાંબા



સમય સુધી ચાલ્યા પછી એક-બે વખત પાછળ વળી જવાનો વિચાર પણ આવ્યો પરંતુ એટલું બધું ચાલી પાછા વળવું ઠીક ન લાગ્યું. પરંતુ લાંબા સમય સુધી ગીચ ઝાડી વચ્ચે કેડી રસ્તે ચાલવા છતાં કોઈ પાકો રસ્તો ન દેખાતાં, અને કેવળ એક હું જ પસાર થઈ રહ્યો હતો ત્યારે મને એવો વિચાર આવ્યો કે આ ઝાડીમાં આ જ પંથકનો કોઈ દુષ્ટ માણસ આવી જાય અને મને લૂંટી લઈ ઝાડીમાં કયાંય અદૃશ્ય થઇ જાય તો? આ ઝાડી એવી ગીચ હતી કે કદાચ કોઇ વ્યકિત કોઇનું ખૂન કરી નાખે તો પણ દિવસો સુધી કોઇને જાણ ન થાય. હિંસક વન-પશુનો પણ ભય હતો. આમ ને આમ સાંજ પડી જાય અને અંધારુ થઇ જાય તો? પૂછવું પણ કોને? કોઇ સામું તો મળતું જ નહિ. કોઇ સામું મળે તેવી શકયતા પણ નહોતી કારણકે આ એક અજાણ પહાડી કેડી હતી. આવા વિચારથી હું ગભરાવા લાગ્યો. એવું કહેવાય છે કે પાવાગઢના ડુંગરામાં વાઘની વસ્તી છે.

હું ખૂબ જ ગભરાટ સાથે મનોમન પ્રાર્થના કરવા લાગ્યો કે હે મા ચામુંડા! હે મા શ્યામા (કાલી)! તારા શરણે આવ્યો છું તો તું જ રક્ષા કરજે. અને પછી યોગેશ્વરાય નમઃ। યોગેશ્વરાય નમઃ। એવા મોટેથી ઉચ્ચાર સાથે ચાલવાનો ખૂબ જ વેગ વધારી દીધો. લગભગ દોડવા લાગ્યો. આ રીતે ઘણું ચાલ્યા પછી નીચે તળેટીના મકાન તથા એસ. ટી. સ્ટેશન દૃષ્ટિગોચર થયાં. ત્યારે થોડી નિરાંત થઈ કે હવે તળેટીની ખૂબ જ નજીક છું. તળેટી પાસે ઝાડીમાં એક પ્રૌઢ શ્યામ વર્ણની સ્ત્રી ઉભેલી. થોડે દૂર પાણી ભરેલો ગોળો હતો. મેં તેની પાસે જઈ 'મા, પાણી પાવને' એમ કહી પાણી માગ્યું. એ પ્રૌઢાએ મને કાંઇ પણ પૂછ્યા વગર પાણી આપ્યું. કેમ જાણે એ મારી જ રાહ જોઇને ઉભી હોય.

જલપાન કરી મેં તૃષા સંતોષી તેમ જ શાંતિ અનુભવી. મને વિચાર આવ્યો કે આપણે પ્રભુ-પરાયણ માર્ગનો સીધો, પાકો રસ્તો મૂકી, સાંસારિક વિટંબણારૂપી ઝાડીથી ભરપૂર આડી કેડીએ ચાલવા લાગીએ તો આમ જ જીવન લૂંટાઈ જવાનો ભય રહેલો છે. એમાં કોઇ જ શંકાને સ્થાન નથી. આ સમયે મને બીજો કોઈ વિચાર નહિ આવેલો.

'વડોદરા જવા માટે હાલોલ એસ. ટી. સ્ટેશનેથી વધુ સગવડ મળશે.' એવી પાવાગઢના એસ. ટી. સ્ટેશને સૂચના લખેલી હોવાથી એક બસ દ્વારા હાલોલ અને હાલોલથી વડોદરા પહોંચ્યો, ત્યારે આશરે સાંજના છ થએલ. તા. ૧૨ મી ની રાત્રિ વડોદરામાં રહેતી મારી બહેનને ત્યાં પસાર કરી સવારે સ્નાનાદિથી પરવારી તા. ૧૩ મી એ સવારે સાડા નવેક વાગે અરુણોદય ભુવન પહોંચી ગયો. તા. ૧૩ નાં કાર્યક્રમનો તથા તા. ૧૪ મી એ નર્મદા સ્નાનનો ખૂબ જ આનંદ લૂંટ્યો.

ખેડા જીલ્લાના નડિયાદની આસપાસના વિસ્તારમાં સંતરામજીના નામનો ખૂબ જ પ્રભાવ જોવા મળે છે. પ. પૂ. યોગેશ્વરજી તથા મા જ્યોતિર્મયી પણ સંતરામજી મંદિરે જતાં તેથી મને પણ તે જોવાની આકાંક્ષા હતી. તેથી નક્કી કરેલ કાર્યક્રમ મુજબ તા. ૧૫ મી એ સવારે વડોદરાથી "ગુજરાત ક્વીન"માં નડિયાદ ગયો. મંદિરમાં અનાજની ગુણોનો જથ્થો તથા અનાજ સાફ કરતી ઘણી બહેનોને જોતાં, જલારામબાપાના વીરપુર જેમ સંતરામજીનાં મંદિરનું મહત્ત્વ પણ સમજાયું. જગ્યામાં ઘણો મોટો ભાવિક વર્ગ દર્શને આવતો દૃષ્ટિગોચર થયો. મંદિરમાં એક-એક સંતના ફોટા નીચે સંતોને ઉદ્દેશીને લખેલી ભકત નરસિંહ મહેતાના



"વૈષ્ણવ જન તો તેને કહીએ" પદની પંક્તિઓ વાંચી ભાવવિભોર બની ગયો. હ્રદય ગદ્ગદિત થઇ ગયું. આંખોમાં અશ્રુ ભરાઇ આવ્યાં. કયાં એ ઉચ્ચ આદર્શો સાથે જીવન જીવતુ ભારત અને કયાં પૈસાને જ મહત્ત્વ ગણી બરબાદીના પંથે આગળ વધી રહેલું આજનું ભારત!

સંતરામજી મંદિરનાં દર્શન કરી એસ. ટી. દ્વારા પૂ શ્રી મોટા સ્થાપિત "હરિ ૐ" આશ્રમની મુલાકાત લીધી. આશ્રમ મુખ્ય રસ્તાથી થોડે દૂર ઉંડાણમાં શેઢી નદીના કિનારે આવેલો છે. આશ્રમનું વાતાવરણ ઘણું જ શાંત અને પ્રભાવશાળી છે. પૂ. મોટાએ વાવેલ એક વટવૃક્ષ આજ ૧૭૫ જેટલાં થડ સાથે ઉભું છે. ઉપરાંત પૂ. શ્રી મોટા નદી કિનારાના એક ઓરડામાં ખાટ ઉપર બેસતા તથા જ્યાં શયન કરતા તે સ્થાનો આશ્રમનું સંચાલન કરતા ભાવિક ભાઇ શ્રી બાબુભાઇએ દેખાડ્યાં. મેં પણ તે સ્થાનોને ભક્તિભાવ પૂર્વક મારું મસ્તક નમાવી પ્રણામ કર્યા. વળી પાછો એસ. ટી. દ્વારા નડિયાદ એસ. ટી. સ્ટેશને આવ્યો.

નડિયાદથી વળી એસ. ટી. બસ દ્વારા ખેડાથી આશરે આઠેક કિ. મિ. દૂર આવેલ "કૈલાસધામ" શ્રી શંકરાચાર્ય નગરનાં દર્શન કરવા ઉતર્યો. કૈલાસધામની સામે જ મોટા બધા હોજના રૂપમાં "માનસ સરોવર"નું આયોજન કરવામાં આવેલ છે. તે ઉપરાંત નાના મોટા છોડવા વાવેલા છે. સમય જતાં ત્યાં એક સુંદર બગીચો તથા વૃક્ષો ઉછરશે તેમ જણાય છે.

કૈલાસ ધામમાં ભારતનાં બારે-બાર જ્યોતિર્લિંગની પ્રતિકૃતિઓનાં દર્શન થાય છે. એક મોટા ખંડમાં શ્રી શંકરાચાર્યનાં જીવનને સ્પર્શતાં ચિત્રો સાથે પ્રસંગોનું વર્ણન

કરતાં લખાણો જોવા મળે છે.

રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આવેલ વિશાળ શિવલીંગની કૃતિ તથા બન્ને બાજુ મોટા હાથી "શ્રી શંકરાચાર્ય નગર"નું મુખ્ય આકર્ષણ છે. ત્યાંથી પસાર થતી બસના યાત્રીઓનું અનાયાસે પણ "કૈલાસધામ" તરફ ધ્યાન ખેંચાયા વગર રહેતું નથી. સમય જતાં "શંકરાચાર્ય નગર" ગુજરાતનું એક તીર્થધામ બની જશે તેમાં કોઇ સંદેહ નથી.

પ્રવાસ પૂરો કરી ભાવનગર પહોંચ્યા પછી રાત્રે સૂતાં સૂતાં એ અજાણ ઝાડીનો પ્રસંગ સ્મૃતિપટ પર તાજો થયો. મારા મનમાં અનેક તર્કવિતર્ક થવા લાગ્યા. મનમાં વિચાર આવવા લાગ્યા કે મને પાણી પાનાર એ શ્યામવર્ણની પ્રૌઢા, મારી આર્તનાદ સાંભળી દોડી આવેલ સાક્ષાત્ જગદંબા, મા કાલી તો નહિ હોય? એ જ સમયે થોડે દૂર ઉભેલ શ્યામવર્ણનો એક જુવાન કોણ હશે? શું કાલીની સાથે દોડી આવેલ કાળભૈરવ હશે? પૂ. શ્રી યોગેશ્વર હશે? કોણ હશે? શું મને હાથોહાથ પાણી પાનાર સાક્ષાત્ જગદંબા મારી સામે હાજરાહજૂર ઉભી હશે અને હું ઓળખી નહિ શકયો હોઉં?

માની લઉં છું કે કેવળ મારા મનનો આ તર્ક જ હોય. પરંતુ જીવનમાં એવા બનાવ બને છે કે કોઈ સંત તો શું પણ સાક્ષાત્ ભગવાન સામે આવી ઉભા રહે તો પણ ઘણીવાર માનવ તેને ઓળખી નથી શકતો.

આમ પૂજ્ય માના જન્મદિવસના પ્રસંગે યોજાયેલ કાર્યક્રમ સાથે પાવાગઢ, સંતરામમંદિર, હરિ ૐ આશ્રમ તથા કૈલાસધામ શ્રી શંકરાચાર્ય નગરનાં દર્શનનો પણ અનાયાસે લાભ મળ્યો. એ રીતે મારો આ પ્રવાસ "પુણ્ય પ્રવાસ" બની ગયો.



# ભજન

( રાગઃ- દિલકે અરમા )

આવ્યા તારા ધામમાં મા ભાવ ધરી
દર્શનિયાના દાન દે મા દયા કરી...આવ્યા...

મેલ મારા મનનો ધોઇ નાંખજો
જ્ઞાનનાં અજવાળાં મુજને આપજો (૨)
અરજી અમારી તમે સુણો જરી...આવ્યા...

રખડી રઝળતો સંસારમાં
નાવડી ડોલે છે ભર મઝધારામાં (૨)
ભવસિંધુ કેમ શકું હું તરી...આવ્યા...

સંબધો સઘળાં અહીં સ્વારથના
સૂકાનો ઝાલ્યા માડીના નામના (૨)
જો જે ના વાયરો જાયે ફરી...આવ્યા...

કાયાની માયા ઉતારી દઇને
મેણાં ને અપમાન સર્વે સહીને (૨)
ગુણલાં ગાતાં મા તારા પ્રેમ ભરી...આવ્યા...

તનમન સોંપ્યુ તારા હાથમાં
નામ તારું જપું શ્વાસો શ્વાસમાં (૨)
ઝંખના દર્શનની "ભરત" ને ખરી...આવ્યા...

ભરતભાઇ વિઠ્ઠલભાઇ ભક્ત

# પ્રાર્થનાનું સ્વરૂપ

કોઈ એક

પ્રાર્થના મનની વસ્તુ છે. એને માટે બાંધેલા કોઈ નિયમોની, વ્યાકરણના શુદ્ધ શબ્દોની, છંદો કે કવિતાની આવશ્યકતા નથી. પ્રાર્થના તો છે ખૂબ શ્રદ્ધા–વિશ્વાસ પૂર્વક આપણી પોતાની ભાષામાં મનની સાચી સ્થિતિ અનુસાર સહજ રીતે ભગવાન આગળ રજુ કરાય જાય એવું આત્મ-નિવેદન. જીવનમાં આવી પ્રાર્થનાઓ અનેકવાર થઈ છે, થતી રહે છે–કદીક શબ્દોમાં, કદીક મૂક ભાષામાં તો કદીક મનના સંકલ્પોમાં.

આવી પ્રાર્થના એ આપણે પોતે આપણા પ્રભુ સાથે કરેલી અંગત વાતચીત છે. એ કોઇ વિચારની કે તર્કની વસ્તુ નથી. એમાં કોઈ બનાવટ હોતી નથી. એ તો કેવળ મનમાં ઉઠતા ભાવોનો ઉચ્છવાસ છે; અને સમય પર મનની સ્થિતિ હોય તે પ્રમાણે પ્રકટ થતી રહે છે. એમાં સમયબદ્ધતા, નિયમિતતા કે પૂર્વાપરની એકતાનો કોઈ પ્રશ્ન જ નથી. એમાં જે સમયે જે રજુ થાય તે યથાર્થ જ છે. એ કોઇનાય જીવનમાં, સમસ્યાઓના સમાધાનમાં, કઠણાઇઓ દૂર કરવામાં તેમ જ જીવન લક્ષની પ્રાપ્તિના માર્ગમાં થોડી પણ માર્ગનિર્દેશક કે મદદગાર ભની શકે તો એક ખૂબ આનંદની વાત છે.



# સાધનાના અવરોધો અને સદ્‌ગુરુ

પૂ. શ્રી રાજર્ષિ મુનિજી

[ કાયાવરોહણ તીર્થના રચયિતા પ. પૂ. સ્વામીશ્રી કૃપાલ્વાનંદજીના પટશિષ્ય પૂ. શ્રી રાજર્ષિ મુનિજીના ગુરુપૂણિમાના મંગલ પ્રવચનમાંથી કેટલોક ભાગ અહીં આપવામાં આવ્યો છે. વાંચકોને તે ઉપયોગી બનશે ને ગમશે, એમ માનું છું.
—તંત્રી.]

જ્યાં સુધી માયાનો પ્રભાવ આપણી બુદ્ધિ પર પ્રબળતાપૂર્વક છવાઇ રહે છે, ત્યાં સુધી આપણને સાચો રાહ મળતો નથી. માયાના સ્વરૂપને ઓળખાવીને આપણને સન્માર્ગે વાળે તે સાચો ગુરુ. સાચા માનવગુરુ આટલું કાર્ય અવશ્ય કરી શકે. એટલે સાચા માનવગુરુનો સંપર્ક અને સત્સંગ આપણા માટે લાભદાયી છે. તેઓ આપણી બુદ્ધિમાં, મનમાં અને હૃદયમાં રહેલો કચરો સાફ કરીને તેમને નિર્મળ બનાવે છે. તે પછી આપણામાં સાચા ખોટાને યથાર્થ સમજવાનો વિવેક જન્મે છે. તેથી આપણે સન્માર્ગે આગેકૂચ કરવા કટિબદ્ધ બનીએ છીએ.

આપણાં શાસ્ત્રો કહે છે કે જો આપણામાં રહેલા મળ, વિક્ષેપ અને આવરણ દૂર થાય તો પરમાત્મા આપણી સમીપ જ જણાય છે. આપણો કચરો ત્યાગીને શુદ્ધ બનીએ એટલે ભગવાન આપણી સામે આવીને ઊભો રહે છે. અશુદ્ધિને કારણે જ આપણી અને એની વચ્ચે માયારૂપી પડદો અથવા અંતર રહેલું હોય છે. અશુદ્ધિ હટી કે માયાનો પડદો પણ હટી જવાનો, અંતર મટી જવાનું. પણ આ શુદ્ધિઓ

દૂર શી રીતે કરવી ? આ અંગેનું માર્ગદર્શન મેળવવા માટે જ સાચા ગુરુની પાસે જવાની આવશ્યકતા રહે છે.

## મળના પ્રકારો અને શુદ્ધિઓ

મળ બે પ્રકારના હોય છે : બાહ્ય અને આંતરિક. બાહ્ય મળ એટલે શરીર ઉપરનો મેલ દૂર કરવા આપણે રોજ સવારે નાહીએ છીએ. સાબુ ઘસી ઘસીને નાહીએ છીએ. છતાં જો એમ લાગે કે આમ બાથરૂમમાં નાહવાથી મેલ બરાબર જતો નથી તો વળી કોઇક તીર્થસ્થાનમાં જઈને પવિત્ર મનાતા કુંડમાં અથવા સરિતામાં સ્નાન કરી આવીએ છીએ. નર્મદામાં, જમુનામાં કે ગંગામાં સ્નાન કરી આવીએ છીએ ક્યારેક કુંભ મેળામાં પણ પવિત્ર સ્નાન કરી આવીએ છીએ એ રીતે બાહ્ય મળ તો દૂર કરીએ છીએ. પરંતુ આંતરિક મળની બરાબર શુદ્ધિ કરનારા ઓછા હોય છે. આપણે દરરોજ સામાન્ય શૌચકર્મ દ્વારા આંતરિક મળની શુદ્ધિ કરીએ છીએ. છતાં તે વિશુદ્ધિ પર્યાપ્ત પ્રમાણમાં થતી ન હોય તો ધીમે ધીમે આંતરિક મળ શરીરની અંદર જમા થતો જાય છે. જ્યારે તેનું પ્રમાણ વધી જાય ત્યારે આપણું આરોગ્ય બગડે છે. મોટે ભાગે ઔષધની સહાયથી આપણે જમા થયેલા મળને દૂર કરીએ છીએ. આમ શુદ્ધિ અશુદ્ધિનું ચક્કર વારાફરતી ચાલ્યાં કરે છે. કોઇ યોગી ગુરુ મળી જાય તો વળી આંતરિક મળ સાફ કરવા માટે આસનો, પ્રાણાયામો, ષટ્કર્મો વગેરે શીખવાડે છે. તેના અભ્યાસ દ્વારા આંતરિક શુદ્ધિ ઝડપથી અને સારા પ્રમાણમાં થાય છે.

## વિક્ષેપના પ્રકારો

વિક્ષેપ મનમાં પેદા થાય છે. વિક્ષેપો પણ બે પ્રકારના હોય છે. ખલેલ ( Disturbance ) અને ( Tension ). જે



વિક્ષેપ દ્વારા મનની પ્રક્ષોભ એકાગ્રતા કે શાંતિનો સીધો ભંગ થાય તેને ખલેલ કહેવામાં આવે છે. જે વિક્ષેપ સીધી રીતે હરકત નહીં પહોંચાડતાં આડી રીતે મનને ક્ષુબ્ધ બનાવે છે તેને પ્રક્ષોભ કહેવામાં આવે છે.

ખલેલ સીધો વિક્ષેપ હોવાથી મનને તરત જ અશાંત અને અસ્વસ્થ બનાવી મૂકે છે, પરંતુ તે મોટા ભાગે ટૂંકા સમય માટે હોય છે, પરંતુ પ્રક્ષોભ સીધી રીતે હરકત કર્તા ન હોવા છતાં, મનમાં ને મનમાં માનસિક ખેંચાણ કે વ્યગ્રતા પેદા કરનાર હોવાથી, લાંબા સમયની અસર જન્માવે છે, આ કારણે ખલેલ કરતાં પ્રક્ષોભ વધુ ખતરનાક મનાય છે. ખલેલ તો જેટલો સમય થાય તેટલા સમય પૂરતી જ વિક્ષેપ પેદા કરે, પરંતુ પ્રક્ષોભ તો લાંબા સમય સુધી સતત ચાલ્યા કરે તેથી વધારે વિક્ષેપ કરે.

## આવરણ હટાવવા શું કરવું જોઇએ ?

હવે રહી આવરણની વાત. આવરણ આપણી બુદ્ધિ પર છવાયેલું રહે છે. જેમ મળ શરીરમાં, વિક્ષેપ મનમાં તેમ આવરણ બુદ્ધિમાં રહે છે. માયા એ જ આવરણ છે. માયા કહો કે અજ્ઞાન કહો કે આવરણ કહો, બધું એક જ છે. આવરણ એટલે પડદો...ભગવાને પણ આપણી બુદ્ધિની બારી પર પડદો લગાવી દીધો છે. પોતે એ પડદાની પાછળ છૂપાઇને બેઠો છે જેથી આપણે તેને જોઇ નથી શકતા. છતાં પણ આપણને બધાંને એમ જ લાગ્યાં કરે છે કે હું મારી એ પડદાવાળી બુદ્ધિથી જ ભગવાનને શોધી કાઢીશ. શું આપણે આવરણયુક્ત સીમિત બુદ્ધિથી કદી પરમાત્માને શોધી શકવાના ? બુદ્ધિ આગળ જે માયારૂપી પડદો–આવરણ લટકે છે તે હટાવ્યા વિના પરમાત્મા શી રીતે દેખાય ? મને

પણ ચાલીસ વર્ષનો થયો ત્યાં સુધી એમ જ લાગતું હતું કે હું મારા બુદ્ધિબળથી પરમાત્માને શોધી કાઢીશ. મારામાં બુદ્ધિ તો ઠીક ઠીક હતી અને તેને ખૂબ ખૂબ કસી જોઇ. પણ પછી જણાયું કે ભગવાનને શોધવામાં એ બહુ કારગત નીવડે તેમ નથી. એટલું સમજાયું એટલે આવરણ થોડુંક હટ્યું. જે પડદાને ચાલીસ વર્ષ સુધી સાચવી રાખ્યો હતો તે હવે નિરર્થક જણાવાથી પૂરો હટાવવાની કોશિષ કરી. પડદો તો વહેલો મોડો દરેક વ્યક્તિએ હટાવવાનો જ છે. તેને સાચવી નથી રાખવાનો. પરંતુ તેને હટાવવાની સૂઝ સહેલાઇથી પડતી નથી અને તેનું કારણ પણ પડદો જ છે.

તો પછી એ આવરણને હટાવવું શી રીતે? આપણાં શાસ્ત્રો કહે છે કે એ માટે કોઈ અનુભવી સંતને ગુરુ કરવા જોઇએ, અને એમના માર્ગદર્શન પ્રમાણે વર્તવું જોઇએ. સ્વયં ભગવાન પણ જ્યારે આ પૃથ્વી પર અવતાર ધારણ કરે છે, ત્યારે શાસ્ત્રોની આજ્ઞાનુસાર કોઇને ગુરુ તરીકે સ્વીકારે છે. તેમની બુદ્ધિ પર આવરણ નથી હોતું, તેથી તેમને ગુરુની આવશ્યકતા નથી હોતી. તેમ છતાં જગતના લોકોને તેમની લીલાઓ દ્વારા સાચું માર્ગદર્શન પ્રાપ્ત થાય અને લોકો ખોટા પાઠ ન શીખે તે હેતુથી તેઓ શાસ્ત્રોક્ત નિયમો પ્રમાણે ભલે નામના જ પણ ગુરૂ તો કરે છે. આ હકીકત દર્શાવે છે કે તમામ માનવીઓ માટે ગુરુની આવશ્યકતા છે. અનુભવી ગુરુના માર્ગદર્શન વિના બુદ્ધિ પરનું આવરણ હટાવી શકાતું નથી અને આવરણ હટ્યા વિના પરમાત્માની પ્રાપ્તિ થઇ શકતી નથી.

આવરણ હટાવવા અર્થે આપણે જે વ્યકિતનું ગુરુ તરીકે માર્ગદર્શન લઇએ તેમણે પોતે આવરણ હટાવેલું હોવું જોઇએ.



નહીં તો આવરણયુક્ત ગુરુ આપણું આવરણ હટાવવા સમર્થ ન બની શકે. જો કે સંપૂર્ણ આવરણરહિત ભગવાન પોતે જ હોઈ શકે, અથવા યોગ સાધના દ્વારા સિદ્ધ બનેલા ગુરુઓ આવરણરહિત હોઇ શકે. બાકીના તમામ ગુરુઓમાં વધતી–ઓછી માત્રામાં અજ્ઞાનરૂપી આવરણ રહેલું હોય છે. એમ કહેવાય છે કે સ્વયં બ્રહ્માજી પણ આવરણમાંથી સંપૂર્ણપણે મુક્ત નથી. ભલે અત્યંત અલ્પ પ્રમાણમાં પણ તેમની બુદ્ધિ પર માયાનું આવરણ રહેલું છે. તેથી તેઓ પણ પરમાત્માના પરબ્રહ્મ સ્વરૂપને સંપૂર્ણપણે જાણી શકતા નથી...

માયાનું આવરણ હટાવવા અર્થે માયામાંથી મુક્ત બનેલા ગુરુનું માર્ગદર્શન મેળવવું જોઇએ. જેણે પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો હોય તે જ માયાથી સંપૂર્ણપણે મુક્ત બની શકે. એવા સાક્ષાત્કારી ગુરુને હમણાં જ શ્રી ગોરધનભાઇએ એમના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો હતો એવા બ્રહ્મનિષ્ઠ ગુરુ જ સાચું માર્ગદર્શન આપી શકે. બ્રહ્મનિષ્ઠ ગુરુનો આત્મા પ્રકૃતિ અને એનાં ચોવીસ તત્ત્વોના સંપર્કમાં રહેવા છતાં તે માયાથી બદ્ધ નથી. તે સદાય મુક્ત જ રહે છે. પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વો જેમાંથી સમગ્ર સૃષ્ટિનું સર્જન થયું તેની કોઇ ઉપાધિ બ્રહ્મનિષ્ઠ વ્યકિતને નડતી નથી. તેને તો જગતમાં સર્વત્ર માત્ર એક બ્રહ્મતત્ત્વજ વિલસતું જણાય છે. એને માયાના આભાસ દ્વારા પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વોનું બનેલું જગત જણાતું નથી. એને સઘળું બ્રહ્મમય જણાય છે. આવા બ્રહ્મનિષ્ઠ મહાપુરુષોને જ 'સિદ્ધ ગુરુ'ની સંજ્ઞા આપવામાં આવે છે.

જેઓ સિદ્ધ બની શકયા તે બધા જ ગુરુઓ સામાન્ય કક્ષાના કહેવાય. આપણે એને માનવ કક્ષાના ગુરુની કક્ષા આપી છે. તેમણે ખુદ હજી માયાનાં બંધનોમાંથી સંપૂર્ણ

મુક્તિ મેળવવાની બાકી હોય છે. અલબત્ત આવા માનવ ગુરુઓમાં પણ આધ્યાત્મિક પ્રગતિનું પ્રમાણ ઓછું હોય છે. જેઓ વધુ પ્રગતિ કરી શક્યા હોય છે તેમને માયાનું આકર્ષણ ઓછું હોય છે. તેઓને મોટા આશ્રમો, મોટરો, અસંખ્ય શિષ્યો, ખ્યાતિ, ઇત્યાદિનું આકર્ષણ થતું નથી, તેઓ પ્રવૃત્તિ અને પ્રચારથી દૂર રહી માત્ર નિવૃત્તિ સાથે એકાંતિક સાધનામાં જ રત રહે છે. પરંતુ જેમને હજી માયાનું આકર્ષણ વિશેષ હોય છે તેઓ બાહ્ય પ્રવૃત્તિઓ છોડી શકતા નથી. તેઓ પોતે માયાને છોડી શકતા નથી. પણ એવો ભાર લઇને ફરે છે કે "હું બધાંને માયાથી છોડાવી દઇશ." એ બધા ખૂબ પરોપકારી (!) ગુરુઓ છે કારણ કે એમને પોતાના કલ્યાણ કરતાં બીજાના કલ્યાણની વધુ ચિંતા (!) છે. જો કે આવી ચિંતા પાછળ ઊંડે ઊંડે તો પોતાની ખ્યાતિ વધારવાની ઇચ્છા જ કાર્યરત હોય છે. આવા ગુરુઓ પોતાની મહત્વાકાંક્ષાઓ સિદ્ધ કરવા લોકોને છેતરીને પોતાની જાળમાં ફસાવવા સિવાય કંઈ કરતા નથી. ભોળા લોકો પણ એટલું વિચારી નથી શકતા કે જે ખુદ માયામાં ફસાયેલો આંધળો છે, તે બીજાને સાચા રસ્તે કેવી રીતે દોરી જવાનો ?

(અપૂર્ણ)

જીવભાવે ભાવિ દુઃખોની નિવૃત્તિની ઇચ્છા કરવામાં વિરોધ નથી, પણ સાધકના હૃદયમાં તેવી ઇચ્છા નિરંતર આરૂઢ ન રહેવી જોઇએ.

*

એક જ ધ્યેયમાં વૃત્તિ રાખવાનો નિયમિત મુખ્ય અભ્યાસ કરવો વધારે ઉપકારક છે.



## કરૂણા

કલ્યાણના માર્ગને અને
પરમાર્થ સ્વરૂપને
યથાર્થ રીતે નહિ સમજનારા અજ્ઞાની જીવો,
પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી,
વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં
મોક્ષ પામવાને બદલે,
સંસાર પરિભ્રમણ કરતા જાણી
નિષ્કારણ કરુણાશીલ એવું
અમારૂં હૃદય રડે છે.

*

## બાહ્યત્યાગ

સત્સંગ થાય ત્યારે
માયા વેગળી રહે છે; અને
સત્સંગનો યોગ મટચો કે
પાછી તૈયાર ને તૈયાર ઊભી છે.
માટે બાહ્ય ઉપાધિ ઓછી કરવી.
તેથી સત્સંગ વિશેષ થાય છે.
આ કારણથી બાહ્યત્યાગ શ્રેષ્ઠ છે.

શ્રીમદ્ રાજચંદ્ર






# ઈશ્વર—માયા—જગત

સંકલન : ઈશ્વરભાઇ એમ. શાહ

( પ. પૂ. સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી )

બ્રહ્માંડમાં ત્રણ વાતો છે -૧. ઈશ્વર ૨. માયા ૩. જગત. આ માત્ર શબ્દો છે. ગભરાવાની જરૂર નથી. ૧. એક છે "જ્યોતિ". ૨. બીજો છે "પ્રકાશ". જ્યોતિ હોય તો પ્રકાશ હોય જ. ૩. ત્રીજો છે "પ્રકૃતિ". આનું નામ છે વિજ્ઞાન.

જ્યોતિ તે ચેતનતત્ત્વ છે. જૈનો—બુદ્ધો તેને આત્મા કહે છે. આપણે પણ "આત્મા" જ્યોતિનું નામ રાખશું. આ આત્મા તમે પોતે છો.

જ્યોતિના પ્રકાશને વેદાંત માયા કહે છે. આપણે ય "માયા" કહીશું. માયા એટલે છે પણ ખરૂં અને નથી પણ ખરૂં.

સુખદુઃખને તમે જોયાં છે ? ના. દુઃખને તમે પકડી શકો ? અગર દુઃખ તમારી ગરદન પકડી શકે ? તો કહેવું પડશે ના.

સુખદુઃખનું સ્વતંત્ર સ્વરૂપ નથી. આ પાટીયાનું સ્વતંત્ર સ્વરૂપ છે. ઉઠાવી શકાય, લઇ જઇ શકાય, લખી શકાય એટલે પાટીયાનું સ્વતંત્ર સ્વરૂપ છે. જ્યારે સુખદુઃખનું નથી. છતાં ચિંતા કરાવીને શરીર ઓગાળી નાંખે છે. આપઘાત પણ કરાવે છે. એટલે છે પણ અને નથી પણ.

માયા એટલે ફિલ્મના પડદા ઉપર ચિત્રો છે તે. આ ચિત્રોમાંથી કોઇ ચિત્ર બીજા ચિત્રને છરી મારે તો તમે દૂર છો છતાં રડો છો. નહિતર છે તો ચિત્રો.

પ્રોજેક્ટરમાંથી જે પ્રકાશ નીકળે તે છે જ્યોતિ. હવે આ

પ્રકાશમાં ચિત્રો દેખાય તે છે માયા અને ફિલ્મની રીલ તે છે જગત.

ત્રણ વાત થઈઃ–૧. આત્મા–જ્યોતિ–(તમે). ૨. માયા–જ્યોતિનો પ્રકાશ. ૩. જગત–વિજ્ઞાન–પ્રકૃતિ આત્માને (તમારે) સત્સંગની જરૂર નથી. પ્રકાશને સત્સંગ શું તે ખબર નથી. તો શાસ્ત્રોમાં, સંતો સત્સંગ-સત્સંગની રાડો પાડી દરેકને ભેગા કરી સમય બગાડે છે તે સત્સંગ છે શું ?

સત્સંગની જરૂર તેટલા માટે છે કે સત્ અને અસત્ ભેગા કર્યા છે. તમે તો સત્ છો જ. પણ તમે અસતને સત્ માનેલ છે. આ માન્યતા છોડાવવાની ચર્ચા-વિચારણા-વાતો તેનું જ નામ છે સત્સંગ.

હવે પાછો પ્રશ્ન તે થશે કે આવી ખોટી માન્યતા કોણે કરાવી છે? સત્ તો ક્રિયારહિત છે. તે કેમ ખોટી માન્યતા કરે? તમે પણ ક્રિયારહિત છો. તમે ન કરો–તમે કરી જ ન શકો.

ગાડીમાં બેઠા છો. તમારી ગાડી ઉભી છે. પડખેની ગાડી ચાલે છે તો તમને તમારી ગાડી ચાલતી દેખાય છે. પછી તમારી ગાડી ફાસ્ટ ચાલે તો સામાં ઝાડો ચાલતાં દેખાય છે. આનું કારણ છે વિભાવ.

શરીરમાં ચિત્ત ઉપર પ્રકાશ પડે છે. ચિત્ત પણ અરિસા જેવું છે. તે છે રાધા-હનુમાન વગેરે.

આત્મા અને ચિત્તના કિરણો સામ-સામા જાય તો રાધા-કૃષ્ણનો વિહાર છે. આ પ્રમાણે સતત જેની દૃષ્ટિ આત્મામાં રહે છે તે છે હનુમાન. સતત દૃષ્ટિ આત્મામાં રાખવી. બુદ્ધિ-મન-ઈન્દ્રિયોમાં ન જવા દેવી તેનું નામ છે વીરતા. બાકી મહાયુદ્ધમાં લડનાર કર્નલ વીરતામાં તેની આગળ તુચ્છ છે. એટલે હનુમાનનું નામ છે મહાવીર–વીરનો વીર.



| | પ્રકાશ |
|---|---|
| (૧) આત્મા–પ્રકાશનો સ્તોત્ર | ૧૦૦ ટકા |
| (૨) આત્માનો સીધો પ્રકાશ ચિત્ત ઉપર | ૯૦ ટકા |
| (૩) ચિત્તમાંથી બુદ્ધિમાં | ૫૦ ટકા |
| (૪) બુદ્ધિમાંથી મનમાં | ૨૫ ટકા |
| (૫) મનમાંથી જ્ઞાન, ઇન્દ્રિયો, આંખ, કાન, નાક, જીભ, ચામડી દરેકમાં | ૫ ટકા |

પ્રકાશ એટલે જ્ઞાન. પ્રકાશ એટલે સત્ય.

ડ્રોઈંગ રૂમમાં ચાર જણ વાતો કરો છો. ત્યાં વિજળી ગઈ. તરત જ પ્રકાશ ગયો. પડખે રસોડું છે. મીણબત્તી તથા બાકસ છે, છતાં તમે બોલશો કે ઉઠશો નહિ. ભટકાઇ જશો. હું અભ્યાસ છે તો ગોતી લાવું. પ્રકાશ ન હતો, અજ્ઞાન–અંધકાર.

તમારી પાસે ૧૦૦ ટકા પ્રકાશ છે. છે નહિ પણ તમે પોતે ૧૦૦ ટકા પ્રકાશ છો. છતાં તમે તમારા તરફ નથી જોતા અને આંખ, કાન, નાક, જીભ, ચામડીને ફક્ત પાંચ ટકા પ્રકાશ છે તેનો ૨૪ કલાક ઉપયોગ કરો છો.

જ્યારે આત્માનો પ્રકાશ ચિત્ત ઉપર પડે છે ત્યારે એક પડછાયો પેદા થાય છે. જેનું નામ છે. અહમ્–Ego. જાગૃતમાં "અહમ્" છે. ગાઢ નિંદ્રામાં "અહમ્" નથી. એટલે સાબિત થયું કે જે હોય અને પાછો ન હોય તેનું સ્વતંત્ર સ્વરૂપ નથી. માયા છે.

જાગૃતિમાં તે ખોટી સ્વીકૃતિઓ કરી એક વ્યક્તિત્વ ઉભુ કરે છે. આ વ્યક્તિત્વને સત્સંગની જરૂર છે. સંસારની કામના કરી કરીને થાકે છે ત્યારે કામના છોડી જિજ્ઞાસા જાગે છે અને પાછો સત્સંગમાં દોડે છે. જિજ્ઞાસા જાગી તો

ખરી પણ જ્યારે જિજ્ઞાસા જશે ત્યારે પ્રભુ દેખાશે. જિજ્ઞાસાની પૂર્ણતા તે છે ઈશ્વરપ્રાપ્તિ. તો પ્રશ્ન થશે કે જિજ્ઞાસા કેમ ટકતી નથી ? આ જિજ્ઞાસાની પૂર્ણતા થવામાં કોણ નડતર છે ? (૧) કામના (૨) સુખભોગ-જે માણ્યું છે તે ભુલાતું નથી. આ નડતર છે.

જગત છે શું ? ફિલ્મની રીલ. દરેકની રીલમાં હોય તે ચેષ્ટાઓ કરી ફિલ્મ પૂરી થતાં મૃત્યુ. જેનું નામ છે રીલ પૂરી. ચાલો ઘેર.

જ્ઞાનીની દૃષ્ટિમાં જગત નથી. ઈશ્વરના પ્રકાશમાં ચિત્રો માત્ર છે. અજ્ઞાનીની દૃષ્ટિમાં જગત છે. પતિ-પત્ની, બાળકો મારા બીજા પરાયા છે.

જગત અને ઈશ્વર, માયા નિત્ય છે. જગતને નિત્ય તેટલા માટે કહ્યું કે પ્રકાશ તમે હશો તો પ્રકૃતિ જે પાંચ ભૂતો છે તે આકૃતિઓ જુદા જુદા રૂપ-રંગોની બનાવ્યા જ કરે છે. ઉત્પન્ન-નાશ સતત છે. એટલે તેને પણ નિત્ય માનેલ છે.

પ્રકૃતિ શબ્દનો અર્થ છે પ્ર એટલે વિશેષ, કૃતિ એટલે ક્રિયા. પ્રકૃતિ=વિશેષ ક્રિયા. જ્યોતિ તમે છો. આત્મા તમે છો. તમારાથી તમને દૂરી નથી, ભેદ નથી, ભિન્નતા નથી તો દૂરી-ભેદ ભિન્નતા કોણ છે ? અહમ્-Egoને.

"દૂરી" દૂર કરવા શાસ્ત્રોએ કર્મયોગ સાધન બતાવ્યું. "ભેદ" દૂર કરવા શાસ્ત્રોએ જ્ઞાનયોગ બતાવ્યો. "ભિન્નતા" દૂર કરવા શાસ્ત્રોએ ભક્તિયોગ બતાવ્યો. આ Ego માટે ત્રણ યોગ છે. તમારા માટે નથી. તમારાથી દૂરી-ભેદ-ભિન્નતા ત્રણ કાળમાં નથી.

પ્રકૃતિમાં જે તમારાથી છાયા અહમ્ છે તેને માટે સાધન કર્મ, જ્ઞાન, ભક્તિ, શરણાગતિ છે. આ ચાર ભેગા જ છે.



આ સાધન પણ નિસરણી છે. આત્મબોધ થયા પછી નિસરણીની જરૂર નથી. ઉપર અગાસીમાં ચડી ગયા પછી ત્યાંથી પાછા ઉતરવાનું છે જ નહિ.

હવે આ સાધનાની જરૂર છે અહમ્‌ને. તો અહમ્‌ને શા માટે જરૂર છે ? હવે તમને મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્ ઉપર જરા કહી દઉં.

મનનો સ્વભાવ છે સંકલ્પ-વિકલ્પ. જે તમારા હિતમાં છે. ચિત્તનો સ્વભાવ છે ચિત્રો બતાવવા અને વાસના જમા કરવી. બુદ્ધિનો સ્વભાવ છે નિર્ણય કરવો. આ પણ તમારા હિતમાં છે.

મન સંકલ્પ-વિકલ્પ કરે કે યાત્રાએ જઉં તો ઠીક. પછી ચિત્ત હરિદ્વાર, રામેશ્વર, અયોધ્યા, મથુરાના ચિત્રો બતાવે. પછી બુદ્ધિ કહે "પૈસા છે ?" પાછી બુદ્ધિ શોધી આપે કે યાત્રાએ જવાથી ઘરનું ખર્ચ બંધ થશે. કદાચ થોડા પૈસા વધુ ખર્ચ થશે તો મિત્રોને કહીશું તો તેઓ આપશે. પછી બુદ્ધિ આ યાત્રાની ફાઇલ Chief minister જે અહમ્ છે તેની પાસે મૂકે. એટલે અહમ્ રિમાર્ક કરેઃ-Yes, Agreed.

મન, ચિત્ત, બુદ્ધિ ઉપર છેલ્લી સહી અહમ્ કરે તો જ વાત પૂરી થાય છે. તો અહમ્‌ને જાણવો જરૂરી છે.

(ક્રમશઃ)

# અહમ્ તો આડે આવ્યું

લેખક : ડૉ. અશ્વિનભાઈ ડી. પટેલ

દિવંગત પૂ. શ્રીમહાત્મા યોગેશ્વરજીને મેં ગુરુસ્વરૂપે કેમ જોયા નહિ એવા પ્રશ્નનો વિચાર કરતાં મને પ્રતીતિ થાય છે કે એમાં મારું અહમ્ જ આડે આવેલું. તા. ૨૬-૫-૮૫ની વહેલી સવારે મને એમનાં દર્શનનો એક અનુભવ થયેલ. એ વખતે પ્રથમવાર એમની સૂક્ષ્મ હયાતીમાં મેં એમને ગુરુજેવા માન્યા, પૂર્ણ ગુરુ નહિ. પોતે આ જગતમાં વિચરી રહ્યા હતા ત્યારે પૂજ્યશ્રીની સ્થૂળ સાક્ષાત્ ઉપસ્થિતિમાં આજ સુધી ગુરુ જેવા ય કેમ નહિ માનેલ? જવાબ એક જ સામે આવે છે અને તે "અહમ્ મ્હારી આડે આવ્યું."

જગતમાં મોટામાં મોટો ગુરુ તે પરમેશ્વર એવી મ્હારી માન્યતા હતી. યોગેશ્વર શ્રી કૃષ્ણને ગુરુણાં ગુરુ કહ્યા છે જગદ્ગુરુ કહ્યા છે. એ વાસ્તવમાં સાચું છે. ગીતાજીમાં કહ્યું છે કે માણસ પોતે જ आत्मनः शत्रु છે. કામ, ક્રોધ, લોભ એ મોટા શત્રુ છે પણ એ ક્યાં રહેલા છે? મનમાં. તેથી મન, પોતાનું મન, એટલે કે પોતે જાતે પોતાનો શત્રુ છે. ઊલટી બાજુ પ્રેય તરફ હંમેશાં ધસી જતું મન જો સદા શ્રેયસ્કારી આત્માના કહ્યામાં રહે તો તે ગુરુનું કામ કરી શકે છે. મન જ્યારે આત્મા સાથે ઓતપ્રોત થઈ જાય ત્યારે તે આત્માને ગુરુસ્થાને સ્વીકારે છે. એટલે માણસનો બીજો સાચો ગુરુ પોતાનો આત્મા છે. દુનિયામાં એવા કેટલાક જીવનમુક્ત જ્ઞાની પુરુષો છે જેમના પવિત્રતમ આત્માઓને આપણે ગુરુપદે સ્વીકારી શકીએ. આવા એક પુરુષ તે મહાત્મા યોગેશ્વરજી, જેમને રહી રહીને મેં ગુરુ તરીકે સ્વીકાર્યા તા. ૩૦ સપ્ટેમ્બર ૧૯૮૬ને રોજ. બીજાને ચમત્કાર જેવું લાગે પણ આત્માની ઊંડી પ્રતીતિ એમાં પૂરેપૂરી દૃશ્યમાન થાય.



હવે નીચે હું યોગ્ય ગુરુની પ્રાપ્તિ માટેની મ્હારી મથામણ થોડી રજુ કરીશ જે ક્ષમ્ય ગણવા વિનંતિ છે.

આજથી ૬૫ વર્ષ પહેલાં, મને ઝાંખુ ઝાંખુ યાદ છે કે, પુરાણી પરંપરામૂલક માન્યતાનુસાર મારા વતનના ગામ લાડોલ, તા. વિજાપુરમાં ગામવચ્ચેના રામજીમંદિરના મહંત બાવા પ્રહ્લાદજી પાસે મારા કાન વડીલોએ ફુંકાવેલા અને એ રીતે નઘરોળ નુગરા ન રહી જવાય તેનું મહેણું ટાળેલું! મહંત બાવાજીએ એમની ધૂણી પાસે બેસીને જ ગંજેરી ચલમનો એક ઊંડો દમ મારી, કંઈક બોલીને, મારા કાન ફૂંકેલ પણ એથી કોઈ જ્ઞાનપ્રકાશ એટલી નાની નાદાન ઉંમરે મને લાધેલ નહિ. હા, તંબાકુમિશ્રિત ગાંજાની ફૂંકની ગંધ કાનમાં થઇ નાકમાં આવેલી ખરી! પછી તો આ જમાનામાં ખૂબ ખૂબ કહેવાય એટલું વિનયન શાખા પકડીને ભણ્યો. કાવ્ય સાહિત્ય સામાન્યજ્ઞાન, તત્વજ્ઞાન, આદિનો સમાવેશ કરતું ઘણું ઘણું વાંચ્યું વિચાર્યું. આટલાં બધાં વર્ષોમાં શું શું વિકાસાર્થે નહિ કર્યું હોય? અને છતાં પૂ. યોગેશ્વરજીનો ભેટો સાતઆઠ વર્ષ અગાઉ થયો ત્યાં સુધીમાં તર્કવિતર્કાસન્ન બૌદ્ધિક એવા મારા મનમાં કોઈ સત્ત્વશીલ વ્યક્તિ નહિ વસેલી જેને હું સમ્યક્ રીતે એક સૌમ્ય ગુરુલેખે સ્વીકારી શકું; જે મારા મનનું સમાધાન કરી એને નાથીને અંદર સાત્ત્વિક જ્ઞાનદીપ પ્રગટાવી શકે. મારા અહમ્‌ને, મનની મોટપને દૂર કરીને જે મારામાં અધ્યાત્મ ઉગાડી બીજાઓ સાથે સમત્વમાં યોજે.

ગુરુને ગોતવા માટે મેં ઘણો પુરુષાર્થ કર્યો છે. શાળા-મહાશાળાવિશ્વવિદ્યાલયોમાં શિક્ષકલેખે મળ્યા તે પોપટિયું-જ્ઞાન આપનાર જણાયા ! એમનામાં ગુરુત્વના દર્શન થયેલ નહિ. હા, મહાત્મા ગાંધીજી તરફ એ રીતે આકર્ષાયેલો પણ એમની ખૂબ નજીક જવાનું ને રહેવાનું બની શકેલ નહિ. એથી નાની ઉંમરમાં પણ ૩૦-૩૨ના સત્યાગ્રહમાં અને ૪૧-૪૨ની ક્રાન્તિમાં થોડા થોડા મહિના જેલનિવાસ કરવાનું સદ્ભાગ્ય સાંપડેલું. પણ આજે દેશમાં અને ગુજરાતમાં જે અન્યાય, જુલમ, ભ્રષ્ટાચાર, કાળાબજારી, નફાખોરી, અ-પ્રમાણિકતા અને કામચોરી ચાલે છે અને એથી જે રાજદ્વારી અંધેર ફેલાયાં છે તેથી મનમાં ઘણું દુઃખ થાય છે કે અરેરે ! અમારા જેવા જેલમાં શું આ જોવા માટે ગયેલા ! જેલમાં કેટલીક વિચારવંત વ્યક્તિઓના સંપર્કમાં આવેલ પણ તેથી કંઈ કોઇને ગુરુપદે સ્થાપવાની સ્થિરતા વરેલ નહિ. થોડાક વાંચન ચિન્તન મનનથી વિચારોમાં વ્યવસ્થિતિ ઊભી થયેલ. ચોવીસ વર્ષની માધ્યમિક શાળાઓની આચાર્યગીરી અને અગિયાર વર્ષની ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપકગીરી કરી,-તદ્દરમિયાન ઘણું વાંચ્યું, લખ્યું, શીખવ્યું છતાં અંતર મનમાં જોઈએ તેવો પ્રકાશ પડ્યો નહિ. "गुरु बिना ज्ञान न उपजै ।" એ સાચુ લાગવા માંડ્યું.

અને એવામાં જીવનની ઉત્તરાવસ્થામાં ઘણા વ્યાખ્યાતાઓ, કીર્તનકારો, પ્રવચનકર્તાઓ, ઉપદેશકો, આચાર્યો સંગોષ્ઠિકારો, ભજનિકો, ધર્મગુરુઓ, સત્સંગદાતાઓને અનેક વખતે અનેક પરિપ્રેક્ષ્યમાં સાંભળ્યા, એમનાં વકતવ્યો જેને આધારિત હતા તે સાહિત્ય અને એમનાં પોતાના કોઇ કોઈ પુસ્તકો યે વાંચ્યાં. પણ છતાં એવી શ્રવણશાન્તિ ન મળી જે દિલને ઠારે,



સંશયને વિદારે ! ઉલટું "Too Many Cooks Spoil the Bhoth" બહુ રસોયા રાંધણું બાફી મારે–એના જેવું થયું. અનેક દેવદેવી, અનેક ધર્મ, સંપ્રદાયભેદ, પંથભેદ, વાદવિવાદ અંગે ઊભા થયેલ તર્કવિતર્કથી શ્રદ્ધાળુ આસ્તિક મન કોઈવાર અશ્રદ્ધાળુ નાસ્તિક બનવા તરફ ઉતાવળું થઈ જતું. વચ્ચે બાર મહિના અમેરિકા રહી આવ્યો ત્યારે ક્રિશ્ચયાનિટી તરફ આકર્ષણ થતાં ઓલ્ડ, ન્યૂ ટેસ્ટામેન્ટ વગેરે વાંચી કાઢ્યાં; પણ ધર્મપરિવર્તન તો ઊલમાંથી ચૂલમાં પડવા જેવું લાગ્યું. "स्वधर्मे निधनं श्रेयः ।" એ ગીતાસૂત્રનો સાચો બોધ થયો. સ્વ. પૂ. મહાત્મા યોગેશ્વરજીના એક પ્રવચન દ્વારા અમેરિકા જતાં પહેલાં અને પછી યે તેઓશ્રીને મળેલો. એમનાં છસાત સપ્તાહ પ્રવચનો સાંગોપાંગ સાંભળેલાં. અનેક પ્રસંગે એમના આશીર્વાદ મેળવેલા. એકવાર તો પૂ. મા સર્વેશ્વરીજી સાથે મારે ઘરે પધરામણી પણ કરેલી અને છતાં ત્યારે યે એમને ગુરુપદે સ્થાપવાનું સ્વાસ્થ્ય મને સાંપડેલું નહિ. એમાં મારાં અહમ્ અને તાર્કિકતા જવાબદાર છે.

જો કે એમના સંપર્કમાં આવ્યા પછી સત્સંગ વખતે કે આગળપાછળ કોઇ કોઇ પ્રશ્ન પૂછી નિઃસંશયતા વધારવા હું પ્રયત્ન કરતો. છતાં એમની હયાતીમાં હું એમને ગુરુ બનાવી શક્યો નહિ એ હકીકત છે. હા, મારી લેખન પ્રવૃત્તિથી એ માહિતગાર હતા. મને 'અધ્યાત્મ' માસિકના લેખક થવાનું શ્રેય એમને ફાળે જાય છે. એમની શુભાશિષથી મારી ઇબારત (શૈલી) શિષ્ટ, સુસંસ્કૃત અને સમૃદ્ધ પણ થયેલી, એ મારાં અગાઉનાં લખાણોની તુલના-પછીનાં લખાણો સાથે કરતાં હું કહી શકું છું.

ને હવે છેલ્લી વાત તા. ૨૬–૫–૮૫ને રોજ નારણપુરા

વિસ્તારમાં આંદોલનકારોએ બંધ ફરમાવેલ, રાત્રે સામુદાયિક કર્ફ્યુભંગ ! દસથી અગિયારના ગાળામાં રાત્રે છસાત ફાયરીંગ સંભળાયાં. મન ચગડોળે ચઢ્યું. મોડે સુધી ઊંઘ ન આવી. રાષ્ટ્રનું, પ્રદેશનું શું થશે એ વિચારોમાં અર્ધતંદ્રસ્થ સ્થિતિમાં ધાબે સૂઇ ગયેલ. રાતના અઢીત્રણના સુમારે એક દુર્મિલ ને દુર્દાન્ત પણ ભયંકર વાસનામૂલક સ્વપ્નું આવ્યું. મારી આંતર્-ચેતના અસ્તવ્યસ્ત થઈ ગઈ, હું બેઠો થઇ ગયો તો સામે પૂ. મહાત્મા યોગેશ્વરજી પ્રગટ્યા. એમનો દક્ષિણ હસ્ત આશા-ર્મુદ્રામાં ઊંચકાયેલો. નતમસ્તકે મેં ત્યારે એમનું ગુરુપદ જાણે કે સ્વીકાર્યું.

"ગુરુ કીધા મેં યોગેશ્વર તે ક્ષણથી મટ્યો નિરીશ્વર.
મનની મોટપ ગઇ ગળી, આત્મશાન્તિ મને જાણે મળી."

અને તરતજ રાત્રે ૩-૩૦ વાગે નીચેનું ભજન લખાઇ ગયું, આત્મશાન્તિના પરમ એંધાણ સમું:-

### ગુરુજી મ્હારા

ગુરુજી, મ્હારાં સપનાંને જડો કૈં ઉલાળા,
કે ચિત્ત મ્હારું કરે નહિ કોઈ ચાળા;
અની હાં ગુરુજી, તરંગોને મારો કંઈ તાળાં,
કે મન મ્હારે લાગે નહિ કો લારાં !-૧

ગુરુજી, મ્હારાં ઉતારો ગુમાનનાં છારાં,
કે અંતર્ અહમ્ ત્યાગીને થાયે ન્યારાં;
અની હાં ગુરુજી, ઉતારો માથેથાં ભારાં,
કે જઇએ અમે સીધાં સરગ પરભારાં !-૨

ગુરુજી મ્હારા, પયપાવ નાખી વાવળિંગો,
કે નડે નહિ અમને કૃમિ કોઇ ધિંગો;



અની હાં ગુરુજી, ભેદોને ભેદના ભોરિંગો !
કે હિરદય બને મુક્ત-હીન તરંગો.-૩

ગુરુજી મ્હારા, કરુણા કરો અમ તો છોરાં,
કે અમને ગણો જરીકે નહીં કછોરાં;
અની હાં ગુરુજી, અમે તો હરાયાં ઢોરાં !
કે હાંકો અમને લઇને જ્ઞાન ડંગોરાં.-૪

ગુરુજી મ્હારા, વિષયોનાં વિષને ગાળો,
કે ભૂંડા ભવસાગરથી ઉતારો;
અની હાં ગુરુજી, મોટેરા મારને મારો,
કે બુદ્ધ બની મેળવીએ નિર્વાણ આરો !-૫

શ્રી યોગેશ્વર કૃપા.
**સંદિપ વેલ્ડીંગ વર્કસ**
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મે.દી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

# દીર્ઘ યાત્રા

લેખક : પ્રાગજી ડોસા

જીવ આ જગતમાં જન્મે છે એ પહેલાં એ ક્યાં હતો એ બાબતમાં તમે કંઇ વિચાર કર્યો છે? બ્રહ્મર્ષિ વિશ્વાત્મા આ સંબંધમાં નવી વિચારધારા રજૂ કરે છે.

જીવ જન્મ્યો પછી એ શરીરનું આપણે નામકરણ કરીએ છીએ પરંતુ જન્મ્યા પહેલા એ જીવ એ નામે ઓળખાતો ન હતો. એ તો અંતરિક્ષમાં ફરતો હતો અને પછી એણે કરેલાં કર્માનુસાર એણે જન્મ લેવાનો છે. સૌથી પ્રથમ સૂર્યના કિરણોમાં એ પ્રવેશ કરે છે. એ કિરણો પૃથ્વી પરના પાણીનું શોષણ કરી વાદળાં બનાવ્યાં એ વાદળાંમાં જીવ પેઠો અને વાદળાં વરસ્યાં તે સાથે ખેતરોમાં જીવ પ્રવેશ્યો. ખેતરમાં ધાન પેદા થયું તેમાં એ જીવનો વાસ છે. એ ધાન કોના ઘરમાં જશે તે નિયતિએ પહેલેથી નક્કી કરી રાખ્યું છે. જીવ એના કર્માનુસાર એ ઘરમાં જાય છે. પુરુષ ભોજન કરે છે એનું વીર્ય બને છે. જીવ એમાં ગયો હોય તો પ્રથમ ગર્ભાધાન પુરુષના શરીરમાં થાય છે પરંતુ સર્જનહારે એવો ક્રમ નક્કી કર્યો છે સ્ત્રી પુરુષના સંગ દ્વારા સ્ત્રીનું મન પુરુષના વીર્ય સાથે સંયોગ કરે તો એ જીવ સ્ત્રીના ગર્ભાશ્રયમાં જઇ વૃદ્ધિ પામે છે.

એક મહત્ત્વનો મુદ્દો વિચારવાનો છે કે જો પતિ પત્ની પવિત્ર રહે, સદાચારી અને સત્ત્વગુણી રહે એ ઘરમાં નિયતિ ઉચ્ચ ગુણ ધરાવતા જીવને પ્રવેશ કરાવવો.

શૂચિનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોપિ જાયતે ।



ગીતાજીનો આ શ્લોક એનું સમર્થન કરે છે. તમે ઇચ્છો કે મારે ત્યાં પુત્રરત્ન જન્મે ( અને સૌ કોઈ એમ જ ઇચ્છે છે ) તો તમારે સત્યવ્રતધારી, સદાચારી બનવું પડશે. એની સામે એક દલીલ કરી શકાય કે હિરણ્યકશિપુ જેવા દૈત્યને ઘેર પ્રહ્લાદનો જન્મ કેમ થયો? હિરણ્યકશિપુ તો ભગવાન વિષ્ણુના પાર્ષદ હતા અને શ્રાપને કારણે દૈત્ય બન્યા. એમને વિષ્ણુભક્ત બાળક દ્વારા મુક્તિ અપાવવી હતી. એથી ઉલ્ટું જોઇએ તો આત્મદેવ જેવા પરમ પવિત્ર બ્રાહ્મણને ઘેર ધુંધુકારી જેવા દુષ્ટ પુત્રનો જન્મ થયો કારણ 'એની માતા ધુંધુલી એવી દુષ્ટ હતી. આ સંસારમાં આવા કિસ્સાઓ પણ બને છે, પરંતુ પવિત્ર આત્માને આકર્ષવો હોય તો આપણે પવિત્ર રહેવું જોઈએ.

પવિત્ર જીવ જન્મે પછી એની બુદ્ધિ અનુસાર એ સંચિત અને પ્રારબ્ધ કર્મોના ફળ ભોગવે છે. તે સાથે સત્ત્વ-ગુણ, રજોગુણ અને તમોગુણ દ્વારા નવાં કર્મોનું ભાથું પણ બાંધે છે. સૃષ્ટિનો આ અબાધિત ક્રમ છે. પુણ્ય કે પાપનાં પોટલાં પણ બાંધે છે.

જીવ જગતમાં આવ્યો એટલે સૌ પ્રથમ માતાપિતાનું એના પ્રત્યે મમત્વ બંધાય છે. એ જીવનાં લગ્ન થતાં પતિ-પત્ની વચ્ચે મમત્વ બંધાય છે પરંતુ બ્રહ્મર્ષિ કહે છે કે તમે મૂળ વિચારો. એ જીવને પ્રથમ સંગ સૂર્યના કિરણો સાથે થયો, તો એ કિરણો સાથે શું મમત્વ બંધાયું? જરા પણ નહીં. પાણી, પૃથ્વી સાથે પણ નહીં. તો પછી એ મમત્વ કોણ બાંધે છે? સર્જનહારે મનુષ્યને મન આપ્યું છે. એ મન મમત્વ બાંધે છે. પશુ પંખીનો વિચાર કરો. ચકલી પોતાના બચ્ચાંને પાળે છે, એને માટે અન્ન લાવે છે પણ

ઊડવા જેવા થતાં એ બચ્ચાં પાંખો ફફડાવતાં માળામાંથી ઊડી જાય છે. ચકલીને કંઈ દુઃખ થતું નથી.

માટે જ શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે સંસારમાં કોઈ પ્રત્યે, કોઈ ચીજ પ્રત્યે પણ આસક્તિ ન રાખો. તેમાં જ સુખ છે. તેમાં જ શાન્તિ છે જીવ તો જન્મોજન્મની દીર્ઘ યાત્રામાં ફર્યા જ કરશે.


ઈષ્ટ મંત્રના જપથી સર્વ પાપ સંસ્કારો દૂર થાય છે માટે નિરંતર ઈષ્ટ મંત્રનો જપ કરતા રહેશો.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨




# "સ્વપ્નું સાકાર બન્યું"

પ્રેરણા હરિશ્ચંદ્ર જાની

"અમે સ્વપ્ન તો નથી જોતાં ને?" એક ક્ષણ અમને બધાંને આવો જ વિચાર આવી ગયેલો. દરવાજામાં જ એ પવિત્રતાની મૂર્તિને જોતાં જ અમારા હૈયાં ગદ્‌ગદ થઈ ગયાં હતાં. કેટલાં વર્ષોની હૈયાના એક ખૂણામાં સંઘરાયેલી ઇચ્છા આજે ફળીભૂત થઈ હતી. પૂ. મા સર્વેશ્વરીની પધરામણીથી જ અમ ઘેર આનંદ ભયો તો."

પરમ પૂજ્યશ્રીની સંવરણલીલા બાદ પ. પૂ. મા સર્વેશ્વરીને મુંબઈ પધારવાનું આમંત્રણ મુંબઈ રહેનારા યોગેશ્વર પરિવાર તરફથી અપાતું હતું; પણ એનો પ્રત્યુત્તર વિલંબ રૂપે જ આવતો. પ્રભુની અકળ લીલાને કોણ જાણી શક્યું છે! પ્રભુએ અમારી પ્રાર્થના સાંભળી અને 'પ્રકાશના પંથે' પુસ્તકનું હિન્દીમાં અનુવાદ થઈ તેના વિમોચનનો દિવસ નક્કી થવો, તેમ જ બોરીવલીના અમારા નવા ઘરનો કબજો મળવો. આ બધું એક સાથે જાણે પૂ. શ્રી પ્રભુએ જ ગોઠવી આપ્યું. એ કૃપાના ફળસ્વરૂપે પૂ. માએ અમારા નવા ઘરને પાવન કરવાનું આમંત્રણ સ્વીકાર્યું.

તા. ૨૬-૧૦-૮૬ને તો કયી રીતે ભૂલાય? આટલા ઉપવાસ, પરિશ્રમ હોવા છતાં તેઓ ઊઘાડા ચરણે અમારા નવા ઘરે પ્રવેશ્યાં ને અમે અને એ જગ્યા જાણે પાવન થઈ ગયાં! એ સમયે ન્હોતી એમને ઊપવાસની અશક્તિ કે ન્હોતો પરિશ્રમનો થાક. એ પવિત્ર મૂર્તિ પાસે હતી ફક્ત ભક્તિની શક્તિ.

આવીને થોડીવાર બાદ તેમણે ખૂબ જ સુંદર ભજનો ગાવાની શરૂઆત કરી. એમના ભજનોમાં મીરાંની મસ્તી, ભક્તની આર્તવાણી અને મધુર કંઠનો ત્રિવેણીસંગમ રચાયો હતો. જાણે ઘરમાં ભજનો રૂપી ગંગા આવી હતી. ત્યારબાદ પૂ. માએ દરેકને આશીર્વાદ આપ્યા. એમની આંખોનો પ્રેમ ત્યાં ઉપસ્થિત આબાલવૃદ્ધોને એમના નિર્દોષ પ્રેમરસમાં તરબોળ બનાવી ગયો.

એ દિવસ જાણે અમારા માટે ફક્ત પૂ. માની કૃપા મેળવવાનો જ દિવસ હતો. તેમણે અમારા કુટુંબને અમૂલ્ય ભેટ તરીકે પૂ. મા અને પૂ. શ્રીની સુંદર જીવંત લાગે તેવી તસ્વીરો જેના સાન્નિધ્યમાં બેસી અમે નિયમિતપણે ધ્યાન સાધનામાં પણ પ્રગતિ કરીએ, એવા ભાવ સાથે આપી.

સમય વહ્યે જાય છે. તેની સાથે પૂ.માના જવાના સમયે જ અમારા મનને દુઃખ થવા લાગ્યું; પણ સમય આગળ કોઇનું કંઇ ચાલતું નથી. છેવટે દુઃખી મન સાથે અમારે પૂ.માને વિદાય આપવી જ પડી. પૂ.મા અમારે ત્યાં જ બેસી રહે એ કેમ ચાલે ?

આજ સુધી પણ એમના પગલાંની પવિત્રતાની મહેંક અમે આ ઘરમાં અનુભવીયે છીએ. પ્રભુનો કૃપા તણો વરસાદ અમારા પર નિરંતર વરસતો જ રહે છે. અને એમની કૃપા હંમેશ માટે મળે એવી પ્રાર્થના કરીએ છીએ.



# માંગનો અભાવ–પ્રભુપ્રાપ્તિ

ભાઇલાલભાઈ છાટબાર

માગણી કરનાર સાધકની શુભ માંગ 'પરમ' અચૂક પૂરી કરે છે. માગનારને માગેલી વસ્તુ આપીને 'પરમ' માંગપૂર્તિનો નૈસર્ગિક નિયમની સ્વયમેવ સહજ ભાવે પૂર્તિ કરે છે.

પરંતુ જે સાધકો નિજનું સર્વકાંઇ મૌનમૂક ભાવે નતમસ્તકે સમર્પણ કરી દે છે અને જેમની કાંઇ–કશી માગણી હોતી નથી તેને 'પરમ'નો વરદાયી હસ્ત–કદાચ તેણે માગી હોત તો ઇચ્છિત એવી–હરેક ચીજ તો આપે છે જ અને તદ્‌–ઉપરાંત વધુમાં 'પરમ' સ્વયં આવા સમર્પિતનો નિત્યસંગી બની રહે છે. તથા પોતાના પ્રેમસાગરના અણમોલ વરદાનોથી તેને વિભૂષિત કરે છે.

વિશુદ્ધ અને વિવેકવૈરાગ્યયુક્ત સાધકની આંતરૂચેતના મનાતીત પ્રદેશમાં પ્રવેશ પામતાં વિશ્વચેતનામય બની રહી તે, પળે પળે સચ્ચિદાનંદમાં રમણ કરતી થઇ જાય છે. શ્રેષ્ઠ અવસ્થાસ્થિત આવા સાધકને 'માંગના નિયમ' મુજબ તેણે માગેલ સર્વમંગળકારી વસ્તુ મળે છે.

શરીર, મન અને આત્માની સુસંવાદિતા સધાતાં પ્રગાઢ ધ્યાન દરમ્યાન અતીન્દ્રિય દ્વાર ખૂલી જાય છે, મનાતીત પ્રદેશમાં પ્રવેશ મળે છે અને 'પરમચેતના'ની લોકાંતર શક્તિની અજબ સંપત્તિ પમાય છે. આ ચૈતન્યશક્તિ કલ્પવૃક્ષ સમાન છે. મનુષ્યની સર્વ પ્રકારની શુભ ભાવનાઓ તે પૂરી કરે છે.

ચૈતન્યશક્તિને અનુરૂપ અને વિવેકઔચિત્યયુક્ત પ્રત્યેક સુયોગ્ય માગણીનો પ્રત્યુત્તર મળે છે. માંગની પરિપૂર્તિ તે

ચૈતન્યશક્તિના સંસ્પર્શથી થતા તેની સત્તાના અનુભવનું ફળ છે. પરિગ્રહભાવમુક્ત, નિઃસ્પૃહ, નિઃસ્વાર્થ માગણી અવશ્ય સંતોષાય છે. સાધક પોતે જે ચીજને ચોક્કસપણે શુભ નિષ્ઠાથી સર્વજનહિતાર્થે પામવાની મંગળ ભાવના રાખતો હોય તેવી સર્વમંગળકારી ચીજ તેણે માગવી જોઇએ. ચૈતન્ય-શક્તિ પ્રત્યેક મંગળ ભાવનાની પૂર્તિ કરે છે.

સાધકની નક્કર સંગીન માગણીનો પડઘો પડે છે. આવી માગણી સતત્ ચાલુ રહેતાં તે ફળે છે. વિવેકી સાધક અવિરત-પણે માગણી કરતો રહે અને માગણીને કેન્દ્રમાં રાખી ધ્યાન ઉપાસનાનો પુરુષાર્થ ચાલુ રાખે તો ચૈતન્યશક્તિ તેને તેનું જોઇતું આપવા તૈયાર હોય છે.

ધ્યાનમાં ડૂબી માગણીનું રેખાચિત્ર વારંવાર મનોમન આલેખી માંગપૂર્તિ માટેની આગ્રહપૂર્વકની રજૂઆત સાધક કરે તો સાધકની તીવ્રતમ પ્રબળ માંગની વાત ચૈતન્યશક્તિ અવશ્ય સાંભળે છે અને તેને સંતૃપ્ત કરે છે.

પ્રશાંત, ધીરજવાન અને મક્કમ સાધકનો શાંત આશાવાદ માંગપૂર્તિમાં મદદરૂપ થાય છે. પરંતુ મનુષ્યની ભાવનાઓ વિચલિત થયા કરે છે તેથી ભાવનાનું નક્કર સામ્રાજ્ય રચી શકાતું નથી અને કાચી ભાવના ફળતી નથી કે માંગપૂર્તિ થતી નથી. અહીં દૈવને દોષ ના દઈ શકાય. તે તો પોતાના ભંડારો લુટાવવા સદૈવ સજ્જ જ હોય છે.

વારંવારની તીવ્રતમ માંગ નિરંતર સાતત્યપૂર્વકનો આગ્રહ અને ધૈર્યપૂર્ણ પ્રતીક્ષા ફળ્યા વગર રહેતી નથી. ચૈતન્યશક્તિ પાસે 'માંગનો નિયમ' અફર રીતે ફળે છે.

તીવ્રતમ પ્રબળ માંગના આંગણામાં ત્રિભુવનના ખૂણામાં



પડેલી દુર્લભ વસ્તુઓ પણ ચૈતન્યશક્તિને કૃપાસંકેતથી આકર્ષાઇને આવી પડે છે....

પરંતુ ચૈતન્યશક્તિને વ્હારે સર્વસમર્પણ ભાવથી જે મૌનમૂક વદને નતમસ્તકે ઉપસ્થિત થાય છે અને જેને કાંઈ-કશું જ જોઈતું હોતું નથી, તેની સમક્ષ તે વિશ્વનિયંતા મહાશક્તિ પ્રસન્ન ચિત્તે અખૂટ ભંડારો-વિશ્વની તમામે તમામ ચીજો ઉપહારમાં ધરી દે છે.

આવા સમર્પિત સાધકને કાંઈ જોઇતું હોતું નથી અને તે કશુંય માગતોય નથી હોતો;-પરંતુ ધારો કે કદાચ તેણે પોતાની માંગ-જરૂરત દર્શાવી હોત તો તેની માંગ-જરૂરતની હરેકે હરેક ચીજ તેની સમક્ષ ખડા કરાયેલ અખૂટ ખજાનામાં અવશ્ય અચૂક માલૂમ પડત...

સમસ્ત ત્રિભુવનના ભંડારો તો ઠીક ખુદ વિશ્વનિયંતા ચૈતન્યશક્તિ 'સ્વયં' ને પણ આવો અર્પિત સાધક પામે છે અને પોતે ચૈતન્યશક્તિના અસીમ પ્રેમનું ભાજન બની રહી, તેના અણમોલ વરદાનોથી વિભૂષિત બની ધન્ય બની રહે છે.

'માંગપૂર્તિનો નિયમ' સદૈવ પ્રતિક્ષણે કાર્યરત રહે છે.

સૌ કોઈ દુર્લભ ચીજોની માંગ કરે છે પરંતુ દુર્લભમાં દુર્લભ 'પ્રભુ'ની ભાગ્યેજ કોઇક માંગ કરે છે.

પદ, પૈસો, પ્રતિષ્ઠાની માંગ હોય છે-'પ્રભુ' ની નહિ.

# પ્રાર્થના

કમલ સુથાર

## મહાત્મા ગાંધીજીની દૃષ્ટિએ

પ્રાર્થના એ મહાત્મા ગાંધીજીના જીવનનું અભિન્ન અંગ હતું. બાપુ નિયમિત પ્રાર્થના કરતા. અને આશ્રમવાસીઓ પાસે પણ પ્રાર્થના કરાવતા. સમૂહ-પ્રાર્થના એ આશ્રમનું અંગ હતું. પ્રાર્થનાથી દૈવી બળ મળે છે. પરમ-પ્રેરણા મળે છે. જીવનમાં મૂંઝવતા અનેક પ્રશ્નોનો સુખદ ઉકેલ મળે છે. જીવનને સાર્થક કરવા માટે ત્રણ વસ્તુઓ ઘણી ઉપયોગી છે. (૧) પ્રામાણિક પુરુષાર્થ (૨) પ્રાર્થના અને (૩) પ્રતીક્ષા. બાપુના જીવનમાં આ ત્રણેય વસ્તુઓ વણાઈ ગયેલી હતી. સત્ય અને અહિંસાને બાપુ જેટલું મહત્ત્વ આપતા તેટલું જ મહત્ત્વ પ્રાર્થનાને પણ આપતા. પ્રાર્થનાને તેઓ આશ્રમના પાયાનો એક મહત્ત્વનો ભાગ માનતા.

બાપુની દૃઢ માન્યતા હતી કે પ્રાર્થના કેવળ યંત્રવત્ ન થવી જોઇએ. આડંબર ન થવો જોઇએ. પ્રાર્થના સ્વાભાવિક રીતે હૃદયના ઊંડાણમાંથી થવી જોઈએ. પ્રાર્થના શ્રદ્ધા સાથે થવી જોઈએ. પ્રાર્થના વખતે પોતાનું મન પરમાત્મા સાથે એકાગ્ર બનવું જોઇએ. તોજ તે સાચી પ્રાર્થના બને. અને જીવન માટે તે ઉપયોગી બને. બાપુ માનતા કે, 'પ્રાર્થના, જમણ કરતાં કરોડગણી ઉપયોગી છે. પ્રાર્થના છૂટી જાય તો મનુષ્યને દુઃખ થવું જોઇએ. ખાવાનું છૂટે, પણ પ્રાર્થના ન છૂટે. ખાવાનું છોડવું કેટલીક વખત શરીર માટે લાભકારક છે. પણ પ્રાર્થનાનું છૂટી જવું કદી લાભદાયક હોય જ નહિ.



પણ જે પ્રાર્થનામાં સૂએ; આળસ કરે; વાતો કરે; ધ્યાન ન રાખે; અનેક ઠેકાણે વિચારોને જવા દે તેણે પ્રાર્થના છોડી જ કહેવાય. અને કેવળ શરીરથી હાજરી આપે તે દંભમાં ખપે.'

બાપુ જેટલું સામૂહિક પ્રાર્થનાને મહત્ત્વ આપતા એટલું વ્યક્તિગત પ્રાર્થનાને મહત્ત્વ આપતા. તેઓ સ્પષ્ટ કહેતા કે; "વ્યક્તિગત પ્રાર્થનામાંથી જ સામૂહિક-સામાજિક પ્રાર્થનાની વ્યવસ્થા થઈ છે. વ્યક્તિને પ્રાર્થનાની ભૂખ ન હોય તો સમાજને ક્યાંથી હોઇ શકે? સામાજિક પ્રાર્થનાનો ઉપયોગ પણ વ્યકિતગત લાભને સારું છે. વ્યકિતને આત્મદર્શનમાં આત્મશુદ્ધિમાં સામાજિક પ્રાર્થના મદદ આપે છે. જીવનમાં વ્યકિતગત પ્રાર્થનાની પણ અગત્ય ખૂબજ છે. બાળક સમજણું થાય કે તુરત તેને માતા-પ્રાર્થના શીખવે એ ખૂબ જરૂરી છે. બધા ધર્મોની આ સામાન્ય વસ્તુ છે."

દિવસમાં સવાર-સાંજ બે વખત નિયમિત અવશ્ય પ્રાર્થના થવી જોઇએ. એવો બાપુનો દૃઢ આગ્રહ રહેતો. બાપુ કહેતા કે, 'સવારમાં ઊઠતાંવેંત અંતર્યામીને યાદ કરવો ને રાત્રિના આંખો મીંચતાં તેને યાદ રાખવો. એ વચ્ચે જાગૃત સ્ત્રી-પુરુષ પ્રત્યેક ક્રિયાને અંગે અંતર્યામીને યાદ કરશે ને સાક્ષી રાખશે. આમ કરવાથી ખરાબ કૃત્યો તો થાય જ નહિ. અને છેવટે તેને એવી ટેવ પડશે કે પ્રત્યેક વિચારનો તે પ્રભુને સાક્ષી રાખશે. સ્વામી બનાવશે. તે શૂન્યવત થવાની સ્થિતિ થઈ. આમ આખો વખત જેની સમક્ષ પ્રભુ છે તેના હૃદયમાં નિરંતર રામ વસે છે.'

પ્રાર્થનામાં કોઈ ખાસ મંત્ર કે ભજનની અનિવાર્યતા બાપુ માનતા નહિ. બાપુનું સ્પષ્ટ મંતવ્ય હતું કે,—'ગમે તે

નામે, ગમે તે રીતે, ગમે તે સ્થિતિમાં, શુદ્ધ ભાવથી પ્રભુને યાદ કરવાનો છે. આમ કરવાની ટેવ બહુ ઓછાને પડે છે. ઘણાને આવી ટેવ પડી હોય તો જગતમાં પાપ બહુ ઓછું હોય; મલિનતા ઓછી હોય; ને પરસ્પરનો વ્યવહાર શુદ્ધ થઇ જાય. એવી શુદ્ધ સ્થિતિએ પહોંચવા સારૂં પ્રત્યેક મનુષ્યે દરરોજ બે ટાઈમ અચૂક પ્રાર્થના કરવી જ જોઇએ.'

'વ્યક્તિગત પ્રાર્થનામાં વખત જતો લાગતો નથી. પણ જેમ પોપચું પોતાનું કામ કરે છે તેમ પ્રાર્થના હૃદયમાં ચાલવી જોઇએ. પ્રભુ આપણા દરેક કૃત્યને જુવે છે. વિચારને જાણે છે. એનાથી છાનું કશું જ નથી. આમ જાણી જે હૃદયપૂર્વક પ્રાર્થના કરશે તે છેવટે પ્રભુમય થઇ જશે. એટલે નિષ્પાપ થશે.'

આમ પ્રાર્થનાને મહાત્મા ગાંધીજી જીવનશુદ્ધિનું એક સાધન માનતા હતા.

અંતકાલે પણ જો નિરૂપાધિક તત્ત્વનો સાક્ષાત્કાર થાય તો મોક્ષ થાય, તેમ ન થાય તો તેનો ઉપાસક બ્રહ્મલોકમાં જાય ને અંતે તે લોકનો નાશ થયે તે મોક્ષ પામે.

*

સ્વધર્મ પાલન, સદાચરણ ને સદ્દ્યોગનું સેવન કરવાથી ઉન્નતિ થયા વિના રહેતી નથી એમ સમજી તેમ વર્તવા બનતો આગ્રહ સેવસો.



## પ્રભુજીને

તું સૂરજ હું કિરણ તારું,
તુજથી જીવન છે રઢિયાળું;
તું સરિતા હું ધારા તારી,
તુજને ખિલતી જીવન વાડી.
તું ચાંદો હું ચાંદની તારી,
તુજ આધારે ખિલતી સારી.
તું વાદળ હું વારિ તારું,
તુજ કૃપાથી મીઠાશ પામું.
તું દિવડો ને હું ચિનગારી,
તુજથી મુજ કેડી અજવાળી.
તું ફૂલડું હું પાંખડી નાની,
થાય સુગંધિત જીવનદાની.
તું વીણા હું રાગજ તારો,
તુજ આશીષ થાય મધુરો.
તું આકાશ હું તારલો તારો,
તુજ વરદાને ચમકું સિતારો.
તું સાગર હું તરંગ નાનો,
નાચું કૂદું તુજ બાળક વહાલો,
તું ગિરિવર હું ઝરણું નાનું,
તુજથી મધુરું જીવન ગાણું.
તું વર્ષા હું ચાતક પંખી,
રહું તુજમે બસ હરદમ ઝંખી.

—મધુરમ્

## સાચા સંત–

–યોગભિક્ષુ

ભલે ઘાંચી મોચી દરજી કેરા, કાજ કરે અનંત,
સંત સ્વભાવ પલટે નહિ તોયે, રહે સંતનો સંત.
ડિગ્રી ન પૂછવી સંતો કેરી, મેળવી લેવું જ્ઞાન,
મૂલ્ય કરવું તલવારનું રહેવા દેવું મ્યાન.

ભલે ગમાણમાં બેસીને ખાધો હોય તોય ચોખ્ખા ઘીનો લાડુ મીઠો લાગે જ છે અને પૂરું પોષણ આપે જ છે. પણ ઊતરેલી ઘેંસ અફલાતૂન ટેબલ-ખુરસી ઉપર બેસીને ખાધી હોય તોય સ્વાદિષ્ટ નથી લાગતી અને પોષણયુક્ત નથી નીવડતી. તેમ–

કલ્યાણપ્રદ કિંમતી વાતોનું–સામગ્રીનું મૂલ્ય ફક્ત એટલા માટે જ ઘટી જવું ન જોઇએ કે તે દૈનિકો, અઠવાડિકો કે પખવાડિકો વગેરેમાં રજૂ થઈ છે. અને અકલ્યાણકારી વાતોનું મૂલ્ય ફક્ત એટલા માટે જ વધી જવું ન જોઇએ કે તે શાસ્ત્રોમાં (ધાર્મિક ગણાતાં પુસ્તકોમાં) રજૂ થયેલી છે.

હીરો ઉકરડે પડ્યો હોય તોય તે હીરો જ છે અને કાચ ઝવેરીની દુકાનમાં રાખ્યો હોય તોય તે કાચ જ છે. તેમ–

સંત, જ્યાં પણ હોય અને જે પણ સ્થિતિમાં હોય ત્યાં તે સંત જ છે. સૂક્ષ્મ રીતે જોનારને, સમયફેરની ભુલભુલામણીમાં પણ ગુરુ–સંતોનું ગુરુસંતપણું જોવા મળવાનું જ. પરિસ્થિતિની કે પ્રવૃત્તિની વિષમતા કે પ્રતિકૂળતા સંતસ્વભાવને પલટાવી શકતી નથી.

અને આથી ઊલટું આવું પણ જોવા મળે છે–

સંત, મહંત, સંન્યાસી થઇ ભલે, મોટાં માંડે ડગ.
બગ-સ્વભાવ સુધરે નહિ તોયે, રહે ઠગનો ઠગ.



## વસ્તુનો ત્યાગ નિરંતર હોવો જોઇએ

પ્રો. મહેન્દ્રકુમારા મો. દેસાઈ (કુમાર)

“લઘુતા ગ્રન્થિ કાઢી નાખો જીવરામભાઈ! તમારું નામ જ સૂચવે છે કે તમે જીવાત્મા છો, ભૂતાત્મા નથી. જેને એક વાર ભાન થયું કે અમુક વિકાર સારો નથી તેને ત્યજવા કોઈ વખતે વિચારની પ્રબળતાથી વૃત્તિ ઉપર જરૂર વિજય મેળવશે. નિરાશ થવાની જરૂર નથી.”

વડોદરામાં નૃસિંહાશ્રમમાં શ્રેયસ્સાધક અધિકાર વર્ગના સ્થાપક સદ્ગુરુ, શ્રી નૃસિંહાચાર્યજી પોતાના ક્રોધી સ્વભાવથી કંટાળેલા વીરવીગામના સાધક જીવરામભાઇને પીઠ પર હાથ ફેરવી વિકારનું સ્વરૂપ સમજાવી રહ્યા હતા.

બીજા સાધકો શાંત છે જ્યારે તેમનો ક્રોધ મુખમુદ્રા, ભ્રૂકુટિ, વાણી અને વર્તન વિષે પ્રત્યક્ષ જણાઈ આવે છે... એવી સાધકની દલીલનો પડકાર કરી આચાર્યશ્રીએ કહ્યું કે–

“પ્રકૃતિને સહાય કરનાર મન–બુદ્ધિના અસંખ્ય વિકારો પૈકી શાસ્ત્રોએ કામ ક્રોધાદિ પ્રધાન દોષોનું જ વિસ્તૃત વિવરણ કરેલું છે. તે પૈકી અસૂયા, વ્યભિચાર, કાળાં બજાર જેવા કેટલાક દોષોનું સ્વરૂપ જ એવું છે કે તેઓ ગુપ્ત રહેવામાં જ તેમની સલામતી સમજે છે.”

“જ્યારે ક્રોધ જેવા વિકાર અલ્પ પ્રમાણમાં હોય તો પણ તે પ્રકટ આકાર પામ્યા વિના રહેતા નથી. એક શતાંશ ક્રોધનો વિકાર આવિષ્કારની રીતે ખીલતો હોવાથી મનુષ્યને અપયશ અપાવે છે અને તેને દુર્ગુણી તરીકે તરત જ

જાહેર કરી દે છે. પણ તેથી જ તેને તે દોષવિકાર પર વિજય મેળવવાની–જીવન સુધારણાના સંકલ્પની સિદ્ધિની–દિશામાં પ્રગતિશીલ બનવાની વહેલી તક સાંપડે છે.”

ઉપરની ઘટના બરાબર સો વર્ષ પહેલાની છે. આદર્શ ગુરુ કેવી ગૂઢ રીતે શિષ્યનું કલ્યાણ કરતા હોય છે તેની એ દ્યોતક છે. ત્યાર પછીના ૩–૪ વર્ષ દરમ્યાન જીવરામભાઇને ક્રોધ નિરોધ કરવામાં સારા પ્રમાણમાં સફળતા મળતી રહી.

## ક્રોધની ભેટ મુકાવનારા ગુરુ વિરલ હોય છે.

‘યોગનીકુમારી’ના લેખક શ્રી વિશ્વવંદ્ય શ્રીનર્મદાશંકર મહેતા, શ્રી નગીનદાસ સંઘવી, શ્રી જેકિસનદાસ કણિયા જેવા સંખ્યાબંધ વિદ્વાનોનું જીવન ઘડતર કરનાર અવતારી પુરુષ શ્રી નૃસિંહાચાર્યજી (૧૮૫૬–૧૮૯૭)ને વીરમગામમાં એક સાધકને ત્યાં જવાનો અવસર આવ્યો. ત્યારે તેઓશ્રી જાતે જ અનુગ્રહ કરવાની ઇચ્છાથી જીવરામભાઇને ત્યાં પધાર્યા. ભાવ વિધિ વડે પૂજનાદિથી સત્કાર થયા પછી તેઓશ્રીના બોધામૃતનું સૌએ પાન કર્યું. વિદાય વેળાએ જીવરામભાઇએ સદ્‌ગુરુના ચરણ સમીપ સાષ્ટાંગ પ્રણામ સહ પાંચ રૂપિયા ભેટ નિવેદન કરી. આચાર્યશ્રી તો નિઃસ્પૃહી હતા પણ સાધકના દિલની ભાવનાની ભેટનો પ્રથમ સ્વીકાર કરી, થોડીક્ષણો પછી, જીવરામભાઇને તે રૂપિયા પાછા આપ્યા. તેમણે બહુ આનાકાની કરી, પણ આખરે સદ્‌ગુરુએ પ્રેમપૂર્વક પૈસા પરત લેવા ફરજ પાડી અને નેહ નીતરતાં નયને દૃષ્ટિપાત કરતાં કહ્યું,

“જીવરામભાઈ! તમે ખુશ હો તો આજે હું માગું તે મને આપશો ?”



“બાપજી! મારાં એવાં કયાં ભાગ્ય કે આપ મારાથી નિવેદિત થયેલી અલ્પ ભેટ પ્રસાદી તરીકે પાછી આપીને સ્વમુખે મનપસંદ વસ્તુની માગણી કરો !”

“ના એમ નહીં. પાંચ રૂપિયા તો તમે આપી ચૂકયા છતાં તમારી પાસે ‘રૂપિયા’ જેવી વસ્તુ તો રહેવાની જ. વસ્તુનો ત્યાગ નિરંતર હોવો જોઇએ. તમે મને એ ચીજ આપો–અને તે તમારી પાસે છે જ–કે જેનું તમે હંમેશને માટે સમર્પણ કરો. મને આપી દીધા પછી ફરી એ ચીજનાં કોઈ તમારી પાસે દર્શન કરી શકે નહીં.”

જીવરામભાઈ ગંભીર વિમાસણમાં પડી ગયા. પણ પોતાના સાધકોનું કલ્યાણ કરવા સિવાય અન્ય કોઈ પ્રયોજનથી તેમના ગુરુની પ્રવૃત્તિ હોવી ઘટતી નથી એવી એમનામાં અનન્ય શ્રદ્ધા હોવાથી તેમણે હસતે મુખે જણાવી દીધું.

“બાપજી! સારું ખોટું જે કાંઈ મારી પાસે છે તે આપનું જ આપેલું છે. આપ તેને માટે સદાને માટે સ્વેચ્છાથી લઇ શકો છો.” એમ કહી તેમણે પ્રેમાનંદથી અશ્રુપૂર્ણ આંખો વડે મસ્તક નમાવી જાણે શિવસ્વરૂપ સદ્‌ગુરુનાં ચરણ-માં અભિષેક કર્યો! આચાર્યશ્રીએ તેમના શિર પર હસ્ત મૂકી અનેરું વાત્સલ્ય રેલ્યું અને ગૌરવભરી છટાથી કહ્યું:-

## અપૂર્વ પધરામણી અને ભેટ

“જુઓ જીવરામભાઈ! તમારા કહેવા પ્રમાણે તમે જેનો ત્યાગ કરવા ઇચ્છતા હતા પણ કરી શકતા નહોતા એ તમારી ક્રોધની કમાણીનું હું સ્વેચ્છાથી સ્વાર્પણ માગું છું. કેમ આપશોને મારી ભેટ ?”

જીવરામભાઈ ક્ષણભર તો સજ્જડ થઇ ગયા. પણ સદ્‌ગુરુશ્રીની આંખોમાં પોતાનું પ્રતિબિંબ પેખતાં સાવધ બની ગદ્‌ગદ્ થઈ બોલ્યાઃ–

"ધન્ય બાપજી! આપશ્રી જેના પર અનુગ્રહ કરવા ધારો છો તેની પાસેથી કદી માગીને, કદી લૂંટ તો કદી અપહરણ કરીને લેવા યોગ્ય લઇ જ લો છો. પણ...પછી જેનો કદી બદલો વાળી ન શકાય એવા કૃપાવર્ષણનું અમૂલ્ય દાન કરો છો!"

આ પ્રસંગ પછી જીવરામભાઈ તેમના ક્રોધનિરોધના પ્રયત્નમાં સત્વરતાથી સફળ થઇ સ્વભાવવિજયને પામ્યા હતા.

ક્રોધની ભેટ મુકાવે એવા પરોપકારી નિર્લોભી નિઃસ્પૃહી ગૃહસ્થાશ્રમી સદ્‌ગુરુઓ વિરલ અને દુર્લભ હોય છે.

## ખાસ સૂચના

અધ્યાત્મ અંગે પત્રવ્યવહાર કરતા સર્વે ભાઇબહેનોને ખાસ સૂચના આપવામાં આવે છે કે તેઓ જ્યારે પરબીડીયું લખે ત્યારે તેના ઉપર નવા દરપ્રમાણે ટિકિટ લગાડવાનું ભૂલે નહિ. ઘણાં ભાઈબહેનો પાંચ કે દસ પૈસાની ટિકિટ ઓછી લગાડે છે, પરંતુ તંત્રીને તેવા દરેક કાગળ દીઠ રૂ. ૧/-નો દંડ આપવો પડે છે.

હવે પરબિડિયાના ૬૦ પૈસા થયા છે. તેમજ વધારાના દરેક ૧૦ ગ્રામના વજન માટે ૪૦ પૈસાની વધુ ટિકિટ લગાડવી જરૂરી છે.



# આપ્ત ઈશારા (૨)

સંકલન : મમતા પી. ભાટીયા

[ ડિસે. ૮૬ ના અંકના અનુસંધાનમાં ]

હે પથિક! તારે જવું હોય તો ઠંડા પહોરે ચાલી નાખ. પછી તડકો તપવા માંડશે. ગરમી વધી જશે. પગ બળવા માંડશે. હૈયામાંથી ગરમ ગરમ નિસાસા નીકળશે. વધારે સમય થશે. એટલે સૂરજ ઢળવા માંડશે. અવની પર અંધકારના ઓળા ઉતરી આવશે, તારો માર્ગ ખોવાઇ જશે. માટે તું તારા ગંતવ્ય સ્થાને અત્યારે જ ઉપડી જા, સમયસર પહોંચી જા.

તારું જીવન અત્યારે ઠંડા પહોરમાં છે. માબાપ અને ગુરુનો સહારો છે, જવાનીનું જોર છે, બુદ્ધિનું બળ છે, સંયોગો અનુકૂળ છે. અત્યારે જ આત્મજ્ઞાનની યાત્રા કરી લે, નહિ તો પાછળથી ખૂબ પસ્તાવું પડશે. નહિ પત્ની સાથ આવે, નહિ મા સાથ આવે કે નહિ બાપ, એ લોકો પોતે જ અજ્ઞાનમાં અથડાઈ રહ્યા છે, કુટાઇ રહ્યા છે, તને શું મદદ કરશે? બાળબચ્ચાં તને ક્યાંથી ઉગારશે?

મોહ–માયાથી જાગો. તમે કોની વાટ જુઓ છો? છોડી દો અંધ વ્યક્તિઓના વ્યવહારની આસક્તિને. બધી ચિંતાઓને મારો લાત. લોકેશ્વરને નહિ મેળવું તો લોકેશ્વર શું કહેશે એવો ખ્યાલ કરો. આત્મદેવને નહિ ઓળખું તો એને શું લાગશે એની ચિંતા કરો. મનુષ્યજન્મ પામીને પણ પશુઓની જેમ જીવીશ તો પ્રભુ શું કહેશે? ગુરુદેવનો જ્ઞાનોપદેશ નહિ પચાવું તો ગુરુદેવ શું કહેશે?

પોતાના વિવેકને સદાય જાગૃત રાખો. પ્રભુને પામવા માટે જેટલા વિવેક અને વૈરાગ્ય જોઇએ એટલા કેળવી લો. ચાલી નાખો જેટલું ચાલવાનું છે તેટલું. જેટલું ચાલી શકો એટલાથી કામ નહિ ચાલે. જેટલું ચાલવું જોઇએ એટલું ચાલી નાખો. ટિકિટ માટે તમારી પાસે જેટલા પૈસા હોય તેનાથી કામ ન ચાલે. ટિકિટ માટે જેટલા જોઇએ તેટલા પૈસા ભેગા કરવા પડે છે. નહિ તો આ ગાડી મોક્ષના દ્વારે પહોંચી જશે ને આપણે અહીં જ રહી જઇશું. સૂરજ આથમી જાય ને મુસાફરી બાકી ન રહી જાય. માટે પોતાના મનને સમજાવો કે અમુક ચીજ મળી ગઇ પછી શું ? અમુક વસ્તુ ખાઈ લીધી પછી શું ? અમુક જોઈ લીધું પછી શું ?

સમય બહુ કિંમતી છે. શ્વાસ એકવાર ચાલ્યો જાય તો પાછો વાળવો શક્ય નથી. માનવજન્મમાં તમને જેટલા શ્વાસ મળ્યા છે એમાંથી દરરોજ ૨૧૬૦૦ શ્વાસ નષ્ટ થઈ રહ્યા છે. કુલ સંખ્યા જ્યારે પૂરી થઇ જશે ત્યારે તમે એક શ્વાસ પણ વધારે નહિ લઈ શકો. આટલું કિંમતી છે એ જીવન. મોટા મોટા ખજાનાઓના માલિક ચાલ્યા ગયા. જેની ધાકથી પૃથ્વીના લોકો કંપતા હતા એવા લોકો પણ મરી ગયા, મરી ગયા એમની રાખ પણ હવે જોવા નથી મળતી તમે ક્યાં સુધી આ શરીરને સંભાળશો ? તમે ક્યાં સુધી આ મકાનો અને કબાટોને સાચવશો ? તમારો જન્મ મકાન અને કબાટ સાચવવા માટે નથી થયો. તમારો જન્મ આત્માને ઓળખવા માટે થયો છે. તમારો જન્મ જન્મમરણથી પાર થવા માટે થયો છે.

તમારા જીવનને પરમાત્માનાં ગીતોથી ભરી દેજો. તમે જોયું હશે કે બુલબુલ જ્યારે પરમ સ્વતંત્ર અને સ્વાભાવિક



અવસ્થામાં હોય છે ત્યારે તેના દ્વારા મધુર ગીત નીકળે છે. બુલબુલને પકડો અને તેને ફરજ પાડો કે 'ગા...ગા...', એને થપ્પડો મારો અને સમયપત્રક પ્રમાણે ગવડાવો તો એના ગીત નહિ ગૂંજે, કંઈક કૃત્રિમતા બહાર આવશે. પોપટને તમે ફરજ પાડો કે ૧૨ થી ૧ વાગ્યા સુધી બોલ તો એ શું બોલવાનો છે ? એ જ્યારે સ્વયંમાં પરિતૃપ્ત હોય ત્યારે બોલશે તો એ સંગીતમય હશે. એ જ પ્રમાણે તમે જ્યારે નિજસ્વરૂપમાં શાંત હો, સ્વભાવમાં સ્વસ્થ હો ત્યારે જે બોલશો તે પરમાત્માનાં ગીત બની જશે.

પહેલાના જમાનામાં લોકો ઋષિયોના આશ્રમોમાં જતા, ત્યાં રહેતા. હરતાં ફરતાં ક્યારેક ઋષિનાં બે વચનો મળી જતાં, પાંચ દસ મિનિટ કે બે ચાર કલાક સત્સંગ મળી જતો. ત્યારે એ વચનો ગુરુના જ માત્ર વચનો ન રહેતાં સાધકોનો અનુભવ બની જતાં હતાં. એ વચનોને આત્મસાત્ કરીને શિષ્ય શિષ્ય ન રહેતા, ગુરુ બની જતા. સાધક સાધક ન રહેતા સિદ્ધ બની જતા.

આ કાર્ય અઘરું નથી. જગત સત્ય લાગે છે, ઇન્દ્રિયોના ભોગ સાચા લાગે છે, લોલુપતામાં વહી જવાય છે તેથી કામ મુશ્કેલ લાગે છે. નહિ તો પરીક્ષિત રાજા સાત દિવસમાં મુક્ત થઈ શકે, ખટ્વાંગ રાજા એક મુહૂર્તમાં મુક્ત થઇ શકે, જનક રાજા ઘોડાના પેંગડામાં પગ નાખતાં મુક્ત થઈ શકે તો આપણે દસ દસ વર્ષ ધ્યાન ભજન કરીને, બ્રહ્મજ્ઞાનનો સત્સંગ સાંભળીને કેમ મુક્ત ન થઈ શકીએ ? આપણને શા માટે વાર લાગે છે ?

કાં તો આપણી અંદર અજ્ઞાન છે, લોભ છે, મોહ છે, મમતા છે. ઈશ્વર કરતાં જગતને વધારે મૂલ્ય આપી બેઠા

છીએ. કાં તો બલ્બ કંડમ છે અથવા પાવરહાઉસના જોડાણમાં ગડબડ છે, આપણી શ્રદ્ધામાં ગડબડ છે, આપણી સમજમાં ગડબડ છે. ગુરુદેવની મુલાકાત પછી અમારા જીવનમાં જો કોઈ પરિવર્તન ન દેખાતું હોય તો સમજી લેજો કે ક્યાંક ને ક્યાંક ભૂલ થાય છે. ફ્યૂઝ ઠીક કરો, બલ્બ બદલી નાખો.

આ જગત મોહમૂલક છે, માયામાત્ર છે, એટલું સમજાઈ જાય તો બસ. જાદુગરે ઊભા કરેલા માયાવી જગતનાં રમકડાં ભાંગી પડે તો જાદુગર રડતો નથી. સિનેમાના પડદા ઉપર જોવામાં આવેલાં દશ્યો માટે બહાર આવ્યા પછી કોઇ પ્રેક્ષક આસક્તિ રાખતો નથી, અને રાખે તો ગાંડો છે. આ આખું જગત પણ એવું જ છે. મરતાં પહેલાં સંસારની સ્મૃતિ ચિત્ત ઉપરથી ભૂંસી નાખજો.

વિચારમાં જે આવે છે તે વાસ્તવિક નથી. મોરબીમાં બધું જ હતું પરંતુ દસ મિનિટમાં બધું છૂ થઇ ગયું. ગેસનો પાઇપ ફૂટવાથી ભોપાલમાં જેમને ઝેરી હવાનો સ્પર્શ થયો તે બધાં છૂ થઈ ગયાં. એ જ પ્રમાણે મહાપ્રલયમાં આખું વિશ્વ છૂ થઇ જાય છે. આવાં કેટલાય વિશ્વ અનેકવાર ઉત્પન્ન થઇને છૂ થઈ ગયાં છે. એમાં છગનનિવાસ અને રામવાડીની શું વાત કરવી? હું પંજાબી, હું ગુજરાતી, હું મરાઠી, હું યુવાન, હું પહેલવાન, હું સુંદર અરે! આ બધું એક દિવસ સ્વપ્ન થઈ જશે. માટે સમયસર ચેતી જાઓ.

જે લોકો આયોજન કરે છે, સમયપત્રક બનાવે છે, કથા માટે, સત્સંગ માટે, એમના દ્વારા સત્ય પ્રગટ નથી થતું. સત્યને પ્રગટવા માટે કોઈ નિયમોની ગુલામી જરૂરી નથી. કથાઓને નિયમોમાં બાંધી શકાય છે, ઓફીસના કામને નિયમોમાં બાંધી શકાય છે પરંતુ સત્યને નિયમોમાં બાંધી



શકાતું નથી. સંતોની વાણીને નિયમોમાં બાંધી શકાતી નથી.

ભૂતકાળમાં જે થઇ ગયું તે થઇ ગયું, એ ભૂલી જાઓ. આત્માનો સહારો લો, વૈરાગ્યનો સહારો લો. ગુરુદેવે જે ઉપદેશ આપ્યો છે તેનો વિચાર કરો, મનન કરો. અંતરમાં નિજ સ્વરૂપને ઓળખી લો. વચગાળાની (યુવાનીની) ઉંમર અત્યંત કિંમતી છે. એ અવસ્થામાં જો માણસ ઈશ્વર તરફ ચાલી લે, ઈશ્વર પ્રાપ્તિ માટે પ્રયાસ કરી લે તો તે જલ્દી સફળ થઇ જાય, માટે સમયસર ચેતી પોતાનું કામ પતાવી લો, આત્મકલ્યાણ કરી લો.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

( પ. પૂ. શ્રી આશારામ બાપુના 'આપ્ત ઈશારા'માંથી ડીસે. ૮૬નો લેખ પણ આનોજ ભાગ છે. )

---

## શ્રી જ્યોતિર્મયી વિશ્રામગૃહને સહાય

અંબાજી ખાતેના વિશ્રામગૃહને વાંચકો તરફથી સહાય મળતી રહે છે. અમે તે સહુના આભારી છીએ.

રૂ.
૧૦૧ શ્રી હિંમતલાલ રણછોડલાલ શાહ, મલાડ.
૧૨૧ ,, રામજીભાઇ મેઘજીભાઈની સ્મૃતિમાં તેમના પુત્રો તરફથી.
૧૦૦૦ શ્રી નિર્મળાબેન ત્રિવેદી, મોરબી.
૬૦૦ ,, કેસરીરામ કપૂર, ન્યુ દિલ્હી.
૧૫૧ ,, જગદીશ રમેશભાઈ ઓઝા,
૧૫૧ ,, ધીરૂભાઇ ડાહ્યાભાઈ ભક્ત, સુરત.
૧૦૦૧ ,, મણિલાલ હરગોવિંદ ગાંધી ટ્રસ્ટ, અમદાવાદ.

## પૂ.શ્રીની પુણ્યતિથિની ઉજવણી મસૂરી ખાતે
## કાર્યક્રમની વિગત

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની તા. ૧૮/૩/૮૭ના રોજ આવતી ત્રીજી પુણ્યતિથિ આ વર્ષે ગાંધી નિવાસ સોસાયટીના આમંત્રણને માન આપીને મસૂરી ખાતે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આથી ત્યાંના કાર્યકર્તાઓએ પૂ. શ્રીના સાધકોને આ દિને મસૂરી પધારવાનું આમંત્રણ પાઠવ્યું છે.

સર્વે સાધકો સમૂહમાં સાથે જઈ શકે તે માટે શ્રી બાબુભાઇ વોરા અમદાવાદ તરફથી મસૂરી જવા માટેની એક માણસની વ્યવસ્થા પેટે અમદાવાદથી રેલ્વે ભાડુ તથા દિલ્હીથી હરદ્વાર સુધીના સિંગલ ખર્ચ પેટે રૂા. ૧૫૦/–તથા જવા આવવા પેટે રૂા. ૩૦૦ તા. ૩૧/૧/૮૭ સુધીમાં મોકલવાના હતા. તે સાધક ભાઈબહેનોએ મોકલાવ્યા હશે જ.

મસૂરી જવા માટેનો તેમજ ત્યાંનો કાર્યક્રમ આ પ્રમાણે છેઃ–

તા. ૧૪/૩/૮૭ અમદાવાદથી સર્વોદય એકસપ્રેસ બપોરે ૨–૦૦ વાગે.

તા. ૧૫-૩-૮૭ દિલ્હી–ત્યાંથી હરદ્વાર રાત સુધીમાં બસ દ્વારા.

તા. ૧૬-૩-૮૭ હરદ્વારથી ઋષિકેશ, દેવપ્રયાગ ઉપડવાનો સમય ૧૫મી એ રાતે જણાવવામાં આવશે.

તા. ૧૭-૩-૮૭ બપોર સુધીમાં હરદ્વાર પાછા અને મસૂરી પહોંચવાનું.



તા. ૧૭-૩-૮૭ સાંજે ૪ વાગે ગાંધી નિવાસ સોસાયટી પહોંચવું. રાત્રિનિવાસ મસૂરી.

તા. ૧૮-૩-૮૭ મસૂરી રોકાણ વિવિધ કાર્યક્રમોમાં હાજરી. ઉતારાનું સ્થળ નંદવીલા હોટેલ-કેમલ બેકરોડ, મસૂરી.

તા. ૧૯-૩-૮૭ બપોરે ૧૨-૦૦ સુધી મસૂરીના કાર્યક્રમમાં હાજરી. મસૂરીના કાર્યક્રમનું સ્થળ ગાંધી નિવાસ સોસાયટી, કુલડી બજાર, મસૂરી.

ખાસ સૂચનાઃ- કોઇપણ ભાઈબહેન આ કાર્યક્રમમાં સ્વતંત્ર રીતે સીધાં જોડાઈ શકે છે, હરદ્વાર આવીને પણ. તા. ૧૬મી એ દેવપ્રયાગ જવા માટે જે ભાઇ બહેનો જોડાવા માંગતાં હોય, તેમણે તા. ૧૫/૩ની રાત સુધીમાં હરદ્વાર પહોંચી જવાનું રહેશે. તેઓ ત્યાંથી દેવપ્રયાગ વગેરેના કાર્યક્રમોમાં જોડાઇ શકશે. તે માટે અગાઉથી ચોક્કસ લેખિત જાણ વ્યકિતઓનાં નામ તથા સંખ્યા શ્રી બાબુભાઇ વોરાને કરી દેવાની રહેશે, જેથી હરદ્વારથી બસોની વ્યવસ્થા સંખ્યા મુજબ કરી શકાય.

જે ભાઇબહેનો સીધાં મસૂરી આવવા માંગતાં હોય તેમણે ગાંધી નિવાસ સોસાયટી મસૂરી આગળ તા. ૧૭/૩/૮૭ના રોજ સાંજે ૪–૦૦ સુધીમાં આવી જવું. તેની જાણ શ્રી બાબુભાઇ વોરાને અગાઉથી કરવી જરૂરી છે.

માર્ચ માસમાં પણ મસૂરીમાં ઠંડી ઘણી હશે. એટલે પૂરતાં ગરમ કપડાં, મોજા વગેરે રાખવાં જરૂરી છે. તાવ શરદી ઝાડાની ગોળી સાથે રાખવી સારી.

પૂ. માશ્રી સર્વેશ્વરી તા. ૨૦/૩/૮૭એ ગુજરાત પાછાં ફરવાનાં છે. એટલે પૂ.મા પાછળથી રોકાશે એવી ગણત્રીમાં કોઇ ન રહે.

અમદાવાદથી સીધાં જોડાનાર ભાઈબહેનો સિવાય-સ્વતંત્ર રીતે સીધાં આવનાર ભાઇબહેનો પોતે કયાંથી કેટલી સંખ્યામાં જોડાવાનાં છે, તેની જાણ જેમ બને તેમ જલ્દી શ્રી બાબુભાઇ વોરા, ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯ ને કરવી જરૂરી છે.

મોડાં જાણ કરનાર ભાઈબહેનોનો બસમાં જગા હશે તો જ સમાવેશ કરવામાં આવશે.

### * અભિનંદન *

ભાવનગરના પરમ ગાયત્રી ઉપાસક અને સાધુચરિત શ્રી લાભુભાઇ વ્યાસ, રૂપાણી સર્કલ પાસે મેગ્નેટ થેરેપીનું સારવાર કેન્દ્ર છેલ્લાં ઘણાં વર્ષોથી સુંદર રીતે ચલાવે છે.

અંબાજી ખાતે વિશ્રામગૃહમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સૂચનાથી દર રવિવારે સાંજે બાળકોને પ્રસાદ વહેંચવામાં આવે છે. પ્રસાદ માટે આવતાં બાળકોમાંથી મોટાભાગનાં ગળગૂમડાં, ખસ, દરાજ કે પાકથી, તેમજ આંખના રોગથી પીડાતાં હોય છે. આ માટે શ્રી લાભુભાઇ વ્યાસે પોતા તરફથી પ્રાથમિક સારવાર માટે જરૂરી દવાઓનું એક બોકસ આપેલ છે, જેનો ઉપયોગ કરવાનું સેવાભાવી મેનેજર શ્રી બાલુભાઇ જામ્બુચાએ સ્વીકાર્યું છે. બન્નેને અભિનંદન.



( પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા )

# પ્રકાશના પંથે

સં-પરમાર્થી

## લાંબા ઉપવાસ ને વેદનાપૂર્ણ પ્રાર્થનાઓ

ગયા વખતની જેમ આ વખતે પણ લાંબો સમય ઋષિકેશમાં જ રહેવાનું થયું. એ અલૌકિક ભૂમિમાં ભરત મંદિરનું સ્થાન મને ઘણું અનુકૂળ લાગ્યું ને તેથી તે સ્થાનમાં ઈશ્વરની ઇચ્છા પ્રમાણે અમે આનંદપૂર્વક નિવાસ કર્યો.

શ્રાવણ મહિનામાં એકવાર જમ્યા છતાં સાધનાની સફળતા બાબત કોઈ સમાધાન મળ્યું ન હતું, એટલે માની કૃપા માટે નવરાત્રીના પવિત્ર દિવસોમાં કેવળ પાણી પીને વ્રત કરવાનો મેં નિર્ણય કર્યો. આજ સુધી એવાં વ્રતો કેટલાંય થઈ ચૂકેલાં. છેલ્લા છ વરસમાં એવા ઉપવાસ ઉપરાઉપરી થયા હતા. કોઈક વરસ લાંબા કે ટૂંકા ઉપવાસ વિના ખાલી ગયેલું. છતાં જે હેતુ માટે ઉપવાસ કે વ્રત થતાં હતાં તે જગદંબાની કૃપા હજી પરિપૂર્ણ થઈ ન હતી. માની મહાન કૃપાથી મારા દિલમાં શ્રદ્ધા, આશા તથા ઉત્સાહની જ્યોતિ નિરંતર જલતી રહી છે, ને તેના પુણ્યમય પ્રકાશથી પ્રેરિત થઇને નવરાત્રીના પવિત્ર દિવસોમાં મેં પાણી પર રહીને ફરી ઉપવાસ શરૂ કર્યા. પહેલાંના બીજા ઉપવાસોની જેમ એ ઉપવાસ પણ માની કે ઈશ્વરની પ્રેરણાના ફળરૂપે જ શરૂ થયા. તેની ઉડતી નોંધ અહીં રજૂ કરું છું જેથી તે દરમિયાન જે ભાવના હતી તેનો પરિચય મળે. "હે પતિતપાવની ગંગા ! હે યોગીવર હિમાલય ! પરમાત્માનાં પ્રતીક જેવા હે ભરતજી ભગવાન ! તમારા સૌના સાન્નિધ્યમાં માની કૃપા માટે એકવાર ફરી વ્રત કરતો બેઠો છું. તમારા સાન્નિધ્યમાં રહીને કેટલાય સંતો ને તપસ્વીઓ

પૂર્ણતા ને પરમાનંદનું ભાથું ભરી ગયા હશે. હું પણ એની જ ઇચ્છા કરું છું. માની પૂર્ણ કૃપામાં સ્નાન કરાવીને મને પણ પાવન ને કૃતાર્થ કરો. મારા મનોરથને પૂરો કરો.... તમારા મંગલ મિલન માટે જે ઝંખે છે તેના પર આ જ પ્રમાણે વેદનાનો વરસાદ વરસાવ્યા કરશો તો તમારું કૃપાસાગરનું બિરદ કેવી રીતે સાચું થઇ શકશે? તમે પ્રેમસિંધુ છો એ કેમ સિદ્ધ થશે?...હૃદયમાં તમે કોણ જાણે એવું શું જાદુ કર્યું છે કે તમારી પરિપૂર્ણ કૃપા વિના તેને ચેન પડતું નથી, ને ચેન નહિ પડે. આંખોમાં પણ તમે કોણ જાણે એવું અંજન આંજી દીધું છે, કે તમારા સુમધુર દૈવી દર્શન વિના તેને આરામ નથી ને આરામ નહિ મળે. તમારા સુધામય સ્પર્શ ને સંગીતમય શબ્દો વિના રોમેરોમ ને શ્રવણને સુખ નથી ને સુખ નહિ મળે. મારા દિલમાં ઉઠેલા દરદની દવા તમારી પાસે જ છે, કહો કે તમે જ છો.....છતાં તમારી તરસ જગાવીને ને તમારી શ્રદ્ધાથી સંપન્ન બનીને જે જીવે છે, ને તમારે માટે નમ્ર બનીને બને તેટલો પુરુષાર્થ પણ કરે છે, તેને તમારી કૃપાનો અધિકારી ગણી, તમારી પરિપૂર્ણ કૃપાથી તમે કૃતાર્થ કરી દો છો એ વાત પણ સાચી છે, ને તમારા જ પ્રેમમાં મસ્ત થયેલા ને તમારી જ કૃપાસુધા સારું તરસ્યા બનેલા મહાપુરુષોએ અનુભવે કહેલી છે. એટલે જ હું તમને પૂછું કે તમારા પ્રેમી પુરુષોએ ઉચ્ચારેલી એ વાણી શું સાચી નથી? શું તે વાણીને સાર્થક કરીને તમારા પ્રેમી પુરુષોનું માન રાખવાની તમારી ઇચ્છા નથી?.. તમારી કૃપાથી જો મને વંચિત રાખશો તો માનવજાતિની શ્રદ્ધા તમારામાં ક્યાંથી થશે? ને જર્જર જેવી બની ગયેલી આધ્યાત્મિક પ્રકાશની પ્રભા ને તમારી પ્રેમભક્તિ જડતા તરફ આગળને આગળ વધી રહેલા જગતમાં ક્યાંથી



ફેલાશે?...હું પ્રાર્થના કર્યા કરીશ, તલસ્યા કરીશ, ને ભૂખ્યું બાળક માને માટે અધીરું બનીને આક્રંદ કર્યા કરે છે, તેમ તમારે માટે અંતરના અંતરતમમાં આક્રંદ કર્યા કરીશ. મારો તો આ સ્વાભાવિક ગુણધર્મ થયો. પણ તમારો ગુણધર્મ પણ કાંઈ છે કે નહિ? જગતની જનની તરીકે તમારાં પ્રેમી કે અપ્રેમી, સાધારણ કે અસાધારણ ને મેલાં કે ઉજળાં બાળકોની સંભાળ લેવાની તમારી પણ કાંઇ ફરજ છે કે નહિ?... મેં પણ મારી જાતને તમારા પ્રેમના નાજુક છતાં પ્રબળમાં પ્રબળ તાંતણે બાંધી દીધી છે, તમારું શરણ લીધું છે, ને મારી જીવન મિલ્કત તમને સોંપી દીધી છે, છતાં શું કારણ છે કે હજી તમે મારી સામે પ્રકટ થઇને તેની સંભાળ લેતાં નથી?....જ્યાંસુધી મારા જીવનનો બગીચો પૂરેપૂરો ના ખીલે, મારી જીવનવીણામાંથી તમારી પરિપૂર્ણ કૃપાનો સૂર ના ઉઠે, ને રસ, કસ, સમૃદ્ધિ માટે તલસી રહેલું અંતર પૂરેપૂરો સંતોષ ના માણે, ને મારો પૂરેપૂરો ઉછેર ના થાય ત્યાંસુધી એકની એક વાત મારે તમને કહ્યા જ કરવી પડશે, ને ગમે કે ના ગમે તો પણ તમારે તે સાંભળવી જ પડશે... સમજુ માણસોએ સ્ત્રીના હૃદયને કુસુમ જેવું કોમળ ને પ્રેમમય તથા વહેલામાં વહેલી તકે પીગળી જાય તેવું કહ્યું છે. પણ મારી આટ આટલી લાંબી ને આકરી પીડા છતાં તમારું હૃદય હજી લેશ પણ પીગળતું નથી, ને પ્રેમ, કરુણા ને કૃપાનો અસ્ખલિત પ્રવાહ બનીને મારા તરફ વહેતું નથી. તેને મારે કરુણ, પ્રેમાળ, ને સ્હેજે પીગળે તેવું કેવી રીતે માનવું? શાસ્ત્રકારો ને સંતોએ પણ આ યુગમાં તમારી આ સહજ થઇ જનારી કૃપાનો મહિમા સારી પેઠે ને સુંદર શબ્દોમાં ગાઇ બતાવ્યો છે. પણ તમારી કૃપા એટલી સહજ ક્યાં છે? વિપત્તિ, વિરહ ને વેદનાની ભઠ્ઠીમાં દિવસ રાત જલતા

રહીને પ્રેમીએ તમારે માટે ખાખ જેવા થઇ જવું પડે છે.... રોજ આની આ પ્રાર્થના કરતાં તમારી કૃપાને માટે ઝંખતાં બેસી રહેવું પડે છે તે શું સારું લાગે છે? મારું મોઢું તો જુઓ, કેટલું સુકાઇ ગયું છે? આંખો ઉંડે ઉતરી ગઈ છે, ને શરીરનાં હાડકાં ઉપર ઉપસી આવ્યાં છે. આ દશામાં તમે મને ક્યાં લગી તલસાવવા માંગો છો?...વેદનાની આ કહાણી મારે તમને હજી કેટલા દિવસ કહ્યા કરવી પડશે તે તમે જ જાણો છો. છતાં મારી સ્થિતિ તો સ્પષ્ટ છે. જ્યાં સુધી તમારા અમૃતમય સ્વરૂપનું દર્શન નહિ મળે ત્યાં સુધી મને સંતોષ નહિ જ થાય ને શાંતિ પણ નહિ મળે. મારા જીવનનું ધ્રુવપદ તમે જ છો....બધી જ દશામાં ને બધાં જ સ્થળોમાં તમારા મંગળ મિલનના એકમાત્ર આદર્શ તરફ મારી બધી જ વૃત્તિ એકાગ્ર બનીને બેસી રહે છે ને તમારી પૂજાના ફળનું કામ કર્યા કરે છે. શરીર તમારી ઇચ્છા પ્રમાણે ઠેકઠેકાણે ફરે છે ને રહે છે પણ મન ને પ્રાણ તમારી જ પાસે રહેવાના ને તમારી સાથે એક થવાના કોડ સેવ્યા કરે છે. આ દશા કેટલો વખત ચાલશે? તમારી કૃપા થાય તો નિમિત્ત માત્રમાં તેનો અંત આવી જાય. બાકી તેનો તો કોઈ ઉપાય નથી....તમારી કૃપાનો ભંડાર સદાયે ભરપૂર રહે છે. તો શું તે મારે માટે ખાલી થઇ ગયો એમ સમજવું? તમારો પ્રેમ ભક્તો પર નિરંતર વરસ્યા કરે છે, તે મારે માટે સુકાઇ ગયો એમ સમજવું?...તો પછી મારી સંભાળ લેતાં કેમ નથી? મારા તપેલા તરસભર્યા અંતરને પ્રેમ ને કૃપાના અમૃતનો અભિષેક કરીને કેમ શાંતિ આપતા નથી?... કૃપાનાં કોટિ કોટિ કિરણોને લઇને તમે મારા જીવનના આશાભર્યા આકાશમાં સત્વર પ્રગટી ઊઠો, ને તનને તાજગી, મનને મધુરતા ને મહિમા તથા પ્રાણને પરિબળ અર્પણ



કરીને મારી સાથે એકાકાર બનો...ગઇ કાલે મેં એક દૃશ્ય જોયું જે ઘણું અનેરું હતું. પૃથ્વી ને અનંત આકાશની વચ્ચે છેક અવકાશમાં એક નીસરણી હતી ને તેના પર ગૌર રંગની એક માતા ધીમે પગલે છતાં ગૌરવભેર ચઢી રહી હતી. માતાની પીઠ પાછળ એક બાળક હતું. તેની આંખમાં અનંત શાંતિ હતી ને નૂર હતું. માતાએ તેના હાથ પકડ્યા હતા ને તેણે માતાની કમરની આસપાસ પોતાના પગ ફેલાવી દીધેલા. માતા નીસરણી પર ચઢયે જતી પણ નીસરણી નીચે ખીણ જેવું ઊંડાણ હતું. બંનેમાંથી કોઇએ તેમાં પડે તો સહિસલામત રહી શકે તેમ ન હતું. એ ગહન દૃશ્યને જોઇને મને ખાત્રી થઇ કે સંસારની વિકટ યાત્રામાં તમારા બાળકો સદા સલામત છે. અનંતની યાત્રામાં માણસને માટે પળે પળે પડવાની શક્યતા રહેલી છે. પણ જે તમને જ વળગી પડ્યાં છે ને જેનો હાથ તમે પકડી લીધો છે તે સદાને માટે સલામત છે. તમે જેમની માતા બન્યાં છો ને જે તમારાં બાળક છે તેમને કોઇયે કારણથી ડરવાનું કારણ ક્યાં છે?...આજે દેવદિવાળી છે. દેવો કે માનવો—બધાની દિવાળી એક તમારી સાથે અનુસંધાન સાધવામાં જ છે. તમે જેને પ્રેમ ને કૃપાનો અધિકારી કરી દેશો તેને માટે સદા દિવાળી જ થઇ જશે. બાકી તમારી કૃપાથી જે રહિત છે ને રહિત રહેવા માંગે છે તેના જીવનમાં હંમેશની હોળી છે. શરદઋતુના આ દિવસોમાં તમે પ્રેમની મૂર્તિ શ્રીકૃષ્ણના રૂપમાં લીલા કરી હતી ને ગોપીઓની સાથે આજની રાતે રસનો રાસ શરૂ કર્યો હતો. મારા સાથે પણ એવોજ રાસ રમીને આજ સુધી પાવન કરેલા મારા જીવનને વધારે પાવન, ધન્ય ને કૃપામય કરો."

ઉપવાસ દરમિયાન માતાજીને પોતાને માટે રસોઇ બનાવી

લેવી પડતી. એ તેમને માટે પણ કાંઈ ઓછી તપસ્યા ન હતી. છતાં કેટલાંક વરસથી આ બાબતમાં તે ટેવાઈ ગયેલાં એટલે ખાસ ચિંતા ન હતી. રસોઈ બનાવવાનું કામ તે ખૂબ પ્રેમથી કરી લેતાં. તેમની ધીરજ, સમજ ને શ્રદ્ધા અજબ હોવાથી તે આનંદમાં જ રહેતાં, મારું કામ જલ્દી સફળ થાય એવી પ્રાર્થના પણ કર્યાં કરતાં, ને બધી રીતે મદદરૂપ થતાં. છેલ્લા પાંચ છ વરસથી મારે જે કઠોર સાધના કરવી પડેલી તેનાં તે સાક્ષી રહ્યાં છે. એટલે મારા માર્ગને તે સમજતાં ને બધી રીતે અનુકૂળ બનતાં. એ બાબત તેમની જેટલી પણ પ્રશંસા કરીએ તે ઓછી છે. તેમનું હૃદય ખરે જ મહાન ને પવિત્ર હતું.

રામકૃષ્ણદેવે કહ્યું હતું કે એક રૂપમાં મા કાલીરૂપે વિરાજમાન છે ને બીજા રૂપમાં તેણે જ જનની બનીને મને પયપાન કરાવ્યું છે. મારી દૃષ્ટિ પણ માતાજી પ્રત્યે એવી જ છે. તેમને હું જગદમ્બાનું એક સ્વરૂપ સમજું છું.

જો કે વરસોથી મારા દિલમાંથી માતા-પિતા કે સ્નેહી સંબંધીના સંસ્કારો ભૂંસાઈ ગયા છે. મારો ક્યાંક જન્મ થયો ને મારે માતા પિતા હતા એમ મને ખરેખર નથી લાગતું. મન ને તનના પરમાણુ જાણે બદલાઈ ગયા છે. જગત સારું ય ઘર લાગે છે. છતાં વીતી ગયેલા પૂર્વસંસ્કારને યાદ કરવામાં પણ કાંઈ બાધ નથી લાગતો. માતાજી મારી સાથે ઋણાનુબંધે રહ્યાં હતાં ને તેથી મને આનંદ પણ હતો. ઈશ્વર જે વખતે જે વ્યવસ્થા કરે છે તે સારી જ હોય છે. જીવનનાં છેલ્લા વરસોમાં તેમને શાંતિ મળે ને છેવટે ઈશ્વરની કૃપાનો અનુભવ કરીને તે જીવનની ધન્યતા પણ અનુભવે એવી મારી તે વખતે ઇચ્છા હતી. (ક્રમશઃ)



( પૃષ્ટ ૧૬ નું અનુસંધાન )

અમે એમને હવે પાણી પી લેવા કહ્યું. એમણે થોડું પાણી પીધું પણ ખરૂં.

આ સમય દરમ્યાન પૂ. માની ટેકસી તો આગળ નીકળી ગયેલી. પરંતુ કોણ જાણે ફરી પાછી પૂ. માએ પોતાની ટેકસી અમારી બસની પાછળ લેવડાવી. એથી અમને થોડું આશ્ચર્ય થયું. ટેકસીના કેરિયર પરનાં બેગ અને બીસ્તરાને લીધે પૂ. માની ટેકસી ઓળખવાનું અમારે માટે બસમાં બેઠાં બેઠાં પણ સરળ થઇ ગયું હતું.

મારાં પત્ની તથા અમારી પાસે બેઠેલા શ્રી સુખલાલભાઇએ અમને આ વાત કરી, ત્યારે અમારૂં ધ્યાન એ તરફ ન હતું. ત્યાં વળી શ્રી સુખલાલભાઈ બોલ્યા. " પૂ. માએ તમને ટેકસીમાં સાથે લેવા માટે જ કદાચ આમ કર્યું હશે, એમ માનું છું.'

અમને એમની એ કલ્પના ગમી તો ખરી, પણ અશક્ય લાગી. અમે એટલું વિચારી શકયા કે આગલા બસના સ્ટોપ ઉપર પૂ. મા ગાડી ઉભી રાખી બધાંને દર્શન આપી આગળ જશે.

રૂડકીના બસ સ્ટેન્ડે અમારી બસ ઉભી રહી કે બધાં જ નીચે ઉતરી પૂ. માને પગે લાગ્યાં. તો સહુને પૂ. માએ ચીકુનો પ્રસાદ આપ્યો. પૂ. માના આવા અતિ પ્રેમભાવપૂર્ણ વરતાવે અમારી આંખમાં આંસુ લાવી દીધાં-પરંતુ આ મિલનની પરાકાષ્ટા તો ત્યારે અનુભવી, જ્યારે પૂ. માએ અમારાં પૂજ્ય સ્વર્ગવાસી બાની જેમ અમને ગાડીમાં પગે લાગતાંજ વાંસે હાથ ફેરવી કહ્યું " ભાઈ આવી ગયો ! "

અમને થયું હે પ્રભુ ! આ તારી કેવી કૃપા ? અમારી

જનેતાની પણ અમને જીવનમાં ઊણપ ન વરતાય, એની કાળજી પણ અમારાં પૂ. મા પાસે તું રખાવે છે ?"

અમને પછી ખબર પડી કે દિલ્હી સ્ટેશને પૂ. માએ અમારી તપાસ કરાવેલી અને અમારી મુલાકાત ન થતાં, એમને ઘણી ચિન્તા પણ આખા રસ્તે થતી હતી. પરંતુ પ્રભુએ અદ્‌ભુત મેળાપ માર્ગમાંજ કરાવી આપી. અમારી બધાંની ચિન્તા અજબ રીતે ટાળી દીધી.

હરદ્વારમાં આર્યનિવાસનો ઉતારો પૂ. માને ગમે છે.

ઉતારામાંથી મા ગંગાનું દર્શન એટલુંજ નહિ પણ એના પુનિત પ્રવાહ મજ્જન અને એનું પૂજન બધું અહીં શકય. પચ્ચીસ ત્રીસ પગથિયાં ઉતરો એટલે સીધા ગંગાના ઘાટ ઉપર. ત્યાં સ્નાન કરો, કપડાં ધુઓ કે બધું કરતાં કરતાં ભગવાન સૂર્યનારાયણનાં પાવનકારી ઠંડી વિદારક ઉષ્ણકિરણોનો આલ્હાદ માણો, અહીં બધુજ શકય છે. વળી ભોજન ખંડના બહારના ભાગની ચાર-ચાર ખુરસીની બેઠકોમાં બેસીને ભોજન કરતાં કરતાં, મા ગંગાના પ્રવાહનું દર્શન કરતા રહો. કેટલો બધો લાભ ! સવારથી ઊઠો તે ગમે ત્યારે પૂ.મા ગંગાનાં તટવર્તી નિવાસમાંથી એનું સતત દર્શન.

પ. પૂ. માહાત્મા શ્રી યોગેશ્વરજી સાથે અમે ૧૯૮૨ના જૂનમાં ઋષિકેશ હતા; ત્યારે રોજ સાંજે ત્રિવેણીઘાટે ગંગા સ્નાન માટે અમે બધા સાધક ભાઇબહેનો એમની સાથે જતાં. બધા સ્નાન કરી લે પછી પૂ.શ્રી પોતે સ્નાન કરવા જતા. તે વખતે કદીક તેઓ અમને તેમની સાથે લઇ જતા. એ વખતે પૂ.શ્રી સ્નાન કરીને જે પંચીયું કે રૂમાલ આપે તે ફરી ગંગાના પ્રવાહમાં ઝબોળી ધોવાની સેવા મળતી. એકવાર અમે આ પ્રમાણે રૂમાલ ઝબોળી રહ્યા હતા, અને પૂ.શ્રી



પાસે કિનારા ઉપર ઊભીને ધોતિયું પહેરી રહ્યા હતા. અચાનક એમણે અમારી પાસે આવી કહ્યું, 'નારણભાઇ, આ પ્રવાહ તો જુઓ. કેવો અદ્‌ભુત છે. માણસ અહીં આવી બીજુ કોઇ સાધના ના કરે, પરંતુ અહીં કાંઠે બેસી કેવળ આ પુનિત પ્રવાહને જોયાજ કરે, તોપણ એના બધાજ માનસિક સંકલ્પ વિકલ્પો શમી જાય. આ અમે અમારા જાત અનુભવ પરથી કહીએ છીએ.'

પૂ.શ્રીની આ વાત અમને હરદ્વારની ગંગાને જોતાં પણ યાદ આવતી. અમેય ઘણી વાર એના કાંઠે બેસી એના પ્રવાહને જોયાં કરતાં, અમે અનુભવતા કે પ્રવાહની એ શીતલતા અને પવિત્રતા-છેક મનના અંતસ્તલ સુધી પહોંચીને શાંતિ આપતી. આ હકીકતનું આલેખન શબ્દોદ્વારા કેમ થાય ? એ તો કેવળ શ્રદ્ધાળુ ભાવિક વ્યક્તિઓના અનુભવનો વિષય છે.

તે રાતે બધાં સાધકભાઇબહેનોનો ઉતારો ગોઠવાઈ ગયો કે પૂ.માએ સૌને તેઓના ખંડમાં આમંત્ર્યા. ઠંડી સારી જેવી હતી. તેમાં પવનના હળવા સુસવાટા, ને ગંગાના શીતળ પ્રવાહનું સાન્નિધ્ય. પછી એની ઉત્કટતા વધે એમાં નવાઇ શી !

પૂ.મા પાસે અમે બેઠા હતા, ત્યારે બાજુપર રાખેલા પંગલ ઉપરની પૂ.શ્રીની પ્રતિકૃતિને પૂ.મા પ્રણામ કરવા ઊઠ્યાં અને એક અદ્‌ભુત દિવ્ય દર્શન પૂ.માને થયું. એમણે અમને કહ્યું. "અમારી ચારે પાસ પ્રકાશ-પ્રકાશ એકદમ પથરાઇ ગયો જાણે પૂ.શ્રી કહેતા હોય કે "આટલી ઠંડીમાં અને કેવળ પાણી ઉપરના ૧૦૬ ઉપવાસો હોવા છતાં આટલે આવવાની હિમ્મત કરી એ ધન્યવાદને પાત્ર છે."

એની સાથે સાથે પગના અંગૂઠાથી માંડી છેક મસ્તક સુધી વીજળીનો હળવો પ્રવાહ જાણે પસાર થઈ ઝીણી ઝીણી

ઝણ ઝણાટી આખા શરીરમાં પ્રસરાવી રહ્યો હોય એમ લાગ્યું. આ પ્રવાહના થોડા થોડા સમયાંતરે લાગતા ઝાટકાથી જાણે આખું શરીર અદ્ધર ઉંચકાઈ જતું હોય એમ લાગતું. આ અનુભૂતિ ત્રણેક કલાક કરતાં વધુ સમય રહી, એટલે તો ગંગાના ઘાટ ઉપર અમને સમતોલપણું જાળવવામાં મુશ્કેલી પડેલી. ઘડીભર લાગેલું કે આ શરીર પ્રવાહમાં પડી તો નહિ જાય ને ?"

પૂ.માએ ઉમેર્યું, કે "પૂ.શ્રી કહેતા કે બેટરી ચાર્જ થતી હોય તેમ આખા શરીરમાં જાણે કોઈ દિવ્ય વિદ્યુત પ્રવાહ ફરી રહ્યો છે. અને અમારા આખા શરીરને ઉંચકવા પ્રયાસ કરી રહ્યો છે, એવું અમે અનુભવીએ છીએ. પૂ.શ્રીની પોતાની એ અનુભૂતિ જેવી અનુભૂતિ અમનેય કરાવોને એવી વિનંતી અગાઉ એમને કરેલી. તેના જવાબમાં તેઓએ કહેલું કે "સમય આવ્યે એ પણ થશે." જાણે આજે એ સમય આવી ગયો. અમારે માટે આ અનુભૂતિ તદ્દન નવી હતી. એથી અમને ભારે આનંદ થયો. ગંગાકિનારે આવવાનું જાણે કે સફળ થઈ ગયું."

પૂ. ગુરુદેવની દિવ્યશક્તિને વંદન કરી, એઓ જ્યાં બેઠા કે તુરતજ મસૂરી વાળા શ્રી રતનલાલજી અન દહેરાદૂનના શ્રી લલિતા પ્રસાદજી એમના પરિવાર સાથે આવ્યા. પૂ.માએ પ્રાસંગિક વાતચીત પછી આગામી ૧૮ મી માર્ચનો કાર્યક્રમ શ્રી મસૂરીના સત્સંગી ભાઈબહેનોના આમંત્રણ પ્રમાણે રાખવાનું ઠરાવ્યાની જાણ કરી. તેની વ્યવસ્થા અને કાર્યક્રમ વિષે થોડી વાતચીત થઈ.

બીજા દિવસના રામાયણ પારાયણના કાર્યક્રમની ચર્ચા તેમજ પ્રાર્થના કરીને, પૂ.માએ સહુ સાધક ભાઈબહેનોને



નીચે ઘાટ ઉપર સ્નાન નહિ તો પાદપ્રક્ષાલન માટે આવવા કહ્યું.

પૂ.મા પણ આવ્યાં. તેઓએ ગંગાજળ સાથે પોતાના વાત્સલ્ય ભાવનું સંમિશ્રણ કરી બધા ભક્તો ઉપર છંટકાવ કર્યો, એથી સહુ આનંદ ભિભોર બની ગયા. તેઓએ વડોદરાથી નીકળ્યા પછી હંમેશના નિયમ મુજબ પાણી પણ પીધું ન હતું. ગંગાદર્શન થતાં પૂ.મા હવે પાણી પી શકે એમ હતાં, પણ એમણે આજનો દિવસ પણ નિર્જળા કાઢ્યો. પૂ.મા કેવી રીતે ઊભાં થાય છે ને આટલાં બધાં પગથિયાં કેવી રીતે ચઢી શકે છે, તે કંઈ અમે સમજી શકતા નથી.

ઘાટ ઉપર પણ પૂ.મા પોતાના શરીરને સમતોલ રાખી શક્તાં નથી. તે માટે પ્રયત્નશીલ ને સભાન લાગે છે. એની ખબર તો પછી પડી કે જે વિદ્યુત પ્રવાહ એમના અંગમાં અનુભવાઈ રહ્યો હતો, એનુ એ પરિણામ હતું.

રાતે પૂ.મા સહુને ગરમ ભોજન જમી લેવા સૂચના આપે છે ને બધા જમે છે.

પૂ.મા પ્રભુ ને ગંગા મૈયાની જય પોકારી સહુ પોતપોતાના ઉતારામાં સૂવા જાય છે. (અપૂર્ણ)

તીવ્ર પ્રારબ્ધ ભોગવ્યાવિના છૂટકો નથી માટે વ્યાધિ આદિ દુઃખોથી મન ક્ષોભ પામવા માંડે તે વેળા આત્મામાં સુખદુઃખનો સ્પર્શ નથી એ વાતનું સુદૃઢ સ્મરણરાખી વૃત્તિને પુનઃ પુનઃ શ્રીઇષ્ટમાં જોડવા યત્ન કરવો એ ચિત્ત શાંતિની પ્રાપ્તિ ને દુઃખનિવૃત્તિનો ઉપાય છે.

[ શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપરનું પૂ શ્રીનું પ્રવચન ]

# શ્રી કૃષ્ણ જગદ્‌ગુરુ શા માટે ?

—યોગેશ્વરજી

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં મહાત્મયમાં, મહાત્મય સાથે ભગવાનની પ્રશસ્તિ કરતાં ભગવાન શ્રી કૃષ્ણને જગદ્‌ગુરુ કહ્યા. "કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્" કોઇ કોઈવાર પ્રશ્ન થાય કે ભગવાન શ્રી કૃષ્ણને જગદ્‌ગુરુ કેમ કહેવામાં આવ્યા ? તેમણે પોતાના જીવનની અંદર એવાં કયાં કાર્યો કર્યાં, જે દ્વારા તેમને મહર્ષિ વ્યાસ જેવા મહાપુરુષે જગદ્‌ગુરુ તરીકે નવાજ્યા. મહર્ષિ વ્યાસ તો ભગવાન શ્રી કૃષ્ણના સમકાલીન મહાનુભાવોમાના એક હતા. મહર્ષિ વ્યાસની ગણના પણ તે સમય સંસારમાં શાસ્ત્રકારોએ કરેલી છે. એવા મહર્ષિ વ્યાસે ભગવાન શ્રી કૃષ્ણની પ્રશસ્તિ માટે અને એવા ભગવાન શ્રી કૃષ્ણને જગદ્‌ગુરુ તરીકે વર્ણવ્યા. ભગવાન શ્રી કૃષ્ણમાં એવું તો સવિશેષ એમને શું દેખાયું હશે કે જેથી જગદ્‌ગુરુ તરીકે એમણે ભગવાન શ્રી કૃષ્ણની પ્રશંસા કરી ? આપણે ત્યાં તો એને ગુરુ કહેવાય છે કે જે અવિદ્યારૂપી અંધકારનો નાશ કરીને પ્રજ્ઞાના પવિત્ર પ્રકાશથી પ્રાણને પરિપ્લાવિત બનાવી પોતાના અંતઃકરણની અંદર પણ જે અવિદ્યારૂપી અંધકાર હોય તે અંધકારનો અંત લાવે; અને પોતાની અંદર પ્રકાશ સ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર સાધીને સનાતની શાંતિને અનુભવે. હવે જેના જીવનની અંદર કોઈ પ્રકારની અલ્પતા નથી, કોઇ પ્રકારનાં બંધનો નથી, દોષ નથી, પ્રાકૃતિક આકર્ષણો અથવા તો સંમોહનો પણ નથી, એવી એક વ્યક્તિ વિશે અપૂર્ણતામાથી પૂર્ણતા તરફ આગળ વધનાર અને વધી



ચુકેલ અવિદ્યારૂપી અંધકાર પાર કરીને આત્મવિદ્યાના અલૌકિક અજવાળાની અંદર પ્રાતષ્ટ થયેલી એવી એક મહાવિભૂતિને આપણે સદ્‌ગુરુ કહીએ છીએ. જેને સંતની સાથે, પરમાત્માની સાથે પોતાના જીવનનો સંબંધ સ્થાપ્યો હોય, પરમાત્માનું અનુસંધાન સાધ્યું હોય, જે શાંતિની અંદર પરમાત્માની અંદર પ્રતિષ્ઠિત થઇ હોય, અને પછી તે ભવિષ્યની પેઢીઓને પ્રતિષ્ઠિત થવાને માટે મંગલ માર્ગદર્શન પૂરૂ પાડતી હોય, જેમની ઈચ્છા હોય અપૂર્ણતામાંથી પૂર્ણતામાં પ્રવેશવાની, અશાંતિમાંથી શાંતિના ક્ષીર સાગરમાં સ્નાન કરવાની અથવા તો બંધનમાંથી મુક્ત થવાની, છૂટવાની એવા એવા જીવો હોય એ જિજ્ઞાસુઓ, ને પોતાનાં બંધનથી છૂટીને પ્રજ્ઞાના પ્રાણવાન પ્રદેશમાં જે પ્રવેશ કરી શકે એને પણ ગુરુ કહેવામાં આવે છે. સદ્‌ગુરુ–સત્ય તરફ જે લઇ જાય, સત્યનો સાક્ષાત્કાર કરવામાં જે સહાયભૂત બને એ પણ સદ્‌ગુરુ છે. પોતે જે પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો હોય તે બીજાને પણ પરમ સત્યનો સાક્ષાત્કાર કરવાને માટેનું પથ પ્રદર્શન પૂરૂ પાડે અને પથ પ્રદર્શન પૂરૂ પાડે તેમ નહીં, પરંતુ વચ્ચે વચ્ચે આવતા અંતરાયોમાંથી પણ આગળ વધવાને માટે પ્રેરણા આપે, એવા મહાપુરુષને પણ સદ્‌ગુરુ કહેવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણ જગદ્‌ગુરુ એ સંદર્ભમાં હતા ને છે. તે પોતે જીવનની સંપૂર્ણતામાં પ્રતિષ્ઠા પામ્યા હતા, બંધન મુક્ત હતા, અજ્ઞાન રૂપી અંધકારનો અંત એમના જીવનમાં દેખાતો હતો. મુકતાવસ્થા એમના જીવનમાં ડગલે ને પગલે જોવા મળતી હતી. પ્રકૃતિના ગુણધર્મોનાં જેટલાં પણ આકર્ષણો અને સંમોહનો સામાન્ય મનુષ્યોને આસક્ત કરી નાખે, તે બધાંજ આકર્ષણો અને સંમોહનોમાંથી ભગવાન શ્રી કૃષ્ણ પર અથવા તો મુકત હતા, પૂર્ણ હતા, પૂર્ણ જ્ઞાની

હતા. પૂર્ણ સ્વાનુભવ સંપન્ન સત્પુરુષ હતા. બીજાને પણ તે માર્ગે દોરી શકવા તે સંપન્ન હતા. એટલા માટે ભગવાન શ્રી કૃષ્ણ સદ્ગુરુ કહેવાયા. પરંતુ એમણે એવું કર્યું કર્મ કર્યું કે જે કર્મ દ્વારા જગદ્ગુરુ તરીકે મહર્ષિ વ્યાસે તેમની પ્રશસ્તિ કરી ? ભગવાન શ્રી કૃષ્ણે પોતાના જીવનમાં અનેક પ્રકારનાં સત્કર્મોનું અનુષ્ઠાન કર્યું અને તે સત્કર્મોના અનુષ્ઠાનનું સુસ્મરણ કરીને આજે પણ માનવ માત્ર પોતાના જીવનને સવિશેષ શક્તિશાળી બનાવવાને માટેની પ્રેરણા પ્રાપ્ત કરી શકે તેમ છે. ભગવાન શ્રી કૃષ્ણની નિષ્કામતા, નિર્મોહતા, પવિત્રતા, ગુરુજનો પ્રત્યેનો પૂજ્ય ભાવ, મિત્રો પ્રત્યેનો નિષ્કપટ વ્યવહાર, ભગવાન શ્રી કૃષ્ણચંદ્રની ત્રિવિધ એષણાઓ સંસારની, શરીરની એષણા, સંપત્તિની એષણા એની સાથે સાથે યશની કામના, આ સર્વ પ્રકારની કામનાઓ, એષણાઓ અથવા વાસનાઓમાંથી ભગવાન શ્રી કૃષ્ણનું જીવન સર્વથા મુક્ત હતું. એ રીતે બીજાઓનાં જીવનને પ્રેરણા પ્રદાન કરી શકે, કર્તવ્યનિષ્ઠા શિખવી શકે, નિષ્કામ કર્મયોગનો સંદેશ પ્રદાન કરી શકે. પરંતુ તે ઉપરાંત ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે એવું એક વિરાટ કર્મ કર્યું કે જે કર્મ દ્વારા તેમને જગદ્ગુરુ કહેવામાં કોઈપણ પ્રકારની અતિશયોક્તિ થતી નથી, એવું તટસ્થ રીતે વિચારતાં લાગે. કોઈ કોઈ ધન્ય પળો સંસારના ઈતિહાસમાં આવે છે, કોઇ કોઈ ધન્ય ક્ષણો એવી આવે છે કે જ્યારે કોઇ કૃતિનું સર્જન થઈ જાય છે અને તે કૃતિનું સર્જન શકવર્તી થયું. ઘણા વર્ષો સુધી, યુગો સુધી, દેશ અને કાળની સીમાઓને ભેદીને એ કૃતિનો સંદેશો માનવ જાતને પ્રેરણા પ્રદાન કરે જેને આપણે અમર કૃતિ કહી શકીએ નિયત કાળની સીમાઓથી અતીત કૃતિનું નામ આપીએ તેવી કૃતિ, કોઈ કોઈ ક્ષણે થઇ જાય. નાની કૃતિ હોય, મોટી કૃતિ હોય, કોઈ



એવો ઉપદેશ હોય, કોઈ એવો ગ્રંથ હોય, સાહિત્યનો, શિલ્પ હોય, કોઈનું ચિત્ર હોય, કોઇનું ગીત હોય કે જે માનવને યુગો સુધી પ્રેરણા આપે. પૂર્વના માનવોને પણ આપે, પશ્ચિમના માનવીને પણ આપે, ઉતર-દક્ષિણના માનવને પણ આપે. માનવ માત્ર માટે પ્રેરણા પ્રદાન કરે. પરદેશની સંસ્કૃતિની યાત્રાએ જ્યારે જ્યારે અમારે જવાનું થાય છે અને એમાં પણ ખાસ કરીને જ્યારે ભારતમાં રહેનારાં જે કુટુંબો પશ્ચિમમાં ગયેલાં છે અને ત્યાં રહે છે, તેમના સંપર્કમાં આવવાનું થાય અને તેમની દ્વારા સંસ્કૃતિક ધાર્મિક મંડળો, મંદિરો વિગેરે ત્યાં ચાલે છે, ત્યાં જવાનું થાય છે. ત્યારે અમને ઘણું આશ્ચર્ય થાય છે. આશ્ચર્ય એ વાતનું થાય છે કે લગભગ બધાંજ મંદિરોમાં અને સત્સંગ મંડળોમાં જે આરતી ગાવામાં આવે છે તે આરતી સામાન્ય હોય છે.

"જય જગદીશ હરે, સ્વામી જય જગદીશ હરે,
ભકતજનોકે સંકટ, આત્મ જનોકે સંકટ-ક્ષણુમેં દૂર કરે,
ઓમ..."

પ્રસિદ્ધ સુપ્રસિદ્ધ આરતીનું પદ છે. ભારતમાં કોણ જાણે કયારે કોણે લખ્યું, પરંતુ એવી ધન્ય પળે લખાયું, એવી સરળ ભાષામાં, સચોટ ભાષામાં, એવી રચના થઇ કે ભારતની સીમાઓને ઉલ્લંઘીને, અતિક્રમીને પશ્ચિમની સીમાઓમાં તે ગીત પ્રવેશ્યું અને આજે પણ તે ગીત ગાઇને માનવો આનંદની પ્રાપ્તિ કરે, શાંતિની પ્રાપ્તિ કરે, પ્રેરણાની પણ પ્રાપ્તિ પોતપોતાની રીતે કરે છે. ઉત્તમ પ્રકારના સાહિત્યના સર્જનોનું આવું હોય છે. પછી તે ગીત હોય કે કોઈ મહાન ગ્રંથ હોય, સેકસપીયરનું, મિલ્ટનનું, પેરેડાઇઝ લોસ્ટ હોય, શેલીની કવિતા હોય કે પછી ટાગોરનું કોઈ કાવ્ય હોય, ગીતાંજિલ જેવો કોઈ કાવ્ય સંગ્રહ હોય

અથવા વાય. બી. એસ.નાં કોઇ કાવ્યો હોય, જુદા જુદા સાહિત્ય સર્જનના, ટોલ્સ ટ્રોય જેવા મહાપુરુષોની, મેકસીમ ગોર્કી જેવા રશિયન લેખકોનાં લખાણો જુદી જુદી ભાષાઓમાં અનુવાદિત થતાં જાય અને જુદા જુદા દેશોમાં રહેનારા પ્રજાજનોને પ્રેરક ઠરે. આવું બને છે એ વખતે આપણે એવું નથી વિચારતા કે આ રશિયન લેખકે લખ્યું છે. આ ભારતીય લેખકે લખ્યું છે. આવું જ જ્યારે જ્યારે અમે સત્સંગની યાત્રાએ જઇએ ત્યારે પરદેશમાં પણ થાય છે. કોઇ ભારતીય જો હોય તો તે આવે. પરંતુ ત્યાંના પ્રજાજનો પણ લાભ લે. તે વખતે તેમને એવું નથી લાગતું કે આપણે અમેરિકન છીએ, આપણે અંગ્રેજ છીએ, કે ભારતીય મહાત્મા આવે, પ્રવચન કરે તો તેમના પ્રવચનમાં શા માટે જઇએ ? ભેદ ભુલાઇ જાય છે. વર્ણના, ભેદ ભુલાઇ જાય છે. રંગના, ભેદ ભુલાઇ જાય છે. દેશ વિદેશના, માનવ માનવ તરીકે જીવતો અને માનવની પાસે જતો થઇ જાય છે. આવી રીતે એકતાની અનુભૂતિ સાહિત્યની પાસે પહોંચે છે ત્યારે માન કરે છે. પ્રેરક વાણીની પાસે પહોંચે ત્યારે કરે. શિલ્પ, સંગીત, કૃતિની પાસે પહોંચે ત્યારે પણ કરે. કળા આવી રીતે સીમાયુક્ત નહીં પણ બીજાને આનંદ બક્ષે છે. કળા પણ આ રીતે આનંદ આપતી હોય છે–આત્માનો આનંદ. એવી જ રીતે આપણાં ઉપનિષદને જુઓ. આપણા ઉપનિષદના વાગ્મયને પણ–આ વિશાળ વાગ્મય વિશે પશ્ચિમના પંડિતોએ જેવા વિચારો પ્રદર્શીત કર્યા છે તેવા વિચારો આપણા દેશના પંડિતોએ તો વ્યક્ત કર્યા છે. પરંતુ એ વિચારો તો આપણને આશ્ચર્ય ચકિત કરે છે. પંડિતો પશ્ચિમની અંદર આટલા બધા અભ્યાસપૂર્ણ હોય છે એમ આપણને લાગે છે. પશ્ચિમના પંડિત મેકસમૂલર લખે છે કે મેં ભારત વર્ષના નહીં,



પરંતુ દુનિયાના બધાજ ધર્મોના મહત્ત્વના ગ્રંથોને વિચાર્યા છે. અને તે પછી હું માનું છું અને લખું છું કે ભારત વર્ષની અંદર ઋષિઓએ અતીત કાળમાં જે પ્રકારે ઉત્તમ પ્રકારના વિચારો અને ભાવો ઉપનિષદના સાહિત્યમાં સમાવિષ્ટ કર્યા છે, તે પ્રકારનું સાહિત્ય માનવના આત્માને અનુપ્રાણિત કરનારૂં, શાંતિ બક્ષનારૂં અને આગળ વધવા માટેની મંગળ પ્રેરણા પ્રદાન કરનારૂં, દુનિયાના બીજા કોઈપણ ધર્મ ગ્રંથમાં મને જોવા મળ્યું નથી. પંડિત મેકસમૂલર લખે છે, જર્મનીના પંડિત લખે છે અને તેવા તેવા પંડિતોએ ઉપનિષદોનાં અધ્યયનો કરીને તે તે દેશના પ્રજાજનોને ઉપયોગી થવા માટે, તે તે દેશના પ્રજાજનો માટેની ભાષામાં ઉપનિષદોના અને બીજા ભારતીય સદ્‌ગ્રંથોના અનુવાદો કર્યા. કોઇપણ જાતની બાઉન્ડ્રી ત્યાં કામ કરતી નથી. સીમાઓ કામ કરતી નથી. ગીતા વિશે પણ ઘણું લખાયું છે. આપણે ત્યાં ઘણું બધું લખાયું. પ્રાચીન કાળથી માંડીને અદ્યતન કાળ પર્યંત, અને તે હજી લખાતું જ જાય છે. આદ્ય શંકરાચાર્યે વેદાંતના સિદ્ધાંતના આધાર પર જ્ઞાનનું પ્રતિપાદન કરીને ગીતાના ભાષ્યની રચના કરી. તે પછીથી આગળ ચાલીએ. સંત શિરોમણિ જ્ઞાનેશ્વર મહારાજે ૧૫ વર્ષની નાની ઉંમરે શ્રીમદ્ ભગવદ્‌ગીતા પર પોતાના વિચારોની સહાય લઈ ભાષ્ય તૈયાર કરી જે આજે જ્ઞાનેશ્વરી ગીતાને નામે વખણાય છે અને મોટા મોટા વિદ્વાનો અથવા ગીતાના રસીકો એટલાજ આનંદપૂર્વક તેનો લાભ ઉઠાવે છે, જેટલા આનંદપૂર્વક પહેલાંના વિદ્વાનો પણ તેનો લાભ ઉઠાવતા હતા. અને એની સાથેસાથે શ્રીધરસ્વામી, મધુસૂદન સરસ્વતી એવા એવા પ્રકાંડ પંડિતોએ ગીતા પર પોતાના વિચારોની રજુઆત કરી અને આગળ ચાલ્યા પછીથી

આપણા યુગની અંદર આપણે જોઇએ છીએ તો સર્વપલ્લી રાધાકૃષ્ણન, મહર્ષિ અરવિંદ અને પછીથી જેમને પ્રતિભાશાળી વ્યક્તિવિશેષ તરીકે આપણે ઓળખી શકીએ તેવા મહાત્મા ગાંધીજી, લોકમાન્ય તિલક એમણે પણ ગીતા ઉપર પોતાના વિચારોનું પ્રતિપાદન કર્યું છે, અને એમાં પણ મહાત્મા ગાંધીજી, લોકમાન્ય તિલક અને વિનોબા ભાવે આવા જે વર્તમાનકાળમાં ચિંતકો, ઋષિઓ હતા તેમણે કહ્યું કે ગીતાના અંદર નિષ્કામ કર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અનાસક્તિ યોગનો સંદેશો આપવામાં આવ્યો છે. તેવું મહાત્મા ગાંધીજીએ વિશેષ કરીને માન્યું અને પોતાના ગીતાના નાનકડા પુસ્તકનું નામજ મહાત્મા ગાંધીજીએ 'અનાસક્તિ યોગ' આપ્યું. તે પછીથી લોકમાન્ય તિલકે પોતે ગીતા પર પોતાના વિચારોને રજુ કરીને, (જેલના કારાવાસના સમયનો સદુપયોગ કર્યો) કહ્યું કે–ગીતા તો કર્મ કરવા તરફ માનવને મુખ્યત્વે પ્રેરે છે. એટલે માનવે કર્મને તિલાંજલિ આપવી જોઇએ નહીં. કોઇકે કહ્યું કે યોગ તરફ પ્રેરે છે, કોઇએ કહ્યું જ્ઞાન તરફ પ્રેરે છે. કોઇએ કહ્યું ભક્તિ તરફ પ્રેરે છે. કોઈ કહે છે કર્મ તરફ પ્રેરે છે. આપણે બધાંને પૂછીએ કે ગીતા શાના તરફ પ્રેરતી નથી ? કોઈપણ એવો વિષય છે–ભક્તિનો, જ્ઞાનનો, યોગનો, કર્મનો, ઇશ્વરનો, જીવનો, પરમાત્માનો, જગતનો, માયાનો, કે જેના ઉપર ગીતાએ પોતાના વિષયોમાં પ્રતિપાદન ના કર્યું હોય. તો ગીતા તો સર્વને માટે આવશ્યક સામગ્રી પીરસનારો એક મહાગ્રંથ છે. એને જ્ઞાની પોતાની જ્ઞાન દૃષ્ટિથી જુએ. તેને એમ લાગે કે ગીતામાં આત્મજ્ઞાનજ મુખ્યત્વે છે. ભક્ત જો પોતાની દૃષ્ટિથી જુએ તો એને વળી એમજ લાગે કે ગીતામાં તો ભક્તિ ધ્રુવપદ તરીકે છે અને મોટા યોગીઓ જો આત્મ



સંયમ યોગનો અભ્યાસ કરે તો એમને એમ લાગે કે "તસ્માત્ યોગી ભવાર્જુન" એટલા માટે અર્જુન, તું યોગી જ થજે. યોગ સૌથી શ્રેષ્ઠ છે. એમ માનું છું. કર્મ યોગનો જયારે ગીતામાં સમન્વય લઈએ ત્યારે એમને એમ લાગે કે ગીતાની અંદર કર્મ કરવા માટેનો જ સંદેશો પૂરો પાડવામાં આવેલો છે. તો ગીતામાં જ્ઞાન પણ છે, ગીતામાં કર્મ પણ છે, ગીતામાં ભક્તિ પણ છે, ગીતામાં યોગ પણ છે, ગીતામાં બધુંજ છે. શું નથી તેજ સવાલ છે. અને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં એમ કહેવામાં આવ્યું કે માનવે જ્ઞાનથી પણ સંપૂર્ણ બનવું જોઇએ. માનવે કર્મ પણ કરવાં જોઇએ. માનવે કર્મ પણ કરવા જોઇએ પરંતુ જ્ઞાનયુક્ત થઇને કરવાં જોઇએ. માનવે આગળ ચાલીને યોગી પણ થઈ જવું જોઈએ. પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે યોગની સાધના પણ કરવી જોઇએ અને માનવનું હૃદય પ્રેમથી, સંવેદનશીલતાથી, લાગણીથી, ઉર્મિથી સંપન્ન હોવું જોઇએ. ભગવાનની ભક્તિને પણ જીવનની અંદર મહત્ત્વની માનવી જોઈએ. તો ભક્તિનો પણ સમાવેશ જીવનની અંદર છે. ગીતા એક એવા પરિપૂર્ણ માનવ વિશેષનું ચિત્ર રજુ કરે છે જે માનવ વિશેષ મસ્તિસ્કથી, આત્મ જ્ઞાનથી અલંકૃત છે. જે માનવવિશેષ પાસે હૃદય છે તે પ્રેમલક્ષણા ભક્તિથી સંપન્ન છે, જે માનવવિશેષ પાસે મન અને ઇન્દ્રિયો ઉપર અધિકાર છે અને મન ઇન્દ્રિયોનો અધિકાર પ્રાપ્ત કર્યા પછી તે માનવ વિશેષ પોતાના પ્રાણ પર અધિકાર પામીને મન ઇન્દ્રિયો તથા પ્રાણને શક્તિ પ્રદાન કરે છે, તે વડે પરમાત્માની પાસે પહોંચવા તે યોગ દ્વારા પ્રયત્ન કરે છે; અને તે માનવ વિશેષ પોતાના શરીર દ્વારા આજુબાજુના જગતમાં ભગવાનનું દર્શન કરવાની ટેવ પાડીને બીજાને ઉપયોગી થવાને માટે કટીબદ્ધ બને છે. આવી રીતે એક સર્વતોમુખી,

સંપૂર્ણ, પરિપૂર્ણ માનવ વિશેષનું ચિત્ર ગીતાએ ઉપસ્થિત કર્યું છે. એકાંગી ચિત્ર ઉપસ્થિત નથી કર્યું. સંપૂર્ણ ચિત્ર પ્રસ્તુત કર્યું છે અને ચારે પ્રકારના જે માર્ગો છે તેનું મહત્વ બતાવ્યું છે ને કહ્યું કે કોઈપણ માર્ગનું અવલંબન લેવામાં આવે તો ચારેનો લાભ મળી જાય. પરમાત્માનો સાક્ષાત્કાર થઈ શકે.

ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ, કેચિદાત્માનમાત્મના ।
અન્યે સાંખ્યેન યોગેન, કર્મયોગેન ચાપરે ॥

ભગવાને કહ્યું કે કેટલાક તો જ્ઞાનયોગ દ્વારા પ્રભુને પામવા માટે આગળ વધે, કેટલાક ભક્તિયોગનો આધાર લઈને આગળ ચાલે, કેટલાક આત્મ સંયમ યોગનો આધાર અથવા ધ્યાન યોગનો આધાર લઈને પરમાત્માનો સાક્ષાત્કાર સાધે અને કેટલાક એવા પણ સાધકો છે "કર્મ યોગેન ચાપરે" કર્મયોગનો આધાર લઈને પોતાના જીવનની વિશુદ્ધિ સાધતાં સાધતાં બીજાને ઉપયોગી થવાની પ્રવૃત્તિ કરતાં કરતાં સકલ જગતની અંદર પરમાત્માનો અનુભવ કરીને, સર્વ પ્રકારની અશાંતિમાંથી મુક્ત બની એની સાથે સાથે બીજાને ઉપયોગી થવા સહયોગ પ્રદાન કરે. આ પ્રકારે શ્રીમદ્ ભગવદ્ગીતાની અંદર એમ કહેવામાં આવ્યું. વર્ષો વીતી ગયા અને આજે પણ શ્રીમદ્ ભગવદ્ગીતા માનવ જાતિને પ્રેરણા પ્રદાન કરે છે. આજે પણ શ્રીમદ્ ભગવદ્ગીતાને લીધે દુનિયાના બીજા દેશોના આધ્યાત્મ પ્રેમી માનવો ભારત તરફ વળે છે. એટલેજ ભગવાન શ્રી કૃષ્ણ જગદ્ગુરુ છે.

## * મુમુક્ષુને *

હે મુમુક્ષુ!

એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ; અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઈચ્છાથી તું નિવર્ત (પાછો વળીજા) અને એક નિજ સ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે.

નિર્વાણમાર્ગ અગમ અગોચર છે, એમાં સંશય નથી. પોતાની શક્તિએ, સદ્ગુરુના આશ્રય વિના, તે માર્ગ શોધવો અશક્ય છે; પણ શ્રી સદ્ગુરુચરણના આશ્રયે કરી બોધબીજની પ્રાપ્તિ થઇ હોય એવા પુરુષે પણ સદ્ગુરુના સમાગમનું આરાધન નિત્ય કર્તવ્ય છે, તેવા સમાગમ અને આશ્રય વિના નિરાલંબ બોધ સ્થિર રહેવો વિકટ છે.

—શ્રીમદ્ રાજચંદ્ર


સૌ ધર્મનો એકજ સાર -
શાંતિ, સુમેળ, એખલાસ!
કોમી એકતા એ જ માનવધર્મ!

## * રત્નકણિકા *

નીતિ, ધર્મ, માનવતા ને સેવાનાં મૂલ્યોને વળગી રહેનાર અને એમનાં મંગલમય મંત્રોને જીવનમાં વણી લેનારને એમની મદદ મળે છે. જે બીજાને સુખશાંતિ આપે છે કે આપવાનો પ્રયાસ કરે છે, તેને પોતાને સુખ ને શાંતિથી વંચિત રહેવું નથી પડતું. બીજાને આશ્રય, હૂંફ, છાયા આપનારને પોતાને તેની પ્રાપ્તિ થાય છે. જે બીજાને જમાડે છે તે ભૂખે નથી મરતો. ભોજન પામે છે.

—યોગેશ્વર

અહિંસાના સિદ્ધાંતના સ્વીકારની વ્યવહારુ શરૂઆત શાકાહારથી થઈ શકે.

બધા ધર્મોના પાયામાં-અસ્તિત્વમાં રહેલી મૂળભૂત એકતાનું પ્રતિપાદન થતું જોવા મળે છે. આ પાયાની એકતાનું વિસ્મરણ ન થાય ત્યાં સુધી સંપ્રદાયો અને પેટા સંપ્રદાયો વચ્ચે ઝઘડા થઈ શકે જ નહીં. જ્યાં આવા ઝઘડા હોય ત્યાં ધર્મ નહીં, ધર્મનું શબ હોય છે. વારંવાર આપણે આપણી જાતને પૂછતા રહેવું જોઈએ. આપણે ધર્મયાત્રામાં છીએ કે શબની સ્મશાનયાત્રામાં ?

—ગુણવંત શાહ

## * મરણથી ડરવાનું કારણ નથી *

ખરેખર મનની લીલા અદ્‌ભુત છે. તેનામાં પ્રાપ્ત પદાર્થ ને પરિસ્થિતિને અનુકૂળ થઈ જવાની ને તેમાં ડૂબી જવાની સહજ શક્તિ છે. વધારે ભાગે તે માણસના લાભમાં જ છે. તેથી માણસ જૂનાનો મોહ મૂકીને નવાને અનુકૂળ થતો જાય છે ને જીવનમાં નવી આશા ને નવા સુખની પ્રાપ્તિ થાય છે. પરિણામે જીવન જીવવા જેવું બને છે.

પરંતુ એનો અર્થ એવો નથી કે માણસ જૂનાને તદ્દન ભૂલી જાય તે સારું છે. જૂનાના સારભાગ ને જીવનના પ્રેરક બળને તે યાદ રાખે તે જરૂરી છે. જૂના તરફ કૃતજ્ઞતા ને વફાદારીની ભાવનાથી જોવાનું ચાલુ રહે તે તેને માટે લાભકારક છે. બાકી પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન થવાની કલા તેણે શીખવી જોઈએ.

ડાહ્યા માણસો મરણથી પણ ના ડરવાનું ને મરણ સામે પણ સ્મિત કરવાનું એટલા જ માટે કહે છે. કે મરણ દેખીતી રીતે અશુભ અને અનિષ્ટકારક લાગે છે છતાં તેની પાછળ નવી સૃષ્ટિ ઊભેલી છે અને એમાં પ્રવેશવા માટે જન્મરૂપી પાસપોર્ટ આપવામાં તે સહાયક થઈ પડે છે.

—યોગેશ્વરજી

## આત્માનો અનુભવ અસંભવ ક્યાં સુધી ?

શાસ્ત્રજ્ઞાનનો સાર આખરે શો છે? એ જ કે માણસે હૃદયને નિર્મળ કરવું એટલે કે સદ્‌ગુણી ને સદાચારી બનવું ને આત્મદર્શી થવું. બધાંજ શાસ્ત્રો છેવટે તો માણસને પરમાત્માને ઓળખવાનો કે પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચવાનો આદેશ આપે છે. સઘળાં શાસ્ત્રો ને સંતવચનોનો સાર તે જ છે. તે સાર જેણે સમજી લીધો કે ગાંઠે બાંધ્યો તે શાસ્ત્રો વાંચે કે ન વાંચે તેથી કોઇ વિશેષ લાભ કે હાનિની સંભાવના નથી. શેરડીનો રસ લીધા પછી પીલેલા સાંઠાને સાચવવાની ખાસ જરૂર નથી તે પ્રમાણે શાસ્ત્રોનો સાર મેળવ્યા પછી શાસ્ત્રોને વળગી રહેવાની જરૂર છે જ એમ નથી. સારને મેળવ્યા પછી તે પ્રમાણે જીવન બનાવવાની જ જરૂર છે. શાંતિ તેથી જ મળે છે ને શાસ્ત્રજ્ઞાનની સફળતા પણ ત્યારે જ થાય છે.

જ્યાં સુધી જીવનમાં દુરાચાર, અનીતિ અને અધર્મનું સામ્રાજ્ય ફેલાયેલું છે ત્યાં સુધી માણસને સત્યજ્ઞાન કે પરમાત્માની પ્રાપ્તિ થઇ શકતી નથી. જેનું મન અતિશય ચંચળ છે ને જેને પોતાની ઇંદ્રિયો તથા પોતાના મન પર કાબૂ નથી તેને પણ પરમાત્માનું દર્શન થતું નથી.

જ્યાં સુધી ધ્યાન જેવી સાધના કે તપવ્રતમાં માણસને રુચિ નથી, નિયમિત ને એકધારી સાધનાની પ્રીતિ નથી, ધ્યેયની સમજ ને નિષ્ઠા નથી, ત્યાં સુધી આત્માનો અનુભવ અસંભવ છે. પરમાત્માના સાક્ષાત્કાર માટે માણસે મનની શુદ્ધિ, નિષ્ઠા, દૃઢતા, સદાચાર ને સત્કર્મ તથા ઉત્તમ વિચાર શક્તિ કે વિવેકથી સંપન્ન બનવું જોઇએ.

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨